કુમાર


અંક ૪૯૫મો





ઉપર: 'ગંગા'; ડાબી બાજુ: 'નતશ્રી'. પરંપરાગત તેમજ આધુનિક બંને પરિપાટીમાં કૌશલ ધરાવનાર શિલ્પી કાન્તિલાલ પટેલની બે કૃતિ. પરિચય: અંદર કલાવાર્તામાં

આવતી કાલનાં નાગરિકોનું
જ્ઞાન કલાસંસ્કારનું માસિક
વર્ષ ૪૨ અંક ૩ માર્ચ ૧૯૬૫
સંસ્થાપક રવિશંકર રાવળ
તંત્રી બચુભાઈ રાવત



ઈડરનો કિલ્લો (વિહંગ દૃશ્ય): ચિત્રકાર શાન્તિ શાહ

(ગુજરાત સરકારના સૌજન્યથી)



૪૯૩મા અંકમાં શ્રી પ્રાણશંકર દવે 'મેમણ' શબ્દ 'મોમિન' પરથી ઊતરી આવ્યા અંગે લખે છે કે "...'ન' નો 'ણ' તે ભાષા વિપર્યય-માં થતો નથી. પણ 'પાલનપુર'ને ઘણા 'પાલણપુર' પણ કહે છે, એટલે 'ન' નો 'ણ' બોલનારાએ કર્યો છે, ભાષાથી થયો નથી."

મૂળ અરબી શબ્દ 'મોમિન' પરથી અપભ્રંશ થઇને 'મેમણ' થઈ ગયાની સર્વસામાન્ય દંતકથા બહુ ચવાઈ ચૂકી છે, પરન્તુ અરબી ભાષાના વ્યાકરણ અને કોષની રૂએ તેમજ ઐતિહાસિક દૃષ્ટિએ વાત સાચી ઠરતી નથી. અરબી શબ્દશાસ્ત્રના મૂળભૂત નિયમ મુજબ ગમે તેવું વિકૃત રૂપ આપીએ તોપણ 'મોમિન' પરથી 'મયમન', કે 'મયમન' પરથી 'મોમિન' થઈ શકે જ નહિ. એ બંને શબ્દની વ્યુત્પત્તિના મૂળ ધાતુ જ અલગ અલગ છે. વળી, અરબી ભાષાના સમૃદ્ધ શબ્દકોશમાં ક્યાંય 'મયમન' જેવો કોઈ શબ્દ જ નથી.

સિન્ધીમાં 'મેમણ' શબ્દની જોડણી 'ણ'-કારાન્ત થાય છે અને ગુજરાતીમાં પણ; અર્થાત્ સિન્ધી અને ગુજરાતી બન્ને લિપિઓમાં, કોઈ પણ પ્રકારના મતભેદ સિવાય, સર્વાનુમતે મેમણ શબ્દનો છેલ્લો અક્ષર 'ણ' જ લખાય છે, 'ન' નહિ; ને એ જ આ વાતનો સબળમાં સબળ અને ઇન્કારી ન શકાય એવો પુરાવો છે કે આ શબ્દ અરબીનો નથી જ. મેમણ લોકો મૂળ સિન્ધમાંથી હિજરત કરીને કચ્છ–કાઠિયાવાડ તરફ ગયા હોવાની સ્થાપિત માન્યતા છે, એટલે 'મેમણ' શબ્દની જોડણી આ સ્થાનિક પ્રદેશોની લિપિઓ અને બોલીઓમાં જે રીતે પ્રચલિત અને રૂઢ થએલી હશે એ જ પ્રમાણભૂત ને આધારરૂપ લેખાશે.

તો પછી આ 'મેમણ' શબ્દ કઈ ભાષાનો છે અને એની વ્યુત્પત્તિ મૂળ શું છે? શ્રી હરિવલ્લભ ભાયાણીનું એ પ્રત્યે લક્ષ નિમંત્રું છું.

(કરાચી) —યુસુફ માંડવિયા

૪૯૦મા અંકના એક પાનાને ખૂણે છપાએલું લીટી-અરધી લીટીનું લખાણ પણ ડૉ. નાયક જેવા અભ્યાસી અને ગણિત વિષે લખવા માટે અધિકારીને 'અવિભાજ્ય સંખ્યાઓ' પર લેખ લખવા પ્રેરે એ 'કુમાર' માટે ગૌરવની અને ગણિતરસિયાઓ માટે આનંદની વાત છે; ઉપરાંત, નજીવી જણાતી ગણિતની બાબત પણ કેટલી રસિક, પ્રેરક અને વજનદાર હોય છે તેની સાબિતી પણ છે.

૪૯૩મા અંકમાં શ્રી રજનીકાન્ત મોદીએ 'સાયંટિફિક અમેરિકન'માંથી ઉતારી આપેલી 'ચાર ચોગડાની (મઝેદાર) રમત'માં એક છાપભૂલ છે તે આમ સુધારી લેવાની છે:

$$\frac{૪ + ૪ - .૪}{.૪} = ૧૯.$$

આ માત્ર 'ચાર ચોગડા'ની જ રમત નથી રહેતી. પોતામાં અવ્યક્તરીતે ૨ને સમાવતું વર્ગમૂળનું ચિહ્ન, ૧૦ને સમાવતું દશાંશ ચિહ્ન કે એવી જ અન્ય સંજ્ઞાઓ આવી રમતમાં વાપરવી જ પડે છે. ૨૦થી આગળના અંકો માટે પણ આ રમતને યથાશક્ય આગળ લંબાવવા મથતાં પણ મનોરંજન અને બૌદ્ધિક-વ્યાયામ મળે; જેમ કે $\frac{૪ + ૪ + .૪}{.૪} = ૨૧$, $\frac{૪૪ \times \sqrt{૪}}{૪} = ૨૨$, $\frac{૪}{.૪ \times .૪} - \sqrt{૪} = ૨૩$ વગેરે. ચાર ચોગડાની ગોઠવણીમાંથી મળતી સૌથી નાની સંખ્યા દેખીતી રીતે જ ૦ છે, પરંતુ સૌથી મોટી સંખ્યા $૪^{૪^{૪}}$ (ચારના ચાર ઘાતના ચાર ઘાતનો ચાર ઘાત)=૪૪૨૯૪૯૬૭૨૯૬ મળે છે.

'ચાર ચોગડા'ની બીજી રીતની ગોઠવણીઓથી પણ ૧ થી ૨૦ સુધીના અંકો મેળવ્યા છે, પણ તેમાં ખાસ મૌલિકતા કે પ્રેરકતા નથી. એ ઊતરતી કક્ષાનું કાર્ય છે, એટલે એ લખવાનો કંઈ અર્થ મેં જોયો નથી.

નાયકસાહેબે લખેલી સંખ્યા $૩^{૮૧૯૧} - ૧$ માં ૩૯૦૮ અંકો છે. $૪^{૪^{૪}}$ માં ૨૫૮૫૫૭૦૩૧૩ અંકો છે. 'કુમાર' એ આખી સંખ્યા કૉમ્પ્યુટર મશીન કે જીવતાજાગતા કૉમ્પ્યુટર પેલાં શકુંતલાદેવી જેવી કોઈ વ્યક્તિ પાસેથી ઓછી મહેનતે મેળવી છાપે તો તેનો દેખાવ પ્રાઇઝ-બૉન્ડના ડ્રૉમાંથી નીકળેલા નંબરો છાપ્યા હોય એવો એકાદ પાનું ભરેલો થાય!

આવી સંખ્યાઓમાં અંકો કેટલા આવશે તે ઘાતાંકના કોઠા (Logarithm Tables) ની મદદથી નજીવી ગણતરીમાં કરી શકાય છે. એ જાણીતું છે.

(જૂનાગઢ) —કનુ. રા. ડાભી

જાન્યુઆરી અંકમાં 'ચાર ચોગડાની રમતમાં થોડી મુદ્રણભૂલ થઈ લાગે છે (*ઉપરના પત્રમાં તે આવી ગઈ) ૨૫ સુધી આ શ્રેણીને લંબાવી શકાય છે.

$\frac{૪+૪+.૪}{.૪}=૨૧.$ $(૪\times૪)+૪+\sqrt{૪}=૨૨$

$\frac{૪૪+\sqrt{૪}}{\sqrt{૪}}=૨૩$ $\frac{૪૪+૪}{\sqrt{૪}}=૨૪$

$(૪+\frac{૪}{૪})\sqrt{૪}=૨૫$

(અતુલ) —તરુબહેન આચાર્ય

'કુમાર'ના આજીવન સભ્યપદનું સૂચન લાંબી દૃષ્ટિ સૂચવે છે. રકમ ૨૦૦ને બદલે ૨૫૦ રહે તો હરકત નથી. હું પણ મહેનત કરીશ.

શેક્સપીઅરની વાર્તામાળા ચાલુ રહેવી જ જોઇએ. એટલું જ નહિ પણ જૂનાં ગ્રીક નાટકોનું રસદર્શન રજૂ થઈ શકે તો ઘણું જ સારું. સોફોક્લિસ જગતનો મહાન નાટ્યકાર ગણાય છે. તેની Triology અને Satire રજૂ કરવાનું માનનીય મધુસૂદન પારેખને જણાવશો. જ્યારે ધ્વનિવર્ધક યંત્રો નહોતાં ત્યારે એકીસાથે ૨૫૦૦૦ માણસો નાટકો નિહાળી શકે તેવી રચના ત્યારના સ્થપતિઓએ કેવી રીતે કરી હશે એ આશ્ચર્ય જન્માવે છે.

વિકસતા વિજ્ઞાનમાં દર્શાવેલ ઉચ્ચદબાણવાળી કૅબિન કૅન્સરના દર્દીઓને સારવારમાં ઉપયોગી થાય છે. કોષો જ્યારે પ્રાણવાયુ લેતા બંધ થઈ પ્રાણવાયુ વિના આપમેળે સર્જન થાય છે ત્યારે કૅન્સર થાય છે એ જાણીતું છે.

ચાર ચોગડાની રમતમાં છાપભૂલ છે (ઉપર આવી ગઈ.)

તેવી રીતે આગળ ઉપર આપ્યા તે ઉપરાંતનાં ઉદાહરણો :

$૪\times૪+૪+\sqrt{૪}=૨૪$

$\frac{૪}{.૪}+૪\times\overset{\circ}{૪}=૨૬$

$૪૪-૪\sqrt{૪}=૨૮$ આમ આગળ શોધી શકાશે.

અગાઉ વધરાવળની દવા વિષે પૃચ્છા થઈ હતી. નીચેની સફળ થએલી દવા બહુ સસ્તી છે.

કાળી જીરી, કાંકચ, શેપ ગુંદર, જરેલ. ઇંદ્રજવ અને જાવંત્રી સરખે ભાગે લઈ સૂકવી તપાવી ફાકી કરી રોજ ૦॥ તોલો રાતે લેવાથી વધરાવળ તેમજ મૂત્રાશયના રોગો મટશે.

(દ્વારકા) —પુષ્કરભાઈ ગોકાણી

વગર વાઢકાપે પગની કણી નાબૂદ કરવા નીચેના ઉપાયો અજમાવી શકાય :

(૧) સાધારણ ગરમ પાણીમાં સાબુ નાખી ફીણ બનાવી ૧૦-૧૫ મિનિટ સુધી કણીવાળા પગ મૂકી રાખવા. પંદરેક દિવસ સુધી આમ કરવાથી કણી નરમ થઈ જશે અને આંગળીઓ વડે કાઢી શકાશે. આ જાત-અનુભવ છે અને ઘણાએ પણ એનો ઉપયોગ કર્યો છે.

(૨) પાકા ટમેટાનો નાનો ટુકડો કણી ઉપર મૂકી કપડા વડે બાંધી લઈ આખી રાત રાખવો, અને દિવસે એના પર દર્દ ન થાય એ માટે પટ્ટી અથવા પ્લાસ્ટર ચોડેલું રાખવું. આ પ્રયોગ પણ ૧૦-૧૫ દિવસ કરવો.

(૩) દર રોજ લીંબુનો રસ લગાડવો.

(૪) કપૂરના તેલમાં રૂનું પૂમડું પલાળી કણી ઉપર બાંધી લેવું.

કણી ફરીથી ન થાય એ માટે બરાબર બંધબેસતા જ (સાંકડા અથવા ચુસ્ત નહિ) જોડા પહેરવા; લાંબા સમય માટે એક જ જોડા પહેરી રાખવા નહિ; અને શક્ય હોય ત્યારે પગ ખુલ્લા રાખવા. લંડનમાં ઘણે ઠેકાણે ઑફિસ અને કારખાનાંમાં કામ કરનારાઓ કામ કરતી વખતે પોતાના જુદા જોડા પહેરી લે છે જેથી સારા જોડાને ઓછો ઘસારો પડે અને એક ને એક જોડી લાંબો વખત સુધી પહેરવાથી પગ અકડાય નહિ.

(ચેમ્બુર-મુંબાઈ) —દેવીદાસ સંપટ

જાન્યુ.ની 'માધુકરી'માં લોકવાદ્યો વિષેના અવતરણમાં જે તરપું સૌરાષ્ટ્રનું જણાવ્યું છે, તે ખરેખર સૌરાષ્ટ્રનું કે ડાંગનું? ડાંગની મુલાકાતે જઈ આવેલા એક કલાકારની સ્કેચબુક જોતાં તરપું ડાંગમાં પ્રચલિત હોય તેમ લાગેલું. સૌરાષ્ટ્રમાં તરપું જોયાનું યાદ નથી.

(અમદાવાદ) —હરિકૃષ્ણ રા. પાઠક

મોટામાં મોટી અવિભાજ્ય સંખ્યા શોધવા આજ સુધીમાં અનેક પ્રયત્નો થયા છે. એમ પણ સવાલ થ ય છે કે એવી કોઈ અવિભાજ્ય સંખ્યા છે, કે હોઈ શકે ખરી? રશિયામાં જન્મેલા પ્રખ્યાત વૈજ્ઞાનિક જ્યૉર્જ ગૅમોવે સાબિત કર્યું છે કે એવી સંખ્યા કોઈ પણ હોઈ શકે. જિજ્ઞાસુ માટે આ નીચે તે આપું છું:

'ધારો કે મોટામાં મોટી અવિભાજ્ય સંખ્યા N છે. હવે ૧થી માંડીને N સુધીની દરેક અવિભાજ્ય સંખ્યાનો ગુણાકાર કરી તેમાં ૧ ઉમેરો એટલે નવી સંખ્યા થશે $(૧\times૨\times૩\times૫\times૭\times૧૧\times૧૩\ldots\ldots\times N)+૧$.

આ સંખ્યાને ૧થી N સુધીમાંની કોઈ પણ અવિભાજ્ય સંખ્યા વડે ભાગતાં શેષ ૧ વધશે. માટે જો આ સંખ્યા ભાજ્ય હોય તો તેના અવયવો Nથી પણ મોટી અવિભાજ્ય સંખ્યાઓ જ હોઈ શકે. પણ એમ હોય તો આપણી ધારણા ખોટી પડે છે કે N એ મોટામાં મોટી અવિભાજ્ય સંખ્યા છે.

બીજી રીતે પણ હોઈ શકે. ધારો કે આ $(૧\times૨\times૩\times૫\times૭\ldots\times N)+૧$ અવિભાજ્ય છે. પરંતુ તે સંખ્યા Nથી મોટી છે. આથી Nથી મોટી અવિભાજ્ય સંખ્યા છે એમ સાબિત થાય છે અને આપણી ધારણા કે N સૌથી મોટી અવિભાજ્ય સંખ્યા છે એ ખોટી પડે છે.

આમ 'અનિષ્ટાપત્તિ'ની રીતે સાબિત થાય છે કે 'મોટામાં મોટી અવિભાજ્ય સંખ્યા નિશ્ચિત ન હોઈ શકે.'

આ વાંચતાં કંટાળો આવ્યો હોય તો માફી માગું છું. મારું નામ જણાવતો નથી. આશા રાખું છું કે તે માટે પણ માફી આપશો.

(અમદાવાદ) '......'

શ્રી દ્વિનેન્દ્ર કારિયાની 'આજીવન' સભ્યપદ વાળી યોજના 'કુમાર'ને તેમજ તેના વાચક વર્ગને ખૂબ ઉપયોગી છે. કુમારનું સ્થાન ભારતભરમાં આગવું બની પ્રતિભા પ્રસરાવનારું બનશે ને તેના ગ્રાહકને આજીવન તેનો લાભ મળશે. લાગે છે કે 'કુમાર'ના સભ્યો પોતાથી બનતા બધા જ પ્રયત્નો કરી નિર્ધારિત ગ્રાહક મેળવશે.

(કલકત્તા) —કનુ મહેતા

ફેબ્રુઆરી અંકમાં શ્રી ભદ્રમુખરાય વૈદ્યના 'વિ. સં. ૨૦૨૧માં ગ્રહોના આકાશમાર્ગ'ના રેખાંકન સાથે પ્રસિદ્ધ થએલા લેખમાં ગ્રહોના સંક્રમણ માટે 'સાયન સંક્રમણલેખ' શબ્દો મથાળે મૂકવા આવશ્યક છે; કારણ કે બહુધા આપણે ત્યાં પ્રકાશિત થતાં પ્રત્યક્ષ પંચાગો નિરયન જ હોય છે. આથી રાશિઓની સમજણમાં જિજ્ઞાસુઓમાં કોઈ ગૂંચ નહિ થાય. અંગ્રેજીમાં એને Transit-Graph કહે છે; ગુજરાતીમાં 'સંક્રમણલેખ.'

(ભાવનગર) —ધીરજલાલ અ. વોરા

ભાઈ શ્રી કે. જે. ભટ્ટ મસા મટાડવાનો ઉપચાર ઇચ્છે છે. નીચેનો પ્રયોગ મોકલું છું, જે ખૂબ સફળ થયો છે : ચૂનો અને પાપડખાર બન્ને સરખા પ્રમાણમાં લઈ, પલાળી, મસાના ભાગ પર દિવસનાં ચાર પાંચ વાર લગાડવાથી ત્રણ-ચાર દિવસમાં જ ખરી પડે છે. કેટલીક વાર તો એક જ દિવસમાં ખરી પડે છે.

ભાઈ દ્વિનેન્દ્ર કારિયાનું સૂચન વ્યવહારુ ન બનાવી શકાય? આ વખતે શેક્સપીઅરનું નાટક કેમ નથી? આવતા અંકમાં રજૂ કરશો.

(બોરીવલી) —સરોજ એમ. શાહ

માર્ચ ૧૯૬૫ · અંક ૪૯૫

કોઈ આકસ્મિક કારણે અંક મોડો ન થયો હોય તો 'કુમાર' દર માસની ૧૫મી તારીખે બહાર પડે છે; એટલે તે અરસામાં અંક ન મળે તો તરત તેની ફરિયાદ કરવી. અકસ્માતે ગુમ થએલા અંકોની ફરિયાદોને, અમારી પાસે નકલો હોય છે ત્યાં સુધી તો પહોંચી વળવાનો અમે પ્રયત્ન કરીએ છીએ; પરંતુ એવા ગુમ થએલા કોઈ પણ અંકો ભરપાઈ કરી આપવાનું કશું બંધન અમારે માથે રહેતું નથી.

કુમાર કાર્યાલય લિમિટેડ તરફથી તંત્રી, મુદ્રક અને પ્રકાશક: બચુભાઈ પોપટભાઈ રાવત
મુદ્રણ-પ્રકાશનસ્થાન: કુમાર પ્રિન્ટરી, કુમાર કાર્યાલય લિ., ૧૪૫૪ રાયપુર, અમદાવાદ
વાર્ષિક લવાજમ રૂા. ૧૨; પરદેશમાં રૂ. ૧૫ અથવા શિ૦ ૨૪; છૂટક નકલ: રૂ. ૧·૨૫

—તો આવ્યાં કને! / ચંદ્રકાન્ત શેઠ

· ગાન ·

શોધતો હતો ફૂલ ને, ફોરમ શોધતી હતી મને,
એકબીજાને શોધતાં ગયાં દૂર, તો આવ્યાં કને.

કયાંક રે આંબો ટહુકયો એની
વનમાં મ્હેકી વાત,
કમળ જેવો ખીલતો દિવસ,
પોયણા જેવી રાત;
શોધતો રહ્યો ચાંદ, ને રહી ચાંદની શોધી મને,
એકબીજાને શોધતાં ગયાં દૂર, તો આવ્યાં કને.

આંખ મીચું ત્યાં જૂઈનું ગાલે
અડતું ઝાકળફૂલ
મનમાં જાણે લ્હેરવા લાગે
વ્યોમની કિરણઝૂલ.
શોધતો જેની પગલી, એનો મારગ શોધે મને,
એકબીજાને શોધતાં ગયાં દૂર, તો આવ્યાં કને.

મૌન / રાજેન્દ્ર શુક્લ

· ગઝલ ·

કોઈ વેળા એમ તારી આવી જતી યાદ,
ઓરડાની દીવાલે હો અડકતું મૌન...
ઉંબરાની કોરે બેસી બાળકની જેમ
સમયના ટુકડાને વળગતું મૌન...
બારણામાં જાળાં જેમ બાઝી ગયા સૂર,
ધૂળભર્યા આંગણામાં સરકતું મૌન...
પ્હેલીવ્હેલી ઝંખનાનો ઝાંખો ઝાંખો અર્થ
રઝળતા શબ્દો, એક અછડતું મૌન...
ઊભરાતી ભીડ મહીં ભળી શકે કેમ?
કદી કદી પોતાથી યે ભડકતું મૌન..
શબદ તો સંઘરાશે પણ એનું કોણ?
સદા રાન–વેરાને જે ભટકતું મૌન...?
કોઈ કહે: વાણીનાં આ ખળકતાં પૂર,
હું તો કહું: હળુ હળુ ઓગળતું મૌન...

હવે / ઇન્દુકુમાર ત્રિવેદી

· મનહર ·

વતનથી શ્હેર ભણી દોડી રહી ટ્રેન મહીં
જોતો રહું: મુસાફરો આવ-જાવ કરી રહ્યા;
જોતો રહું; બારી બ્હાર, બારી બ્હાર...

'ક્યારના શું આમતેમ જોયા કરો?
બાળકની જેમ બસ જોયા કરો બારી બ્હાર?
એનાં એ જ ખેતરો ને ઝાડવાં,
આ નદી-નાળાં, ડુંગરાઓ, કોતરો ને ગામડાં;
બાકી રહ્યું હોય તેમ
ટીકીટીકી તારાઓમાં જોયા કરો?'
'બાળકની જેમ?
હવે... બાળકની જેમ!'

રાજસ્થાન / રઘુવીર ચૌધરી

· વિષય સવૈયા ·

વગડે વગડે ઝાડ ટચૂકડાં
કયાંક હોય તે પાન વિનાનાં ઝૂરે;
ડુંગર ડુંગર ભૂરા કોરા,
ઝરણ વિનાનાં પથ્થરિયાં મેદાન,
વસેલાં ખૂણેખાંચરે ગામ.

સૂર્યના ખુલ્લા એ આકાશમહીં
નિજ છબી વિનાની ફ્રેમ નીરખતું,
જુગજુગનો નિર્વેદ જીરવતું,
પ્રશ્ન વિનાનું ચિત્ત હોય ત્યમ
નિયત શાંતિમાં પ્રસર્યું રાજસ્થાન.

ઊંટનાં સ્તબ્ધ રુંવાં શું ઘાસ,
ઘાસ પર વરસી આવે રેત,
રેતનો રંગ ઊંટની પીઠ ઉપર ને
આંખોમાં પણ ફરકે એવો.

હરતાં ફરતાં
જરાક અમથા કાન માંડતાં
મરુભોમનો શોક સાંભળી શકો તમે પણ.
માણસના ચહેરા પર જાણે
ઊંડી લુખ્ખી રેખાઓમાં
એકમાત્ર ભૂતકાળ વિકસતો;
નથી હવે ઇતિહાસ એમના હાથે...
બધો પરાજય ખંડિયેરના કણકણમાં
ઊપસેલો દેખો.
મીરાંબાઈએ છોડેલા મંદિરની વચ્ચે
જયોત વિનાનું બળે કોડિયું
દેશદેશના મૃગજળ જેવી એક પદ્મિની
જૌહરની જ્વાળાઓમાં સૌભાગ્ય સાચવે.

મારા ગામે ભાગોળે બેઠેલા
ધીરે હુક્કો પીતા વૃદ્ધો માટે,
પૂજાનો સામાન ગ્રહીને જતી કન્યકા કાજે,
આજે ઊંટ તણી પીઠે લાદીને
લાવી શકતો નથી હું રાજસ્થાન.
હવે તો આંખમહીં એ ટકે એટલું સાચું.

એકાકાર / સુભાષ શાહ

· મનહર ·

સમુદ્રનો ભૂતકાળ
વહે આજે નદી મહીં,
નદી તણું ભાવિ
પેલાં વાદળોમાં ગગડે છે;
આજ અને કાલ
પેલાં હિમતણાં શિખરોમાં
થીજી ગઈ.
બધું હવે એકાકાર...

મૅન બિહાઈન્ડ ધ ગન્સ

લોકશાળાના એક વિદ્યાર્થીએ સારો સવાલ પૂછ્યો: 'ભારતે અણુ-બૉમ્બ બનાવવો કે નહિ?' આપણું સંરક્ષણ આપણે જેના વડે કરી શકીએ તે આપણે કરવું પડશે એમ મેં કહ્યું; પણ શાળા-મહાશાળાના શિક્ષણ માટે વધારે મહત્ત્વની વસ્તુ તો એ છે કે તેમાં ઘડાતા નવયુવકો ખડતલ અને શિસ્તબદ્ધ બને. આપણે આ હથિયારથી રક્ષણ કરીએ કે બીજા, હથિયાર આપણાં જ હોય કે માગેલાં, પણ તેને વાપરનાર ખડતલ, મરણને તુચ્છ ગણનારો અને આજ્ઞાપાલક અવશ્ય જોઈશે. તોપ કરતાં તોપચી 'Man Behind The Guns' વધારે મહત્ત્વનો છે, અને એ કામ આપણી શાળા-મહાશાળાઓમાં જ થઈ શકશે. આપણી શાળાઓમાં ડુંગરા ચડવાની, વનો વીંધવાની, દરિયાનાં મોજાં સાથે અફળાવાની, માઈલોના માઈલો વગર થાકયે ચાલવાની યા ટાઢતડકો વેઠવાની તાલીમ અપાય છે ખરી? આપણી શાળા-મહાશાળાઓ આપણાં યુવકયુવતીઓને વધારે સુંવાળાં, વધારે વ્યક્તિવાદી તો નથી બનાવતી? ઍટમ બૉમ્બ બનાવવો કે નહિ તે નિર્ણય આખરે સંસદ અને વડા પ્રધાન કરશે; પણ તેને વાપરનારા વીર રણવીર બને એવું તો શાળાએ જ કરવું પડશે ને?

પણ આપણી મનોવૃત્તિ પોતાના પગમાં પગરખાં પહેરવા કરતાં પૃથ્વીને ચામડે મઢવાના મનોરથો કરનારી નીવડે છે! —'દર્શક'

સ્ત્રીશિક્ષણ નહિવત્ હતું અને સ્ત્રીજીવન ઘોર રૂઢિચુસ્તતામાં જકડાએલું હતું એ જમાનામાં

લેખક · પ્રા. નરોત્તમ વાળંદ

આજથી એક સૈકા પહેલાં ઈ. સ. ૧૮૬૫ની ૩૧મી માર્ચે, દેશી પંચાંગ પ્રમાણે શાલિવાહન શક ૧૭૮૭ના ચૈત્ર સુદ નોમ–રામનવમીને દિવસે આનંદીબાઈનો જન્મ એમના મોસાળ-પૂનામાં બાળશાસ્ત્રી માટેને ઘેર થએલો. એમનું મૂળ નામ યમુનાબાઈ.

થાણા જિલ્લાના કલ્યાણ ગામના વતની અને પૂર્વજની જાગીરનો સારો વારસો ધરાવતા એમના પિતા ગણપતરાવ અમૃતેશ્વર જોશી ધર્મનિષ્ઠ, શાન્ત સ્વભાવના અને સાદા પુરુષ હતા. તેમનાં પ્રથમ પત્ની દામુરાવ નામના પુત્રને જન્મ આપીને અવસાન પામ્યા પછી તેમણે બીજું લગ્ન કર્યું. એ પત્નીથી તેમને એક પુત્ર અને ત્રણ પુત્રીઓ એમ ચાર સંતાન થયાં. ત્રણ પુત્રીઓમાં યમુનાબાઈ વચલાં.

એ જમાનો બાળલગ્નનો હોઈ. યમુનાબાઈનું લગ્ન પણ નાનપણમાં જ થઈ જાત. પણ પાંચ વર્ષની વયે તેમને બળિયા નીકળ્યા એમાંથી તે બચી તો ગયાં, પણ ચહેરો વિરૂપ બની ગયો, શરીર પર બળિયાનાં ચાઠાં રહ્યાં, કાને બહેરાશ આવી ને શરીરનો વર્ણ ગૌર મટીને શ્યામ બન્યો. આ આપત્તિ એક રીતે તો આશીર્વાદરૂપ નીવડી. તરત વર ન મળવાથી મા-બાપે યમુનાબાઈને સાત વર્ષની વયે નિશાળે બેસાડ્યાં.

નાનપણમાં તે બહુ તોફાની. એક વાર તેમના ઘર પાસે કોઈ પાદરી ઉપદેશ કરવા આવ્યો, તે રમતિયાળ યમુનાબાઇએ જોયું. પાછળથી, બાળકોને એકઠાં કરી, તેમની આગળ હાવભાવ સાથે ભાષણ કરતાં હોય એવા ચેનચાળા કર્યા. ત્યારથી એમનું નામ 'પાદરણ' પડી ગયું! એક વાર તેમના કરતાં ય ઉંમરે મોટો, તેમની માસીનો દીકરો તેમની સાથે કુસ્તી કરતાં હારી ગયો ત્યારથી વળી એમનું નવું નામ 'યમુના મલ્લ' પડ્યું! આવાં તોફાની યમુનાબાઈને માતાના ઉગ્ર સ્વભાવનો ભોગ ઘણી વાર બનવું પડતું. મા ગુસ્સે થાય ત્યારે આવેશમાં વિવેકભાન ચૂકીને કોઈ વાર તો ચૂલામાંથી સળગતું લાકડું લઈ ને પણ મારવા દોડે. આમ છતાં પિતા અને દાદીની મોટી હૂંફ મળતી.

નાનપણથી શરીર કસાએલું હોવાને લીધે યમુનાબાઈ ઉંમર કરતાં દેખાવમાં મોટાં લાગતાં, એટલે માબાપને પુત્રીના વિવાહની વિશેષ ચિન્તા રહેતી; પરંતુ બળિયાનાં ચાઠાં, કાનની બહેરાશ અને શ્યામ વર્ણને લીધે ક્યાંય મેળ બેસતો નહિ. આથી અંતે પંથ વરને બદલે બીજવરની તપાસ કરવા લાગ્યાં. એવામાં કલ્યાણની પોસ્ટ ઑફિસમાં સંગમનેરના વતની ગોપાળરાવ વિનાયકરાવ જોશી નામે એક સદ્-ગૃહસ્થ પોસ્ટ માસ્તર તરીકે નિમાયા. તેઓ વિધુર હતા, એટલે તેમની સાથે યમુનાબાઈને પરણાવવાનું નક્કી થયું.

ગોપાળરાવ નવી કેળવણી પામેલા અને સુધારક વિચારના હોઈ સ્ત્રીશિક્ષણના હિમાયતી હતા. પ્રથમ પત્નીને જાતે લખતાં-વાંચતાં શીખવીને તેને નિરક્ષરતામાંથી ઉગારી લીધેલી. તેને વધુ શિક્ષણ મળે તે પહેલાં તો તે કૃષ્ણારાવ નામે એક પુત્રને મૂકીને અવસાન પામી. ગોપાળરાવની ઇચ્છા વિધવા સાથે પુનર્વિવાહ કરવાની હતી, તેથી 'પુનર્વિવાહ ઉત્તેજક મંડળી' મારફતે તપાસ ચલાવી રહ્યા હતા. પરંતુ ગોપાળરાવના પિતાની ઇચ્છા કુંવારી કન્યા સાથે પુત્રને પરણાવવાની હતી. આથી પિતાપુત્ર વચ્ચે મતભેદ પડ્યો. છેવટે કાકાની સમજાવટથી યમુનાબાઈ સાથે તેમનું લગ્ન નક્કી થયું; પરંતુ લગ્નના દિવસે ગોપાળરાવ ક્યાંક ગુમ થઈ ગયા! મુહૂર્તવેળા ચાલી ગઈ અને લગ્ન તે દિવસે ન થઈ શક્યું. થોડા દિવસ બાદ તેમનો નાસિક સ્ટેશને પત્તો લાગ્યો અને તેમને ઠપકો આપીને ઘેર લવાયા અને લગ્ન માટે સમજાવાયા.

લગ્નથી જોડાતાં પહેલાં ગોપાળરાવે સસરા આગળ શરત મૂકેલી કે પોતે યમુનાબાઈને પોતાની ઇચ્છા મુજબ શિક્ષણ આપે તો તેમણે વાંધો લેવો નહિ. શરત કબૂલ રહી ને સાદાઈથી લગ્ન થયાં. મહારાષ્ટ્રમાં લગ્ન પછી સાસરિયાં કન્યાનું નવું નામ પાડે છે તે અનુસાર યમુનાબાઈનું નવું નામ આનંદીબાઈ રાખવામાં આવ્યું.

આનંદીબાઈ પિતાનાં લાડકાં હોઈ. નાની ઉંમરે પુત્રી ગૃહસંસારની જવાબદારીનો બોજો ઉપાડી નહિ શકે એમ લાગતાં, પુત્રીને તરત સાસરે મોકલતાં ગણપતરાવનો જીવ ચાલ્યો નહિ, એટલે તેમણે જમાઈને પોતાને ત્યાં રહેવા વીનવ્યા. ગોપાળરાવ સસરાના આગ્રહને વશ થઈને આઠ માસ સુધી સાસરે રહ્યા. દરમ્યાન તેમણે યમુનાબાઈને શિક્ષણ આપવાનું શરૂ કર્યું. એ જમાનામાં 'વધુ ભણેલી છોકરી વિધવા થાય' એવી જોરદાર રૂઢિગત માન્યતા હોવાને લીધે, ગણપતરાવે એક સંબંધી-જન મારફતે ગોપાળરાવને સ્ત્રીશિક્ષણનો આગ્રહ છોડી દેવા જણાવ્યું. ગોપાળરાવને લાગ્યું કે આનંદીબાઈ જ્યાં સુધી માતા-પિતાની છત્ર-છાયા નીચે રહેશે ત્યાં સુધી સ્ત્રીશિક્ષણની પોતાની ઉમેદ પૂર્ણ થશે નહિ, એટલે તેમણે પોતાની બદલી અલીબાગ કરાવી. અંતે આનંદીબાઈનાં દાદી પૌત્રીની સંભાળ રાખવાને માટે અલીબાગ સાથે ગયાં. ત્યાં શિક્ષણનો પ્રયોગ આગળ ચાલ્યો. આરંભમાં આનંદીબાઈ તરફથી જ વિરોધ થયો. તેમને ભણવાનું બહુ ગમતું નહિ એટલે સ્લેટ-પેન ફેંકી દઈને દાદીમાની સોડમાં ભરાઈ બેસતાં! હવે ગોપાળરાવે રાહ બદલ્યો. તેમણે ધીરજ ગુમાવ્યા વિના સમજાવટથી કામ લેવા માંડ્યું. એમાં ધીરેધીરે આનંદીબાઈનો વિદ્યાભ્યાસંગ વધ્યો, અને છેવટે તો પતિની સુધારકવૃત્તિની આનંદીબાઈ પર એવી અસર પડી કે સારાં કપડાં અને ઘરેણાંનો શોખ ત્યજીને તે સાદાઈમાં ગૌરવ માનતાં થયાં.

લગ્ન પછીનાં બે વર્ષમાં આનંદીબાઈએ મરાઠી ભાષા, ગણિત, ભૂગોળ, વ્યાકરણ અને ઇતિહાસનો સામાન્ય પરિચય કેળવી લીધો. બે વર્ષના લગ્નજીવન બાદ આનંદીબાઈને પુત્ર જન્મ્યો, પણ તે દસ દિવસમાં જ ગુજરી ગયો. આ દુઃખદ ઘટના બીજી રીતે તો આશીર્વાદરૂપ નીવડી. સંતાનના ઉછેરની ફરજમાંથી મુક્ત થએલાં આનંદીબાઈ એ અભ્યાસમાં ચિત્ત પરોવ્યું અને તેમણે અંગ્રેજી અભ્યાસ શરૂ કર્યો. તીવ્ર સ્મરણશક્તિને બળે થોડા જ સમયમાં તે વાંચતાં-લખતાં થઈ ગયાં. તેર વર્ષનાં આનંદીબાઈને ગોપાળરાવ હમેશાં પોતાની સાથે દરિયાકાંઠે ફરવા લઈ જતા. એ જમાનામાં સ્ત્રીને ખુલ્લા મોંએ પતિની સાથે જાહેરમાં ફરતી જોવી એ એક અસામાન્ય બનાવ ગણાતો. ગોપાળરાવ અને આનંદીબાઈના આ વર્તનની ટીકા અને નિંદા થવા લાગી.

અલીબાગના આ સંકુચિત વાતાવરણને બદલે મુક્ત વાતાવરણ મેળવવાને ગોપાળરાવે પોતાની બદલી કોલ્હાપુર કરાવી. ત્યાંની કન્યા-શાળામાં મિસ માયસી નામે અંગ્રેજ મુખ્ય શિક્ષિકા હતાં. તેમની ખ્યાતિ સાંભળીને ગોપાળરાવે આનંદીબાઈને તેમના પાસે ભણાવ-વાનો વિચાર કર્યો. કુ. માયસીનો બંગલો ગોપાળરાવની પોસ્ટ ઑ-ફિસની પાસે જ હતો. ગોપાળરાવની વિનંતીથી તેઓ રોજ આનંદી-

એક અજ્ઞાત કુરૂપ બ્રાહ્મણ-કન્યાએ સગાં, સમાજ અને સંસારના કપરા અવરોધો સામે અનન્ય શ્રદ્ધા, દૃઢ મનોબળ અને અવિશ્રાન્ત પરિશ્રમ ખેડીને એ કાળમાં અકલ્પ્ય એવી ઉન્નતિનાં સોપાન ચડવાની હામ ભીડી અને...



ડૉ. આનંદીબાઇ જોશી

બાઈને પોતાની સાથે ગાડીમાં નિશાળે લઈ જતાં અને ભણાવતાં. પરંતુ આ અનુકૂળ સ્થિતિ લાંબો સમય ચાલી નહિ. જૂનવાણી વિચારો ધરાવતા કોલ્હાપુરના કારભારી કુટુંબથી એક સામાન્ય સ્ત્રી આ રીતે કેળવણી લેવા જાય તે સહન થયું નહિ; એટલે ખટપટ કરીને બંધ કરાવ્યું. પછી તો કુ. માયસીનો પણ વર્તાવ બદલાયો, એટલે ગોપાળ રાવે આનંદીબાઈને નિશાળે મોકલવાનું બંધ કર્યું.

ગોપાળરાવને કામના ભારણને લીધે પત્નીને વધુ ભણાવવાનો સમય મળતો નહિ, છતાં જાતે ભણાવવાનું ચાલુ રાખ્યું. તેઓ બંને અવારનવાર ખ્રિસ્તી મિશનરીઓને ત્યાં જતાં તેથી અંગ્રેજી વાતાવરણનો અને જીવંત ભાષાનો તેમને પરિચય થયો અને તેમાંથી આનંદીબાઈને વિશેષ અભ્યાસ માટે અમેરિકા મોકલવાનો વિચાર ગોપાળરાવના મનમાં સ્ફૂર્યો. જે૦ એમ૦ ગુહીન નામે મિશનરીની સહાય અને ભલામણથી ગોપાળરાવે **શ્રી** વાઇલ્ડર નામના સદ્ગૃહસ્થ પર અમેરિકા એક પત્ર પણ લખ્યો. પાછળથી ગોપાળરાવને સમજાયું કે આ પાદરીઓનો મૂળ હેતુ તો આનંદીબાઈને ખ્રિસ્તી બનાવવાનો હતો, પરંતુ આનંદીબાઈમાં સ્વધર્મનિષ્ઠા એવી તો દૃઢ હતી કે તેમનો ધર્મપલટો એમ સહેલાઇથી થઈ શકે એમ હતું નહિ.

કોલ્હાપુરનું વાતાવરણ પ્રતિકૂળ જણાયાથી ગોપાળરાવે ઈ.સ. ૧૮૭૯ના આરંભમાં મુંબાઈ બદલી કરાવી અને આનંદીબાઈને એક ખ્રિસ્તી શાળામાં દાખલ કર્યાં. રહેઠાણ શાળાથી દૂર હોવાથી આનંદીબાઈ શાળાએ ચાલતાં જતાં-આવતાં તે ઘણા લોકોની નજરે પડતું. હજી મુંબાઈના લોકોમાં પણ એ વેળા ઉદાર કે સમતાભરી દૃષ્ટિ આવી નહોતી, એટલે ઘણા લોકો તેમની મશ્કરી કરતા.

એવામાં એક વાર ગોપાળરાવના પિતા વિનાયકરાવ પુત્રને મળવા માટે મુંબાઈ આવ્યા અને પુત્રવધૂના અવનવા ઢંગ જોઈને ગુસ્સે થયા. આવી છૂટ આપવા બદલ તેમણે પુત્રને ઠપકો આપ્યો. ગોપાળરાવે બધું સાંભળી લઈને છેવટે એ બાબતે પોતાનો ટેકો અને દૃઢ નિશ્ચય જણાવી દીધો. આથી પિતા-પુત્રનાં મન ઊંચાં થઈ ગયાં અને પુત્રનું મોં ફરી કદી નહિ જોવાની પ્રતિજ્ઞા કરીને વિનાયકરાવ ચાલ્યા ગયા. ને ખરેખર, તેમણે મૃત્યુ લગી પુત્રનું મોં ન જ જોયું! આનંદીબાઈના ભણતરની વાત કુટુંબનાં અન્ય માણસોમાં પણ ફેલાઈ ને એ સૌએ પતિ-પત્નીનો તિરસ્કાર કર્યો. આમ છતાં ગોપાળરાવનો નિશ્ચય ફર્યો નહિ.

આનંદીબાઈને નીડરતા અને સ્વાવલંબનના પાઠ મળે એ હેતુથી ગોપાળરાવે દાદી-સાસુને કલ્યાણ મોકલી આપ્યાં અને પોતે ત્રણ માસની રજા લઈને ઉત્તર હિંદુસ્તાનના પ્રવાસે ઊપડી ગયા. ચૌદ વર્ષનાં આનંદીબાઈ હવે એકલાં પડી ગયાં. રસોઈ આવડે નહિ અને ભણતરનો બોજો તો માથે હતો જ, એટલે તેમણે શાળાના છાત્રાલયમાં રહેવા માંડ્યું અને ગોપાળરાવની પ્રથમ પત્નીના ભાઈને ત્યાં ભોજનનો પ્રબંધ કર્યો. પરંતુ રોજની અવરજવર દરમ્યાન થતી લોકોની હેરાનગતિથી ત્રાસીને છેવટે દોઢેક માસ પછી તે દાદી પાસે જઈ રહ્યાં.

પ્રવાસેથી આવ્યા બાદ ગોપાળરાવે આનંદીબાઈની મુશ્કેલીઓ જાણી. પિયર નજીક હોવાને કારણે આનંદીબાઈ વારંવાર કલ્યાણ જઈ આવતાં એથી અભ્યાસમાં વિક્ષેપ પડતો. ગોપાળરાવ પત્નીને કલ્યાણ જવાની મનાઈ ફરમાવતા, જ્યારે પિયરનાં માણસો આનંદીબાઈને કલ્યાણ મોકલવાનો આગ્રહ સેવતાં. આમ ખેંચતાણ થયા કરતી. **તેથી** ગોપાળરાવે દૂરના કોઈ અજાણ્યા સ્થળે જવા વિચાર્યું. અને કચ્છમાં ભૂજના પોસ્ટ માસ્તરની જગાએ પોતાની બદલી કરાવી ઈ. ૧૮૮૦ના ફેબ્રુઆરીમાં બંને ભૂજ ગયાં. ત્યાં તેમને એક સુખદ અકસ્માત નડચો. ('નડચો' કહેવા કરતાં 'ફળ્યો' કહેવું જોઈએ.) મુંબાઈથી ભૂજ જવા માટે જે આગબોટનો પાસ લીધો હતો, તેમાં તેઓ સંયોગવશાત્ જઈ ન શક્યાં, એટલે તે પછીની આગબોટમાં જવાનું થયું. પાછળથી ખબર પડી કે આગલી આગબોટ અકસ્માતથી દરિયામાં ડૂબી ગઈ હતી! આમ, બેઉ જણ બચી ગયાં.

આનંદીબાઈને ભણાવી શકાય એવી કોઈ શિક્ષણસંસ્થા અહીં ન હોવાને કારણે ગોપાળરાવનો અહીં બદલી કરાવવાનો મુખ્ય હેતુ સિદ્ધ થયો નહિ. એવા સંયોગોમાં પોતે જ ફુરસદના સમયમાં પત્નીને શિક્ષણ આપવા લાગ્યા. પણ એટલેથી મુશ્કેલીનો અંત આવ્યો નહિ. અહીં આવ્યા બાદ ઘરસંસારનો બધો ભાર આનંદીબાઈ પર આવી પડચો. અગાઉ તો દાદીમા સાથે હોવાને કારણે રસોઈની કશી જ જવાબદારી પોતાના માથે નહોતી, એટલે રસોઈમાં આનંદીબાઈ અણઘડ જ રહ્યાં હતાં. શરૂઆતમાં થોડાક દિવસ તો રસોઈ કરતાં ન ફાવવાને કારણે એ દંપતીને ચણા-મમરા પર રહેવું પડેલું! આમ છતાં પત્નીને ભણાવવાના ભારે હોંશીલા ગોપાળરાવ પત્નીની અણઆવડત ધૈર્યપૂર્વક સહી લેતા અને બધું નભાવી લેતા. દોઢેક વર્ષના નિવાસ આ દરમ્યાન આનંદીબાઈનો અંગ્રેજીનો અભ્યાસ પાકો થયો. સાથોસાથ સંસ્કૃતનોય અભ્યાસ આદર્યો ને તેમાં પતિ કરતાંય આગળ વધી ગયાં.

ભૂજ રાજધાની હોવાથી રાજકુમારીઓને ભણાવવા અંગ્રેજ શિક્ષિકાઓ ત્યાં રહેતી. આવી એક અંગ્રેજ શિક્ષિકા પાસેથી તેમણે ભરત, સીવણ અને ગૂંથણનું કામ શીખી લીધું.

ગોપાળરાવે કોલ્હાપુરથી શ્રી વાઇલ્ડરને અમેરિકા લખેલા પત્રના જવાબમાં તા. ૧૪મી ઑક્ટોબર, ૧૮૭૮ના રોજ લખેલો, તેમનો પત્ર અહીં આવ્યો. તેમાં શ્રી વાઇલ્ડરે પતિ-પત્નીને અમેરિકા આવવાનું ભાવભીનું નિમંત્રણ આપેલું. પછી તો ગોપાળરાવ અને તેમની વચ્ચે કેટલોક સમય પત્રવ્યવહાર ચાલ્યા કર્યો. એ પત્રો અમેરિકાના 'ક્રિશ્ચિયન રિવ્યૂ'નામે માસિક પત્રમાં છપાયા હતા.

આનંદીબાઈના જીવનમાં કેટલાક અકસ્માતો એ સુખદ વળાંક લીધો છે. એમાંના ત્રણેક અકસ્માતો (બળિયાનો રોગ, પુત્રનું અવસાન, ભૂજ જતાં આગબોટ ચૂકવી) અગાઉ જોયા. એક વધુ અકસ્માત હવે સર્જાયો. હજારો માઈલ દૂર બનેલા અકસ્માતે આનંદીબાઈના જીવનમાં ક્રાન્તિ આણી. વાત એમ બની કે અમેરિકાના ન્યૂ જર્સીમાંના રોશેલ શહેરની બી. એફ. કાર્પેન્ટર નામે એક સ્ત્રી દાંતની પીડા અંગે દાંતના ડૉક્ટરને ત્યાં ગએલી, ત્યાં તેણે 'ક્રિશ્ચિયન રિવ્યૂ'માંનો ગોપાળરાવ તથા શ્રી વાઇલ્ડનો પત્રવ્યવહાર વાંચ્યો. તેમાં આનંદીબાઈને અમેરિકામાં અભ્યાસ કરાવવા નિમિત્તે ખ્રિસ્તી બનાવવાની પાદરીઓની ધર્માન્ધતા પ્રગટ થએલી હતી. આ લેખ વાંચતાં એ પરોપકારી સન્નારીને સહાનુભૂતિ થઈ આવી અને તેણે આનંદીબાઈને કોલ્હાપુરને સરનામે તા. ૭-૩-૧૮૮૦ના રોજ પત્ર લખીને આનંદીબાઈની અભ્યાસનિષ્ઠા અને ઉદ્યોગપરાયણતાને બિરદાવી. એ પત્ર ભૂજમાં આનંદીબાઈને મળતાં અને તેમના આનંદનો પાર ન રહ્યો. ઉત્તરમાં તેમણે પોતાનો, ગોપાળરાવનો અને કુટુંબનો પરિચય આપ્યો. અને પછી તો ઉભયની પત્રમૈત્રી બંધાઈ અને પૂર્વ-પશ્ચિમની સંસ્કૃતિ વિષેનો વિચાર-વિનિમય થયો. અરસપરસ ભેટોની પણ આપ-લે થઈ. એ બધાંનું શુભ પરિણામ એ આવ્યું કે એ અમેરિકન સન્નારીના હૃદયમાં આનંદીબાઈ એ આદરભર્યું સ્થાન જમાવ્યું.

આ અરસામાં બંગાળના પોસ્ટમાસ્તર-જનરલે ટપાલખાતામાં સ્ત્રીઓને નોકરી આપવા અંગે હુકમ બહાર પાડ્યો. આનંદીબાઇને એ ખાતામાં નોકરી અપાવવા માટે ગોપાળરાવે પોતાની બદલી કલકત્તા કરાવી અને ૧૮૮૧ની ૪થી એપ્રિલે ગયાં. ત્યાં તેઓ કલકત્તા આનંદીબાઇને મહિને ત્રીસ રૂપિયાના પગારે નોકરી પણ મળી. સ્ત્રીઓ જાહેર સંસ્થાઓમાં બેધડક નોકરી કરી શકે એવું મુક્ત વાતાવરણ હજી સર્જાયું નહોતું. તેમાં યે બંગાળી પ્રજા તો વિશેષ રૂઢિચુસ્ત હોઈ, આનંદીબાઈને ખૂબ પરેશાની ભોગવવી પડી. તેમના વિષે લોકોમાં જાતજાતની અફવાઓ ફેલાવા માંડી. વળી અહીંની આબોહવા પણ તેમની તબિયતને ફાવી નહિ, આમ છતાં તેમણે નોકરી ચાલુ રાખી.

વળી એક અકસ્માત સર્જાયો. એક વાર વાઈસરૉયનો બંગાળાના ગવર્નર પરનો એક સરકારી કાગળ ગોપાળરાવના હાથે ગુમ થવાથી, તેમને નોકરીમાંથી બરતરફ કરવામાં આવ્યા. અલબત્ત, પાછળથી તેઓ નિર્દોષ ઠરવાથી તેમને ફરીથી નોકરી પર લેવામાં આવ્યા, પરંતુ આ પ્રસંગની આનંદીબાઈ પર વિપરીત અસર થઈ અને સરકારી નોકરી પર તિરસ્કાર ઊપજવાથી તેમણે રાજીનામું આપ્યું. આ અકસ્માત થયો ન હોત તો આનંદીબાઈ નોકરીની લાલચમાંથી ઝટ છૂટી ન શકત અને તેમનું અમેરિકા જવાનું વિલંબમાં પડી જાત કે કદાચ બંધ રહી જાત.

ઈ. સ. ૧૮૮૨ના એપ્રિલની ૧લી તારીખે ગોપાળરાવની બદલી શ્રીરામપુર ખાતે થઈ. ત્યાંની નોકરી દરમ્યાન તેમણે થોડાક મહિનાની રજા લઈને આનંદીબાઈ સાથે જયપુર, આગ્રા, લખનૌ, ગ્વાલિયર, કાનપુર, દિલ્હી, પ્રયાગ અને કાશીનો પ્રવાસ ખેડ્યો.

એ જમાનામાં સ્ત્રીઓ સ્ત્રીસહજ સંકોચને કારણે પુરુષ ડૉક્ટરો પાસે સારવાર લેતી નહિ. સ્ત્રી ડૉક્ટરો શોધ્યા જડતા પણ નહિ. આથી, વેળાસરની સારવારને અભાવે અનેક સ્ત્રીઓ પ્રસૂતિમાં તેમજ અન્ય દર્દોમાં યાતના સહીને મૃત્યુ પામતી હતી. ભારતમાં સ્ત્રી-ડૉક્ટરની અગત્ય હોવા અંગેની વાત ગોપાળરાવના મનમાં ઘોળાઈ રહી. તેમાં ય વિદેશી મડમો કરતાં ભારતીય સ્ત્રીઓ તબીબ તરીકે વધુ સારી સેવા કરી શકે એમ પણ તેમને લાગ્યું. આથી, તેમણે આનંદીબાઈને તબીબી વિદ્યાનો અભ્યાસ કરાવવાનો વિચાર કર્યો. આનંદીબાઈ એ શ્રીમતી કાર્પેન્ટરને, પોતે તબીબી શાસ્ત્રનો અભ્યાસ કરવાને અમેરિકા આવવાને ઉત્સુક છે એમ જણાવ્યું. સામેથી પ્રવાસ ખર્ચ અને અન્ય બાબતોની ઝીણી માહિતી સાથેનો ઘણો ઉત્સાહભર્યો જવાબ આવતાં આનંદીબાઇએ તૈયારી કરવા માંડી. ગોપાળરાવની ઇચ્છા પણ સાથે જવાની હતી એટલે તેમણે બે વર્ષની રજા માગી, પરંતુ તે ન મળતાં માંડી વાળ્યું અને આનંદીબાઈ એકલાં અમેરિકા જવા તૈયાર થયાં. કલકત્તાના ડૉ. થોબર્ન નામે અમેરિકન સદ્‌ગૃહસ્થે, આનંદીબાઈને મદદરૂપ થઈ પડવાના હેતુથી, અમેરિકા જનાર કોઈ સ્ત્રી-મુસાફર હોય તો તેણે તબીબી શાસ્ત્રનો અભ્યાસ કરવા અમેરિકા જનારી હિંદુ સ્ત્રીનો સંગાથ કરવાની વિનંતી કરતી જાહેરાત વર્તમાનપત્રમાં આપી.

આનંદીબાઈના પરદેશગમનના સમાચાર દેશી તેમજ વિદેશી વર્તમાનપત્રો અને વહેતી વાતો દ્વારા બધે ફેલાયા. અને દેશી છાપાંમાં પ્રશંસા તેમજ વિરોધના લેખો લખાયા. આનંદીબાઈનાં સગાંસંબંધીઓએ ભારે વિરોધ કર્યો. બ્રાહ્મણ સ્ત્રી એકલી સમુદ્રોલ્લંઘન કરી અજાણ્યા દૂરના પ્રદેશના પ્રવાસે જાય એ વાત તેમને ધર્મવિરુદ્ધ લાગતી હતી. આનંદીબાઇએ પોતાના આશયને પ્રગટ કરવા ઠેર ઠેર વ્યાખ્યાનો આપ્યાં. ૧૭ વર્ષની યુવતીને જાહેર સભામાં સંકોચ વિના પ્રવચન કરતી જોઈને લોકો મોંમાં આંગળાં નાખી ગયા અને રૂઢિચુસ્તોના હાથ હેઠા પડ્યા.

આનંદીબાઈને અમેરિકા જતાં રોકવા કુટુંબીજનોએ એક યુક્તિ અજમાવી. આનંદીબાઈને તેમની બહેને પત્ર લખ્યો કે ચિ. બાળ (આનંદીબાઈના ભાઈ)ની તબિયત બગડી છે. આપ ત્યાં જમતાં હો, તો હાથ પણ ધોવાને અહીં આવો.' તરત આનંદીબાઈ પિયર જવા તૈયાર થયાં. પરંતુ ગોપાળરાવ પામી ગયા ને જણાવ્યું કે આ તો અમેરિકા જતાં રોકવાનું જ એક તરકટ છે, એટલે આનંદીબાઈ માની ગયાં.

આનંદીબાઈના પરદેશગમનની સુધારક અને કેળવાએલા લોકો પર ઘણી સારી અસર થઈ. તેમણે આનંદીબાઈને અભિનંદનના પત્રો લખ્યા. મુંબાઈની જે થિયોસોફિકલ સોસાએટીના ગોપાળરાવ સભાસદ હતા, તેના કર્નલ ઑલકૉટે અમેરિકાના એક ન્યાયાધીશ પર આનંદીબાઈ માટે ભલામણપત્ર લખી આપ્યો. ટપાલખાતાના ડાયરેક્ટર જનરલ શ્રી એચ. ઈ. સ્મિથે આનંદીબાઈની હિંમતથી પ્રભાવિત થઈને શુભેચ્છાના પ્રતીકરૂપ રૂ. ૧૦૦) ભેટ મોકલ્યા અને અમેરિકાના બે સદ્‌ગૃહસ્થો પર ભલામણપત્રો લખી આપ્યા, તેમ જ આનંદીબાઈનું ટૂંકું જીવનચરિત્ર લખીને અમેરિકાનાં વર્તમાનપત્રોમાં પ્રગટ કરાવ્યું.

ભારતીય સંસ્કૃતિનાં ચાહક આનંદીબાઇએ અમેરિકા જતી વેળાએ ચૂડીઓ, કાંચળીઓ, મરાઠી સાડીઓ, કંકુ, સિંદૂર વગેરે સામગ્રી ત્રણ વર્ષ ચાલે એટલી પોતાની સાથે લીધી. હિંદુ દેવ-દેવીઓનાં ચિત્રો પણ અમેરિકાવાસીઓને બતાવવા તેમણે સાથે લીધાં. ઈ. સ. ૧૮૮૩-ના એપ્રિલની ૭મી તારીખે તેઓ રવાના થયાં. (અનુ. પૃ. ૧૦૮)

જીવનપટનાં સ્મૃતિચિત્રો

૧૭૪ પિતાશ્રીના પ્રયાસોની સફળતા

નાસિક ખાતે પિતાશ્રીને અને બાને ઘરના વ્યવહારો માટે ચિંતા રહેતી. ઘરની વહુ તો આણું વળીને આવી, પણ પુત્રીને એ રીતે આણું વળાવવાની બાકી હતી. સિંહસ્થ પૂરું થયું કે તરત આ વાત પતાવી દેવાની તેમને ચટપટી થઈ. પિતાશ્રીએ પૂના જઇ, પોસ્ટ માસ્તર જનરલની મુલાકાત લઈ પોતાની મુશ્કેલીઓ સમજાવી, પણ તે વખતે તેમના માટે વતનમાં જગ્યા થાય તેમ નહોતું.

પરંતુ તેમની નાસિકની કામગીરીથી ખુશ થએલા પોસ્ટ માસ્તર જનરલે તેમનો ગ્રેઇડ વધારી કરાચીની હેડ પોસ્ટ ઑફિસના ડેપ્યુટી પોસ્ટ માસ્તર તરીકે તેમની નિમણૂક કરી. તે સાથે બીજો એક લાભ એવો થયો કે જેથી પિતાશ્રીને સંતોષ થયો. તે લાભ એ કે હવે પોસ્ટ ખાતાએ લંડનની ઍકાઉન્ટન્સી પરીક્ષાને મૅટ્રિક પાસની બરોબરની ગણી હતી, તેથી મોટા ભાઈને માટે પોસ્ટ ખાતાની નોકરીમાં માર્ગ ખુલ્લો થયો, અને મુંબાઈમાં વિવિધ હાડમારી ભોગવતા મોટા ભાઇને તરત જ ભાવનગર હેડ પોસ્ટ ઑફિસમાં પ્રોબેશનર તરીકે નિમણૂક મળી ગઈ. આથી પિતાશ્રી નાસિક આવીને કરાચી જતાં પહેલાં થોડી રજા વધારીને બા તથા બહેનને લઈ ભાવનગર આવ્યા. નાસિક છોડતી વખતે તેમનું બહુમાન થએલું, ને તેના મેળાવડામાં પોસ્ટ–સુપરિન્ટેન્ડેન્ટે ખાસ હાજરી આપેલી. નાસિકમાં જે કેટલાક કાયમના સંબંધો બંધાયા તેમાં ભવાનીશંકર ગોરનું કુટુંબ અમારા કુટુંબ સાથે કાયમની મમતા રાખતું રહ્યું. આ જ વખતે મારા જીવનમાં પલટો લાવનાર પ્રસંગ ભાવનગરમાં બન્યો.

૧૭૫ કૉલેજની સિલ્વર જ્યુબિલી

ભાવનગરની કૉલેજને પચ્ચીસ વર્ષ પૂરાં થયાં હોઈ તેની ઊજવણી (સિલ્વર જ્યુબિલી) બહુ ઠાઠથી ઊજવવાનો ઠરાવ થયો. પણ આ પ્રસંગ રૌપ્ય કે રજત મહોત્સવ કહેવાય એવું ત્યારે હજી કોઇને સૂઝ્યું નહોતું. ઉત્સવ-સમિતિ રચાઈ અને તેના મુખ્ય મંત્રી તરીકે શ્રી (હવે સ્વ.) ચંદુલાલ બહેચરલાલ પટેલ નિમાયા. મારી શક્તિના તે પ્રશંસક હતા એટલે તેમણે ઠરાવ્યું કે મારે હાથે નાટક જેવા પડદા ચીતરાવવા. તે પ્રમાણે તેમણે ખર્ચ મંજૂર કરાવીને એ કાર્ય મને ખાસ સોંપ્યું. આંબલીવાળાની નાટક કંપનીમાંથી પડદાના રંગો તૈયાર કરવાનું તેમ જ ઘેર રમકડા–થીએટરમાં પડદાઓ ચડે-ઊતરે તેવી રીતની દોરીઓ બાંધવાનું પણ હું શીખ્યો હતો. આ કામ મને ખાસ સોંપાયાથી તેનો ઉત્સાહ મારામાં તો હોય એ સ્વાભાવિક ગણાય, પણ મારા મિત્રોના મનમાં યે તેનો રંગ હતો. મસ્તરામે સ્ટેશન–બંગલાની ઉપરની પરસાળમાં મને જગ્યા કરી આપી અને ત્યાં બેઠાંબેઠાં મેં અગ્ર પ્રવેશનું ચોકઠું અને પહેલી જવનિકા માટે એક સરસ દૃશ્યચિત્ર તૈયાર કર્યું. મૂળ અંગ્રેજી ચિત્રમાં મુંબાઈની ચોપાટી જેવો ગોળાકાર સમુદ્રકાંઠો હતો અને કિનારાની રેતાળ ટેકરીઓ પર નાળિયેરીઓ તથા વચ્ચે ધોળાં મકાનો હતાં. તે પરથી મેં શિખરવાળાં મંદિરો કર્યાં. ભૂરા-લાલ-પીળા રંગોની બિછાતોવાળું એ દૃશ્ય સૌને કલ્પનામય લાગ્યું. બે વિંગો ઉપર એકમાં જ્ઞાન અને બીજા પર કળા સૂચવતી સુંદરીઓ ચીતરી. જ્ઞાન પાસે પુસ્તકો હતાં, કળા પાસે પીંછીઓ સાથે રંગપાટી હતી. આ પ્રતીકો પણ સૌને ગમ્યાં.

કૉલેજનાં નાટકો માટે અગાઉ કોઈવખત પડદા વપરાયા નહોતા. આ વખતે ઘંટડી વાગતાં નાટકની જેમ જ જવનિકાએ સૌ પ્રેક્ષકોનું લક્ષ આકર્ષ્યું, એની તરફ નજર પડતાંવેંત એની યોજના સૌકોઈને ગમી ગઈ અને એની સ્તુતિ થઈ. મોટો પ્રસંગ પડદા પાછળ ગોઠવાતો હોય ત્યારે જવનિકા પાડી દેવામાં આવતી અને તે વખતે એકાંકી પાત્રો બહાર આવી સંગીત કે વક્તૃત્વના પાઠો બોલી જતા.

એ કાર્યક્રમ ખતમ થયા પછી પ્રેક્ષકોમાં અંદરઅંદર વાત ચાલી કે કૉલેજમાં જ ભણતા એક વિદ્યાર્થીએ આ પડદાનું કાર્ય કરેલું છે. આથી કેટલાક સજ્જનોએ મને બોલાવીને જાહેરમાં મારી સાથે ભાવપૂર્વક હસ્તધૂનન કર્યું. મને બરોબર યાદ છે કે સ્વ. કૅપ્ટન જોરાવરસિંહજી ગોહિલે એની શરૂઆત કરેલી. આવા જાહેર સંમાનથી ઉત્તેજિત થઇને મેં મારા પ્રિન્સિપલ સમક્ષ જઇને તેમને વંદન કર્યું ત્યારે તેમણે મારા ખભા પર હાથ મૂકી કહ્યું: 'Why do you waste your life here? Go to an Art School and study painting (અહીં તારું જીવન વેડફી કેમ નાખે છે? કોઈક ચિત્રશાળામાં જઈ ચિત્રકામનો અભ્યાસ કર)'. એમના એ પ્રેરક શબ્દોએ મારા મન પર ચોટ કરી. ઘેર જઇને મેં મારા પિતાશ્રીને એ વાત કરી, પણ તેમણે એ વાતને હસી કાઢી. એ તો કહે: 'આપણે આપણું હિત વિચારવું જોઇએ. પેઇન્ટિંગમાં કોનો દહાડો સુધર્યો છે? તું પાસ થઇને કૉલેજમાં આવ્યો છે. એક વર્ષ પૂરું કરી નાખ એટલે તારે માટે મુંબાઈની જી. ટી. બોર્ડિંગમાં ગોઠવણ કરી આપીશ. એન્જિનીઅરિંગ તારી શક્તિ માટે અનુકૂળ ક્ષેત્ર થશે.' એમના લાગણીપૂર્વક બોલાએલા આ શબ્દો સામે હું કંઈ કહી શકું તેમ ન હતું, છતાં મેં કહ્યું: 'મને કૉલેજના અભ્યાસ પર કંટાળો છૂટ્યો છે અને ચિત્રો કરવાનો ઊમળકો વધે છે.'

'તારું મગજ થાકી ગયું લાગે છે,' તેમણે કહ્યું, 'એટલે તારે હવે રજાઓ પડવાની છે તેમાં તું મારી સાથે કરાચી ચાલ. તારાં બા હમણાં અહીં રોકાવાનાં છે. સિંધ મારે માટે પણ નવો મુલક છે. ત્યાં બધી ગોઠવણ થયા પછી તેમને બોલાવી લઈશ. તારી રજા પૂરી થાય ત્યાં સુધી તું કરાચીમાં રહેજે.'

એટલે મેંય મારી કૉલેજની ચોપડીઓનું બારખાનું પેટીમાં નાખી દીધું અને એ મે મહિનામાં પિતાજીની સાથે હું પણ કરાચી જવા નીકળ્યો. અમે અગાઉથી પત્ર લખેલો એટલે વીરગામના સ્ટેશને વેવાઈમંડળ ચા-પાણી લઇને મળવા આવ્યું હતું. સાથે બાળક બનેવીને પણ લઈ આવેલા, અને તેનું અવિકસિત કૌમાર જોઈ મેં બેનના ભાવિ વિષે ઘણી આશંકાઓ અનુભવી. મારા મિત્ર મગનલાલે મને વળતી મુસાફરીમાં રોકવાની માગણી કરી લીધી.

૧૭૬ કરાચીને રસ્તે

આ વખતે અમે સરકારી મંજૂરી પ્રમાણે સેકંડ ક્લાસમાં (આજના ફર્સ્ટ ક્લાસ જેવો) પ્રવાસ કરતા હતા. મહેસાણા સ્ટેશને ગાડી થોભી હતી ત્યાં એક સરસ બૂટ–સૂટવાળા હૃષ્ટપુષ્ટ મુસ્લિમ ગૃહસ્થ પસાર થયા કે તરત જ પિતાજી બોલી ઊઠ્યા: 'હલ્લો, મિસ્ટર બેગ!' પેલા ગૃહસ્થ આશ્ચર્યસ્તબ્ધ બની ઊભા રહ્યા અને પછી જરા વિવેક બતાવી ચાલ્યા ગયા, પણ થોડી વારમાં પાછા આવ્યા: 'સાહેબ, માફ કરજો. આપે મને બરાબર પિછાન્યો, પણ હું આપને ઓળખી શક્યો નથી. જરા મહેરબાની કરીને આપનો પરિચય આપશો?' એ સાંભળીને પિતાજી હસી પડ્યા: 'મિસ્ટર બેગ, તમે રાજકોટની ઑફિસમાં કારકુન હતા તે વખતે સરકારે બસરા જવા માટે કોઈ તૈયાર



નાસિકના પોસ્ટમાસ્તરના પદેથી પિતાશ્રી ઊંચા ગ્રેડમાં કરાંચી ગયા તે સમયનું વિદાયમાન : પિતાશ્રી ખુરશીમાં ડાબી બાજુથી સાતમા

હોય તો સારા પગારે ત્યાં ચાન્સ આપવાની જાહેરાત કરેલી. તે વખતે મેં તમને સલાહ આપેલી કે તમે જુવાન છો, માટે જરૂર જાઓ.'

'બસ બસ, રાવળ સાહેબ, આપનો એ અહેસાન વારંવાર યાદ કરું છું. આપની સલાહથી હું ગયો અને મને ઝડપી પ્રમોશનો મળ્યાં. આજ હું ત્યાં પોસ્ટ-માસ્તર જનરલ થયો છું,' એમ કહીને તેમણે ખૂબ ભાવપૂર્વક નમન કર્યું.

એમના ગયા પછી પિતાજીએ મને કહ્યું : 'બસરાનો પ્રદેશ તાજેતરમાં બ્રિટિશને હાથ પડ્યો છે ત્યાં પોસ્ટ માટે અનુભવી માણસોની જરૂર પડતાં તે માટે સરકારી આવાહન આવ્યું હતું. હું પણ જઈ શક્યો હોત, પણ તમારાં બાએ રઢ કરી કે દૂર જવું નથી; હું ગમે તે સ્થિતિ અહીં ભોગવી લઈશ. એટલે તેમને નારાજ ન કરવા મેં ઉમેદવારી ન કરી; નહિ તો આ ભિગ તો એક કારકુન હતા; હું તો વધારે ઊંચો હોદ્દો મેળવી શક્યો હોત. છતાં હાલ મને સંતોષ છે.' મેં પૂછ્યું : 'એ તો બરાબર, પણ તમે એમને આટલાં વર્ષો બાદ ઝડપથી ઓળખી કેમ શક્યા?' એમણે કહ્યું : 'એ જ મારી ખાસિયત છે. હું એક વાર જોએલા માણસને ભૂલી શકતો નથી, વર્ષો જાય તોપણ તેનો અણસાર મારા મનમાં જડાઈ રહે છે.'

મારવાડ જંકશનથી અમે જોધપુર–બિકાનેરની ટ્રેઇનમાં ફેરવાયા અને રાત પસાર કરી છેક બીજા દિવસ પાછલે પહોરે હૈદરાબાદ વટાવી રોહરી જંકશને પેશાવરથી આવતી મોટી ગાડીમાં ફરી ગોઠવાયા. સમી સાંજે ગાડી કરાચી પહોંચી ત્યારે સ્ટેશન પર અમને લેવાને ઘણા માણસો આવેલા જોયા. તેમાં એક ખોજા ગૃહસ્થને જોતાં જ પિતાજીએ લાક્ષણિકતાથી તેમનું નામ દઈ બોલાવ્યા તેવા જ એ બોલી ઊઠ્યા : 'અરે, મા'શંકરભાઈ, ત્રીસ વર્ષ બાદ પણ મને ઓળખી શકશો એનો મને ખયાલ નહોતો. પણ તમે આવો છો એમ સાંભળી આવ્યો.'

કરાચીમાં અમને ઉતારો આપે એવા બે-ચાર સ્નેહી સજ્જનો હતા. પણ મહાત્માશ્રીના એક અનન્ય શિષ્ય (લોહાણા જ્ઞાતિના) ગોરધનદાસભાઈએ આગ્રહથી કહ્યું હતું કે 'કરાચીમાં મારા વેવાઈ લખમશી શેઠને ત્યાં જ તમારે ઊતરવું. એમને ત્યાં ઘોડાગાડીની સગવડ છે. તેઓ શ્રીમંત છે અને તમે ઊતરશો તો તેઓ પણ રાજી થશે.' અને ખરેખર લખમશી શેઠે તેમના સ્નેહી મંડળને ફૂલહાર સાથે સ્ટેશન પર આણ્યું હતું. ગુજરાત બહાર વસેલા ગુજરાતીઓ ગુજરાતમાંથી આવતા જનો પ્રત્યે કેવો સદ્ભાવ અને ઊમળકો રાખે છે તે મેં તે દિવસે અનુભવ્યું. વળી, એ વખતમાં દેશમાંથી કોઈ ઊંચા સરકારી હોદ્દેદાર કરાચીમાં આવે તો તેની વિશેષતા ગણાતી. (ચાલુ)

'મદીલી' એટલે કોઈ સર્વગુણસંપન્ન, લાવણ્યમયી ભરપૂર સુકોમળ મુગ્ધા હરિણીની ચાલે ચાલી જાય ને પછી ક્યાંક જરા ઊંચે સ્થાને જઇ, ડોક ઊંચી કરી, સામે મદભર નયને એકી ટશે જોયા કરે—એ અર્થમાં છે આ

મદીલી નગરી

પ્રેમને કવિજનોએ કોઈ 'અદ્ભુત પદારથ' કહ્યો છે. એનું સામ્રાજ્ય ચારે કોર છે. પ્રેમના વિષય ઉપર પુસ્તકો પણ ઢગલાબંધ લખાયાં છે. (ના જી, અહીં પ્રેમ ઉપર નિબંધ લખવાનો અમારો ઇરાદો નથી.) વળી પ્રેમનાં અનેક પડખાં છે: કાચો પ્રેમ, પાકો પ્રેમ, ત્યાંથી માંડી એમાં સ્વાર્થ હોય, ભોગ હોય, કામ હોય, સમર્પણ હોય, આત્મભોગ હોય, આદર્શભાવના હોય,—એવાંએવાં એનાં શુદ્ધ-વિશુદ્ધ પડખાંથી પણ આપણે અજાણ નથી; કોઈ અજાણ નથી.

બધાંએ બધા જ અનુભવ ન કર્યા હોય, પણ એ વિષે ઘણાં અજાણ્યાંતો નહિ જ હોય. નવલકથાઓમાં, નાટકોમાં, કાવ્યોમાં પ્રેમના કિસ્સા તથા અનુભૂતિ આપણે રોજબરોજ જોઈએ છીએ—વાંચીએ છીએ, અને સામાન્ય રીતે પ્રેમનો અર્થ સમજીએ છીએ, એટલે એની ચર્ચામાં આપણે નહિ ઊતરીએ. પ્રેમનાં કાવ્યોમાં પ્રેમનો ભાવ જે રીતે તરવરતો લાગે છે, એ અર્થમાં યૂરોપમાં જો કોઈ શહેરમાં પ્રેમનું સામ્રાજ્ય વિસ્તરેલું લાગે તો તે વીએનામાં, એવો ઘણાનો અનુભવ છે. મારો પોતાનો પણ એ નમ્ર મત છે. એની સાથે હરીફાઈમાં ઊતરે એવું શહેર તે ફક્ત પારી(સ). પણ જે બંને શહેરોમાં રહી તાગ કાઢે છે એમને વીએનામાં એની સુરખી, વાતાવરણ, મુલાયમતા, ઝીણી વિસ્તરેલી ચદરિયાં વધારે મદીલી ને તાજગીદાતા છે એવું લાગ્યું છે.

રોમ, લંડન, આમ્સ્ટર્ડામ, બર્લિન, મ્યૂનિખ, વેનિસ, મિલાન, માડ્રિડ, પારી(સ), જીનિવા, મૉસ્કોએ—સૌસૌનું અનોખું વ્યક્તિત્વ છે જ. કો'કમાં ધર્મરાગ, કો'કમાં કલાશૉખ, કો'કમાં મીઠી બેપરવાઇ, કો'કમાં શેખી: એ દરેકનું પૃથક્કરણ કરવા બેસીએ તો એકેકનું જુદું પ્રકરણ થાય. પણ એ બધાંથી અલાયદું પ્રેમની મદીલી મસ્તીથી તરવરતું શહેર તે તો વીએના જ. ત્યાં પારી(સ)નો છાક-છટપટાટ નથી; પારી(સ)ની રીતે ત્યાં ખર્ચાળ અને માદક ખાનપાન નથી; પારી(સ)ની રોજિંદી પરદેશીઓની આવનજાવનની ધમાલ ત્યાં નથી; પારી(સ)માં પ્રેમની જોવા મળે એવી જાહેરાત પણ અહીં નથી, એટલું જ વીએનાને પહેલું સ્થાન આપવા માટે બસ નથી? પારી(સ) રંગીલું છે, વીએના મદીલું છે. એ મદ અહંકાર કે ગર્વનો નથી; છાક કે છટપટાટનો નથી; સર્વગુણસંપન્ન લાવણ્યથી ભરપૂર સુકોમલ મુગ્ધા હરિણીની ચાલે ચાલી જાય, અને પછી ક્યાંક જરા ઊંચે સ્થાને જઈ, ઊંચી ડોક કરી, સામે મદભર નયને એકીટશે જોયા કરે, એ અર્થમાં આ 'મદીલી' નગરી છે. જરા તોર છે, જરા ખુમાર છે; પણ ખુમારી તો નથી જ. અનહદ લાવણ્ય છે, સુકુમારતા છે, નજાકત છે, મીઠાશ છે, સ્વસ્થતા છે, તરવરતી સુરખી પણ છે; તો યે મુગ્ધા છે, પ્રગલ્ભા નથી. છાક હોય ત્યાં આવરણ ન હોય. અહીં આખી નગરી ઉપર એક અનેરું, ન સમજાય એવું ગૂઢ છતાં રમ્ય આવરણ છે. અત્યંત સુંવાળા અને આકર્ષક, મનોહર અને મનોરમ, દેખાય-ન દેખાય એવા ઝીણા તાણાવાણાથી એ વણાએલું છે. માડ્રિડમાં આપણે ડૉન કિહોટેના પ્રેમમાં પડ્યા અને નાટક ચૂક્યા, પણ અહીં વીએનામાં તો શહેરની પ્રેમભાવનામાં જ નાટકશાળા સામી મળશે!

માડ્રિડથી ઊપડ્યા 'કે. એલ.એમ.'ના પ્લેનમાં, તે જીનીવા ઊતરી, ઝુરીખ થોભી પહોંચ્યા વીએના. ત્રણે ટુકડા કે. એલ. એમ.માં જ કર્યા, બીજી સર્વિસો મળતી હતી છતાં. કારણ, એક નજીવી ત્યાગવૃત્તિથી મને સારો ફાયદો થયો. માડ્રિડથી ઊપડતાં હું મારી જગ્યાએ ઠાવકાઈથી બેઠો હતો ત્યાં સલૂકાઈથી એરહોસ્ટેસે આવી પૂછ્યું કે 'તમે એકલા જ છો?' મેં કહ્યું: 'હા, આજે નહિ, જન્મ્યો ત્યારથી જ; અને આ સાઠને ઉમ્બરે પહોંચ્યો પણ એકંદરે તો એકલો જ.' સલૂણી ખડખડ હસી, અને મને ઉઠાડી પૂછ્યું કે 'તમને બીજે બેસાડું તો કંઈ વાંધો છે?' મેં કહ્યું: 'દોઢ-બે કલાકમાં જીનીવા, એમાં વળી વાંધો શો?' એટલે એણે મને એક ખૂણામાં ઊભો રાખ્યો, એક યુગલને બોલાવી લાવી, બંનેને પેલી મારી અને મારી બાજુની જગ્યામાં બેસાડી કહે છે કે 'આ બે વરબૈયરને સાથે બેસવું હતું તેથી તમને ઉઠાડ્યા, માફ કરજો; હવે આવો, હું તમને બેસાડું', કહી મને પ્લેનના પાછલા ભાગમાં લગભગ ખાલી જેવી જગ્યામાં લઈ જઈ બેસાડ્યો. ત્યાં બે નાના પોટ્ટાઓ, એક એમની મા, હું, અને બાકી દસ-બાર ખુરશી ખાલી!

જમવાનું આવ્યું ત્યારે ખબર પડી કે આ તો ફર્સ્ટ ક્લાસ; સાથેના પીણાં મફત; ખાવાનામાં કોઈ જ પ્રકારની ચીજની અછત નહિ. મેં ટિકિટ કાઢી બતાવવા માંડી તો પેલી સલૂણી કહે છે કે 'તમને આ ક્લાસમાં મેં બેસાડ્યા છે, એટલે હવે તમારે એની સજા ભોગવવી જ પડશે! મજાહથી ખાઓપીઓ અને અમારા યુરોપના આલ્પ્સની ખૂબી નિહાળ્યા કરો.'

જીનીવામાં બે દિવસ અમારાં સૌકોઈનાં વીરૂ માશીને ત્યાં રહી, ફરીવાર જીનીવા ફરાગતથી જોઇ, ઝુરીખમાં જૂના દોસ્તોને મળી વીએના પહોંચ્યો. વીએનામાં તો ઘર જેવું હતું, હોટલમાં ઊતરવાનું નહોતું. સુભાષ ધાર ઍટમિક એનર્જીમાં કામ કરતા હતા, અને અમારા મિત્ર ગગનભાઈની દીકરી તે સુભાષની વહુ નીલાંજનાબેન ભારતમાં મહાલતાં હતાં, એટલે એ ઘરમાં હું ધારું તેટલાં ઠંડી હઠાવવા હીટરો ચલાવી જગ્યાને ગરમ રાખી શકું એમ હતું. વળી ભારત પાછા ફરતાં ઑસ્ટ્રિયાની રંગત પણ જોઈ લઈએ, હેલસિન્કીમાં મળેલા અહીંના પ્રતિનિધિઓને પણ મળી લઈએ, અને આંખના નિષ્ણાત ડાક્ટરો વીએનામાં ઘણા એમ સાંભળેલું તેની પણ જરા તપાસ કરી લઈએ એમ વિચારી (લગભગ બારને શુમારે) વીએના ઊતર્યો.

હાં, જીનીવા જાઓ તો પચાસ-સાઠ માઇલ દૂર શામોની જરૂર જજો; કોઇ મોટર મળે તો ચોક્કસ ઊપડજો. ત્યાંથી મોં બ્લાં, (માઉન્ટ બ્લાંક) જોવાનું ન ચૂકજો. ઓહોહો! તાપ, બરફ અને...પહાડોનું સૌન્દર્ય...! પણ એ વિષે તો મૉસ્કોથી પાછા ફરતાં આપણે ગુમાવી બેઠેલા કૈલાસગિરિની બાજુએથી નીચે દીલ્હી ઊતરતાં જે આહ્લાદક અને રોમાંચક દશ્યો જોવાના છીએ ત્યારે બયાન કરીશું.

લંડન, પારી(સ), રોમ કે ફ્રાંકફુર્ટ જેવું છાતી ધડકાવી દે એવું અહીંનું એરોડ્રોમ મોટું નહિ, સાદું; મુંબાઈ-દિલ્હી કરતાં પણ નાનું. ત્યાંથી એમની બસમાં એર ટર્મિનસ પહોંચ્યો. રસ્તે એક જ વિચાર વમળાતો હતો કે આવ્યા તો છીએ, પણ દોઢ મહિના પહેલાં લખેલા

કાગળને ભરોંસે અને સુભાષભાઈએ આપેલી તારીખ પ્રમાણે. પણ એ બન્દા ક્યાંક દફતરી કામે રોકાયા હોય, ત્યાંથી એકબે દિવસ મોડા વીએના આવે, તો આપણે આ નવા પ્રકારની જર્મન ભાષામાં જાતને ક્યાં અને કેમ હંકારવાની? પણ એક વાર યુરોપના ખદેડુ થઈ ગયા પછી, અને આ હવે વીશમો કે બાવીશમો ભોંય-ઉતારો હોવાથી હૈયા-ધડકન પ્રમાણમાં કંઈ જ નહોતી. આખી બપોર અને સાંજ આપણી છે, દેખ લેંગે।

આસપાસની ગરીબી, ભાંગફોડ ને ભંગાર જોતાજોતા ભરબજાર-માં પહોંચ્યા. વિશાળ રાજમાર્ગ, બસમાંથી ઊતર્યા. થોડા ઘણા પ્રવાસીઓ તો બહારથી જ રસ્તે પડ્યા. હું દફતરદાર પાસે જાઉં છું તો ત્યાં, એક તરતા કપાળવાળી, ગોરી, ચબરાક આંખોવાળી છોકરી ટીકી ટીકીને મને જુએ છે ને દફતરદારની સામે જુએ છે. દફતરદાર મને બેસવાનું કહી મારું નામ પૂછે છે અને તરત જર્મન ભાષામાં બાજુમાં બેઠેલી છોકરીને હકારમાં કંઈ સૂચવે છે. દફતરદાર થોડી ક્ષણો બાદ મને પૂછે છે કે આ સુકન્યાને તમે ઓળખો છો? હું વિમાસણમાં પડી હવે એમનું મોં ટીકીટીકીને જોઉં છું; પણ મને શી ખબર કે સુભાષ ધાર ઑફિસમાં કામમાં હોઈ જરા મોડું થવાનું, એટલે આ કન્યકાને મારી બરાબર ઓળખાણ આપીને તેડવા મોકલશે? નહિ, બુદ્ધિ નહિ ચાલી. બૅગ બહારથી અંદર આવી, એટલે તે મુકાવી આ કન્યા કહે છે કે ચાલો બાજુમાં, કૉફી પીએ; મિ. ધાર એટલામાં આવી પહોંચશે. મને ન ઓળખી? નહિ જ ઓળખો; શી રીતે ઓળખો?' એમ સુંદર અંગ્રેજીમાં બોલી મને એ દોરવી લઈ ગઈ.

કોણ હશે આ છોકરી? નથી પોતાનું નામ કહેતી, અને નથી મને પૂછવાનો મોકો પણ આપતી. રસ્તે, કાફેમાં જઈ બેઠાં ત્યાં એની વાતો તો ચાલુ જ છે. વીએનામાં કાફે એટલે સંસ્થા. દુનિયાભરમાં કાફેઘર હશે, ભારતમાં તો અનેક, દક્ષિણ ભારતમાં તો અસંખ્ય. પરંતુ વીએ-નાનાં કાફે એટલે એક વિશિષ્ટ પ્રકારની સંસ્થા. એ ઘર છે, ઓટલો છે, ચૌરો છે, દફતર છે, વેઇટિંગ રૂમ છે, આરામગાહ છે, અને અડ્ડો છે! એક કપ કૉફીનો પીતાં, પીને, બાર કલાક ત્યાં બેઠા રહો તો યે કોઈ તમારું નામ ન દે તેમ વળી કેટલાંક ખાસ રેસ્ટોરાંમાં તો એક ડઝન નહિ પણ ચાર ડઝન એટલે કે ઉડતાળીશ જાતની કૉફી પીવા મળે! નરમ, કડક, દૂધાળી, અતિ કડક, તદ્દન કાળી, લવંગિયા, ફિરાંસિયા, ઓરીઍંટલ, એશિયાઈ, અરબ્બી 'કાવાહ' સ્વાદની, રોમા, ઇટાલી-આના, અમેરિકાના, ક્રીમ સાથે, રમ સાથે, કોનિયાગ સાથે, ચિકોરી, વરાળિયા...જેવા તમારા સ્વાદ, જેવી તમારી ધૂન, જેવો તમારો દિમાગ. અહીં બેઠાં છાપાં વાંચો, કવિતા લખો, નવલકથા વિચારો, પ્રેમપત્ર ઘોળો, સંગીતની સુરાવલી યોજો. પારી(સ)-રોમનાં કાફેથી અહીંનાં કાફેનો સંપ્રદાય અલાયદો છે. ક્રીમથી ફુલાવેલો કડક કૉફીનો કપ પૂરો કર્યો હશે એટલામાં સુભાષ ધાર આવી પહોંચ્યા. અમે બે પઠાણી ઢબથી ભેટ્યા. પછી એ મને પેલી કન્યકા માટે પૂછે છે, જાણે હું જ એને મારી સાથે લઇને આવ્યો હોઉં એમ! ચોર કોટવાલને દંડે એ રીતે વાત કરવા માંડી: 'સી. સી. ભાઈ! આ કોણ?' પછી ઉત્તરે છે: 'આ તો તમારા દોસ્તદારની દીકરી. એને તમે નહિ ઓળખી શક્યા? અનિતા બોઝ!'

તરત ભૂતકાળ ખડો થયો. નેતાજીનું એ જ તરતું કપાળ, એ જ ગૌરવર્ણો ચહેરો, એ જ સ્વસ્થતા, એ જ વિશિષ્ટ પ્રકારના હોઠ. ઈ. ૧૯૩૦ થી ૧૯૩૯ સુધીના અનેક પ્રસંગો કરાચી, મુંબઈ કલ-કત્તામાં અમે સાથે ગાળેલા દિવસો, કરેલી કઈક વાતચીતો, બધું કડી-બદ્ધ મગજમાં જમા થઈ ગયું. (વિગતો 'બાંધગઠરિયાંમાં જોઈ લેવી.) એમની દીકરીને તો મેં જોએલી જ નહિ. સુભાષે લંબાણ કર્યા વિના તરત જ ઓળખાણ કરાવી, અને બે કલાક પહેલાં જ એ એને અમ-સ્થી મળવા ગઈ હશે, ત્યારે મારે વિષે એને એણે વાતો કરેલી—એ બધું એ મને કહ્યા કરે! પણ મારાથી તો અનિતાને માથે હાથ મુકાઈ ગયો, આંખમાથી બે-ત્રણ ઉમળકાનાં આંસુ ટપકી પડ્યાં. ત્યાર બાદ અમે ત્રણેએ સુભાષની ગાડી તરફ ચાલવા માંડ્યું.

'મારા પિતાજી માટે તમે જે જાણતા હો તે કહો. મિ. ધારે મને કહ્યુ છે કે તમે કરાચી કૉંગ્રેસમાં સાથે હતા, પૉંડીચેરીમાં પણ થોડો વખત સાથે હતા.' અચંબાની ચા વિસ્મયની પાકી પકડમાંથી હું હજી છૂટ્યો નહોતો. સુભાષ ધારને હજી દફતરમાં કામ, ઘર અહીંથી ઠીકઠીક આઘું; એટલે ત્યાં એટલામાં જ અમારે લંચ લેવું, મારે સાંજ સુધી ત્યાં જ ફરવું, અને એ કામ પરથી પરવારીને આવે એટલે સાથે ઘેર જવું એમ અમે નક્કી કર્યું. અનિતા એનાં મા મિસિસ સુભાષ બોઝ સાથે બીજે છેડે રહે. જમી, થોડો સમય એની સાથે જાતજાતની વાતો કરી, શહેરની થોડી માહિતી અને નકશા લઈ, ફરીથી મળવાનું નક્કી કરી અમે છૂટાં પડ્યાં. હું ભોંયરાના રસ્તા, ટ્રામ, આસપાસના લત્તા, અને શહેરનો તાગ કાઢવા મોટે ભાગે પગનો ઉપયોગ કરવામાં પડ્યો. સાથેસાથે આ સ્વસ્થ છોકરીના સ્વભાવમાં પિતાની કેટલી છાપ પ્રગટી ઊઠી છે એનો પણ તાગ કાઢવાના કામમાં લહેરાયો.

સુભાષચન્દ્ર બોઝ યાદ આવ્યા, એટલે લડાઈ યાદ આવી, અને લડાઇએ પાડેલ જખમોની નિશાનીઓ જોતાં, વાતો સાંભળતાં ઠરી જ ગયો! ઈ. ૧૯૪૫ પછી અહીં કોઈના ઘેર ફર્નિચરમાં ખુરશીનો પાયો કે ખાવાનો ચમચો નહોતો રહ્યો. લડાઈ એટલે લડાઈ. રશિય-નોએ એવું કર્યું? જર્મનોએ શું બાકી રાખ્યું હતું? અસલ રોમનો ચડેલા ત્યારે, તે ત્યારથી ચીના ચસક્યા ત્યાં સુધી, હલ્લો કરનારાઓએ પાછા જતાં મારફાડ, ખૂનરેજી અને લૂંટફાટ ન કરી હોય એવો દાખલો જગ-તને ચોપડે નોંધાએલો હજી જાણ્યામાં નથી. વીએના સારી પેઠે ઘવાયું હતું. કઈ હદ સુધી એ તો આપણે પછી જોઈશું. પણ તૂટેલી ઇમારતોનો ભંગાર દસ વરસે હજી ક્યાંક નજરે ચડતો હતો. સુભાષ ધારે રાતે મને વીએનાની લડાઈનો અને લડાઈ અંતે જે સ્થિતિ હતી એનો ચિતાર સંભળાવ્યો ત્યારે મને કમકમાં આવ્યા વિના ન રહ્યાં.

વીએનાનાં ઘણાં વતનીઓને હું મળ્યો, પણ કોઈ એ સંબંધી રોદણાં રડ્યાં નથી. ઑસ્ટ્રિયનોને પરદેશીઓના હુમલાની નવાઈ નથી. (એમ તો ભારતમાં યે ક્યાં પરદેશીઓએ ઓછા હુમલા કર્યા છે? અને અગાઉ ભારતે પણ ક્યાં ભારત બહાર હુમલા કરવામાં બાકી રાખી છે?) અને જર્મનો અને રશિયનો આવ્યા, તે પહેલાં અ-સલી રશિયનોએ અને તુર્કોએ ક્યાં બાકી રાખ્યું હતું જે? વચગાળે એક સાત વર્ષના ગાળામાં તો તુર્કોએ ૧૮૮ વાર હલ્લા કર્યાના દાખલા નોંધાએલા છે. ઈ. ૧૬૮૩માં તુર્કીનો મોહંમદ ચોથો, પોતાને 'પૃથ્વીના અને સ્વર્ગના બધા રાજાઓનો બાદશાહ' કહેવડાવી ઓસ્ટ્રિયા ઉપર ત્રાટકવા આવ્યો ત્યારે, તે વખતના ઑસ્ટ્રિયાના રાજા લિઓપોલ્ડને એણે લખી જણાવ્યું; 'અમે તારે બારણે આવીએ છીએ. અમારી પાસે તેર તો ખંડિયા રાજા અને એમનાં લશ્કરો છે. અમારા ઘોડાઓની એડી નીચે તારી સલ્તનતને ચપટીમાં ચગદી નાખતાં અમને વાર શી? માટે તારા પાટનગરમાં તું તૈયાર બેસજે, જેથી અમે ત્યાં ખૂનરેજી કરી શકીએ અને આગની જ્વાળાઓ પ્રગટાવી શકીએ; અને ત્યાર બાદ ત્યાં તારી ગાડી ઉપર જ તારું ડોકું પણ કાપી શકીએ.' મોહંમદ ચોથાએ બહુ ધડાકા કર્યા, ધમપછાડા માર્યા, પણ વીએના શહેરના પાદર ઉપરથી જ આખરે એને વીલે મોઢે પાછા ફરવું પડ્યું. (ચાલુ)

કલાવાર્તા

શિલ્પકાર કાન્તિલાલ પટેલ

વલ્લભવિદ્યાનગરમાં પ્રવેશ કરતાં જ પ્રથમ ચાર રસ્તાના સંગમે વિશાળ વર્તુલમાં એક ઊંચી સ્તંભપીઠ પર ઊભેલી સાડાબાર ફૂટની એક વિશાળકાય કાંસ્યપ્રતિમા કોઈપણ નવા આગંતુકનું ધ્યાન ખેંચ્યા વિના રહેતી નથી.

ગમે તેવા અજાણ્યા જનો ઉપર પણ સરદારના વ્યક્તિત્વની છાપ પાડે તેવી આ પ્રતિમાના સર્જક યુવાન શિલ્પકાર કાન્તિલાલનું વય ભાગ્યે જ આડત્રીસ વર્ષનું છે, છતાં ભારતમાં ક્યાંય નથી એવું મોટાકદનું માનવ-શિલ્પ કરવાનું સદ્‌ભાગ્ય તેને સાંપડ્યું છે. વલ્લભ-વિદ્યાનગરમાં જ તેનો નિવાસ અને કલાગૃહ આવેલાં છે. દેશવિદેશના અનેક મુલાકાતીઓએ ત્યાં જઈ તેની કલાશક્તિ વખાણી છે. દર વરસે દસ-પંદર હજાર કૉલેજ-વિદ્યાર્થીઓ સરદાર વિદ્યાપીઠની કૉલેજોમાં પદવીના અભ્યાસ માટે આવે છે તેઓમાંથી કોઈક જ એમના શિલ્પ-ગૃહથી અજાણ હશે.

કાન્તિલાલના પિતાશ્રી બલદેવભાઈ મથુરભાઈ પટેલ વ્યવસાયે ડૉક્ટર. તેમણે લગભગ ૪૦ વર્ષ બોર્નિયોમાં (મલાયા પાસે) ગાળ્યાં છે. તેમના ચાર પુત્રો કાન્તિભાઈ, કનુભાઈ, મહેન્દ્રભાઈ ને રમેશભાઈ, તેમ જ બે પુત્રીઓ ધીરુબેન અને રંજનબેન પૈકી કનુભાઈ વિમાની પાયલટનું કામ શીખે છે, મહેન્દ્રભાઈ એન્જિનીઅરિંગ કૉલેજમાં લેક્ચરર છે અને રમેશભાઈ આર્કિટેક્ટ (ભવન નિર્માતા) થઈ વધુ અભ્યાસ માટે અમેરિકા ગયા છે.

સૌથી મોટા કાન્તિલાલનો જન્મ બોર્નિયોમાં ૧૯૨૫ની પહેલી જુલાઈએ થએલો. બાળપણનાં પહેલાં છ વર્ષ બોર્નિયોમાં જ વીત્યાં, પણ પ્રાથમિક શિક્ષણ તો ૧૯૩૦માં



પોતાનાં માતાપિતા સાથે વતન સોજિત્રા (આણંદ પાસે) આવીને અહીં જ લીધું.

તેમના પિતાશ્રી ગાંધીવાદી વિચારસરણી ધરાવતા હોઈ, ૧૯૩૦ થી '૩૫ સુધી ભારતમાં હતા ત્યારે રાષ્ટ્રીયચળવળમાં ઘવાએલા સૈનિકોની તેમણે ખૂબ સેવા કરેલી. સોજિત્રામાં કોઈપણ ડૉક્ટર જે કાળે અસ્પૃશ્યોની દવા કે તપાસ સુદ્ધાં કરવા જતા નહિ તે સમયમાં તે જાતે તેમની પાસે જઈ વિનામૂલ્યે શુશ્રૂષા કરતા. ૧૯૩૫માં બે પુત્રો અને એક પુત્રીને માધ્યમિક શિક્ષણ માટે ગુજરાત વિદ્યાપીઠમાં મૂકીને તે ફરી બોર્નિયો ગયા. બીજા વિશ્વયુદ્ધમાં બોર્નિયો જાપાની કબજામાં ગયું અને પાંચ વર્ષ સુધી તેમનો સંપર્ક થઈ શક્યો નહિ. તે વખતની વિકટ પરિસ્થિતિ, જોખમો અને ત્રાસનો તેમનો તાદૃશ અનુભવ માનવ-જીવન માટે અઘોર કસોટી રૂપ હતો.

યુદ્ધવિરામ થયા બાદ ૧૯૪૬ પછી બોર્નિયો મુક્ત થયું અને તેઓ બીજા બે પુત્રો તથા પુત્રી સાથે સહીસલામત વતન આવ્યા ત્યારથી નિવૃત્તિપરાયણ રહ્યા છતાં નેત્રયજ્ઞો, દંતયજ્ઞો વગેરે સેવાકાર્યો કરતા રહ્યા છે અને ઘરમાં અંબર ચરખો ચલાવી જીવન ગુજારતા રહ્યા છે.






'અંગના' વાર્ષિક તરફથી અપાતા પારિતોષિક માટેની પ્રતિમા; ડાબી બાજુ: ગોપકુમાર

કાન્તિલાલે ગુજરાત વિદ્યાપીઠમાં રહી અભ્યાસ કરતાં કરતાં ત્યાંના ઉદ્યોગવિભાગમાં શિલ્પ-શિક્ષણગુરુ શ્રીદત્તા મહા પાસે પ્રતિમા-શિલ્પનો પ્રારંભ કર્યો હતો. નાનપણથી જ તેમને ચિત્રકામમાં રસ હતો અને ચિત્રના દરેક વર્ગમાં પ્રથમ કક્ષા મેળવી હતી, તેને વિદ્યાપીઠમાં આવ્યા પછી ખૂબ વેગ મળ્યો અને શ્રી દત્તા મહાએ પણ આ વિદ્યાર્થીમાં ઊંડો રસ લઈ કલાની ભાવના અને ભક્તિ તેનામાં દૃઢ કર્યાં, તેથી તેનું જીવન પ્રફુલ્લિત બની ગયું.

૧૯૪૨ની દેશવ્યાપી ચળવળ—આખરી સત્યાગ્રહસંગ્રામ શરૂ થયો તેમાં તેણે ઝંપલાવ્યું. સુરત જિલ્લો પસંદ કરીને ત્યાં પત્રિકાઓ લખી જાગૃતિ ચાલુ રાખવાનું કામ કર્યું. ૧૯૪૨ની ૨૧મી સપ્ટેમ્બરે બારડોલીમાં કૉર્ટ પાસે પિકેટિંગ કરતાં છ માસનો જેલવાસ મળ્યો. ત્યાં પણ ચિત્રકામ ચાલુ જ રાખેલું.







મથાળે: વલ્લભવિદ્યાનગરના ચોકમાં મૂકેલી સરદાર વલ્લભભાઈની ૧૨ ફૂટના અતિમાનવ કદની પ્રતિમા ઉપર કામ કરતા શિલ્પધર કાન્તિલાલ; ડાબી બાજુ-ઉપર: 'ગાંધર્વયુગલ'ની તકતી; ડાબી બાજુ નીચે: ગુજરાતના રાજ્યપાલશ્રી મેંહદી નવાઝ જંગની પ્રતિમા ઘડતા. સામેના પાના ઉપર: કલાગુરુ રવિશંકર રાવળની એમણે ઘડેલી પ્રતિમા. નીચે: કાન્તિલાલે ઘડેલી ગાંધીજીની પ્રતિમા.

છૂટ્યા પછી મુંબાઈની સર જે. જે. સ્કૂલ ઑાવ આર્ટમાં દાખલ થઈ એ વર્ષ કર્યાં તેમાં શિલ્પકાર્ય તરફ ઝોક વધ્યો, એટલે પ્રથમ ગુરુ શ્રી દત્તા મહાનું માર્ગદર્શન મેળવી નાગપુર પાસે ખામગામમાં શિલ્પાચાર્ય શ્રી મુકુન્દ શ્રીકૃષ્ણ પંધેજી પાસે જઈ કલાસાધના કરી.

શ્રી પંધે ગુરુજી મૂળ નાગપુરના બ્રાહ્મણ. કૉલેજના બીજા વર્ષમાં હતા તે સમયે ગાંધીજીની હાકલથી સત્યાગ્રહ ચળવળમાં ભાગ લઈ જેલ પણ જઈ આવેલા; અને ત્યારથી ખામગામના તિલક વિદ્યાલયમાં શિક્ષણક્ષેત્રમાં સ્થિર થઈ રહ્યા છે. ૧૯૨૭માં રાષ્ટ્રીય શિક્ષણની જરૂરિયાત ઊભી થઈ ત્યારે એ સંસ્થા સ્થપાએલી, અને તેમાં ચિત્રકલા અને પ્રતિમાશિલ્પનો પણ અભ્યાસક્રમ રાખેલો.

પંધેજી એ કોઈ પણ કલાશાળામાં અભ્યાસ કર્યો નથી, પરંતુ વિદ્યાર્થીઓને ચિત્રકલા અને પ્રતિમાવિદ્યા શીખવતાં જ પોતે સિદ્ધહસ્ત થયા છે. તેમના હાથ નીચે તૈયાર થએલા અનેક વિદ્યાર્થીઓ જુદીજુદી સંસ્થાઓમાં તેમજ સ્વતંત્રપણે કામ કરે છે. પોતે લલિતકલા અકાદમીના સભ્યપદે પણ પહોંચ્યા છે. નાગપુર મ્યુઝિયમમાં તેમની કૃતિઓ સંઘરાએલી છે.

કાન્તિલાલ એ સંસ્થામાંથી પ્રતિમાશિલ્પમાં પ્રથમ શ્રેણી પ્રાપ્ત કરી વતન આવ્યા તે વખતે બીજું વિશ્વયુદ્ધ સમાપ્ત થતાં તેમના પિતાશ્રી પણ સોજિત્રામાં આવી ગયા હતા. ત્યાં તેમણે કામચલાઉ શિલ્પગૃહ ઊભું કરી કેટલીક સંસ્થાઓ માટે કામ કર્યું. તે દરમિયાન અડાસસ્ટેશન પાસે નિર્દોષ બલિ બનેલા પાંચ શહીદ વિદ્યાર્થીઓનો સ્મારકસ્તંભ રચવાની સલાહ-સમિતિમાં શ્રી રવિશંકર રાવળ હતા તેમણે કાન્તિલાલની શિલ્પશક્તિનો એ સ્મારકમાં યોગ કર્યો. પૉલીસ અત્યાચારનું દૃશ્ય કાન્તિલાલે શિલ્પમાં યથાયોગ્ય તૈયાર કર્યું તે જોવા શ્રી રવિશંકર રાવળ સોજિત્રા ગયા ત્યારે સુભાગ્યે તે જ દિવસે વલ્લભવિદ્યાનગરના વિશ્વકર્મા શ્રી ભાઈકાકા પણ પોતાને વતન, સોજિત્રા આવેલા, એટલે શ્રી રાવળે કાન્તિલાલની શક્તિ તેમની નજરે પાડી. તેમણે તો ઉત્સાહપૂર્વક કાન્તિલાલને વલ્લભવિદ્યાનગરમાં સંપૂર્ણ સગવડવાળું શિલ્પગૃહ રચી આપીને ત્યાં ખાતે સરદાર વલ્લભભાઈની વિરાટકાય પ્રતિમા કરવાનો પ્રસ્તાવ મૂક્યો.



કાન્તિલાલે એ પ્રસ્તાવ ઉપાડી લઈ અનેક પ્રકારની નવી મુશ્કેલીઓ આવ્યા કરી છતાં દૃઢતાથી તેમણે ૧૯૫૯માં પ્રતિમાનું કાર્ય પૂર્ણ કર્યું. સરદારશ્રીની મુદ્રા અને દેહછટા આટલી આબાદરીતે કોઈ બીજા શિલ્પીને હાથે નિર્માણ પામ્યાં નથી. એ શિલ્પનું ધાતુરૂપાંતર પણ વલ્લભવિદ્યાનગરમાં થયું ને શ્રી એચ. એમ. પટેલના પરિશ્રમથી ૧૯૬૦ના ડિસેમ્બરમાં રાષ્ટ્રપતિ રાજેન્દ્રપ્રસાદે ખુલ્લું મૂક્યું.

કલાકાર કાન્તિલાલ તસવીર-પ્રતિમાઓમાં પ્રવીણ છે. તેમની કળા માત્ર ધંધાની મર્યાદામાં પુરાઈ રહી નથી. તેમનો માનવપ્રેમ તથા દેશભક્તિ પ્રગટ કરતી બીજી અનેક કૃતિઓમાં તેમની સિદ્ધિઓ ઝળકે છે. મ. ગાંધીજી, રવિશંકર મહારાજ, વિનોબાજી આદિની લાક્ષણિક મુખમુદ્રાઓ તેમની નજરની ચોકસાઈની પ્રતીતિ કરાવે છે. નાના માપનાં પ્રસંગશિલ્પો અને દેવપ્રતિમાઓ કરવામાં પણ તે ભારતની પરંપરાગત શૈલીમાં સ્વામિત્વ બતાવી શક્યા છે. પેન્સિલ જેવી રેખાંકણી તે માટીશિલ્પમાં આકારી શકે છે અને મુલાયમ માટીમાં સુકોમળતા કે વજ્ર કડક આકારો દાખવી શકે છે. કલ્પના ને રસિકતા અને તે વાસ્તવિકતાનાં રૂપ આપી શકે છે. માટી પેઠે તે પાષાણ ને ધાતુને પણ સ્વહસ્તે આકારી શકે છે. એમ સાચા અર્થમાં તે શિલ્પકલાધર છે.

(શિલ્પી કાન્તિલાલ પટેલ)



પદ્મશ્રીના રાજ્ય-સમ્માન માટે તા. ૫મી માર્ચ ૧૯૬૫ના રોજ અમદાવાદની પચ્ચીસ કલા-સાહિત્ય-સંસ્કાર-સંસ્થાઓ તરફના અભિનંદન-સમારંભ પ્રસંગે કલાગુરુ રવિશંકર રાવળનો પ્રત્યુત્તર

કલાનો ધર્મ

મારા જીવનની સંધ્યા સમયે રાજ્યના પ્રકાશનું કિરણ મારા પર પડ્યું તેથી હું અંજાઈ જાઉં કે પરમ સંતોષનો ગર્વ ધારણ કરું તો મારી સાધના લાજે; પરંતુ આથી ગુજરાતમાં કલાક્ષેત્રની પ્રતિષ્ઠા વધી છે, કલાકારનું સ્થાન અને માન સમાજ તેમજ રાજ્યની નજરમાં ઉચ્ચ કક્ષા પામ્યાં છે તે હકીકતને આવકારી તેનું ગૌરવ કરવાનો ધર્મ સમજું છું. આ સમારંભ ગુજરાતની કળાની તવારીખમાં એક અનન્ય સંયોગ છે.

હું ચિત્રકળાનો ઉપાસક છું, પણ જન્મથી કળામાત્રની એકવાક્યતામાં મારી શ્રદ્ધા દૃઢ થતી આવી છે. કળાના આવિષ્કારનાં ઉપાદાનો કે સાધનો ભલે નિરાળા પ્રકારો અને સ્વરૂપો ધારણ કરે, છતાં કળાના જન્મસ્થાનની તો પૃષ્ઠભૂમિ ચિત્તમાં થતી સ્વયંભૂ અનુભૂતિ, અહોભાવ કે આશ્ચર્યો જ બની રહે છે. એટલે કળા વિશેષ કરી માનવચેતનાના અંતઃસ્થળની નીપજ છે.

આજે મારો સવિશેષ આનંદ એ છે કે સહોદરી કળાઓમાં શ્રેષ્ઠ એવી નૃત્યકળાનાં પ્રમુખ વિદ્યાધરી **શ્રી**મતી મૃણાલિનીબહેન સારાભાઈનું પણ અમદાવાદ અને ગુજરાતના કલાવિદો સમ્માન કરી રહ્યા છે. હું મારા મનથી નૃત્ય અને સંગીતને કળાનાં આદિ અને શ્રેષ્ઠ સ્વરૂપો તરીકે અભિવંદું છું, અને અનુભવથી પણ જાણી શક્યો છું કે માનવશરીરના અંગહિલ્લોલ અને અભિનયો જે ભાવદર્શન અને સૌંદર્યદર્શન આપે છે તેનો પરિપૂર્ણ અભ્યાસ કરવામાં ચિત્રકારની કળા સાર્થકતા પામે છે. એથી જ ભારતીય શાસ્ત્રોએ યથાર્થ કહ્યું છે કે

> यथा नृत्ये तथा चित्रे त्रैलोक्यानुकृतिः स्मृता।
> दृष्टय श्व तथा भावा अंगोपांगानि सर्वशः।

આ અતિ ઉત્કૃષ્ટ કક્ષાએ પહોંચેલી કલાની પરંપરા સાચવી રહેલા ગુરુઓ મળી શક્યા તેથી જ ભારતીય કળા અને શિલ્પનાં કંઈક સ્વરૂપો સમજવાનાં ને આહ્લાદ અનુભવવાનાં દ્વારો ખુલ્યાં છે એ નિર્વિવાદ છે.

નૃત્ય-સંગીત જેવી વિશુદ્ધ પરિપાટી ચિત્રક્ષેત્રમાં ભારત સાચવી શક્યું નથી. ભારતીય કળાક્ષેત્રે પચાસ વર્ષના સરવૈયામાં પ્રજાની રાષ્ટ્રીય સંપત્તિરૂપ કળાકૃતિઓ વિરલ બની છે. ચિત્રશિક્ષણની તાલીમ, તથા શિક્ષકોનાં જ્ઞાન અનુભવ ને ઘડતર રાજ્ય હસ્તક હોઈ તેમાં પ્રજાના વિચાર ભાગ્યે જ અવકાશ મળે છે. અનુભવી શિલ્પીઓ કે કલાકારોના સમાગમ સંગઠન કે સમાશ્રયનો યોગ સધાયો નથી અને યુરોપે લાદેલી પચાસ વર્ષ પહેલાંની પદ્ધતિઓ, જે આજે તો ત્યાં રદ થઈ છે તે, હજી આપણી શાળાઓ કે ચિત્રશાળાઓમાં ચાલુ રહી છે. સૈકડો વર્ષથી ભારતીય કલાભાવનાનું વિલોપન થયું છે.

આપણે કેટલી યે પુરાતન અને મધ્યકાલીન કલાકૃતિઓની જાણ્યેઅજાણ્યે અવગણના કે ઉપેક્ષા કરી રહ્યા છીએ. હવે એવો સમય આવ્યો છે કે યુરોપે તેનાં કલાનાં મૂલ્યાંકનોની પદ્ધતિ બદલી છે અને પૌરસ્ત્ય કલાઓની પ્રતિષ્ઠા ને પ્રશસ્તિ થવા માંડી છે. તે વખતે આપણા કલાકારો અને કલાવિવેચકોનો ધર્મ છે કે પ્રજાને તે કક્ષાએ લાવવા સમાશ્રય અને સુપ્રયાસો વધારવા અને વિસ્તારવા જોઇએ. આ રીતે મેં મારા જીવનમાં કલાની સાધના અને ઉપાસના એક ધંધા રૂપે નહિ પણ સ્વધર્મ તરીકે સ્વીકારી છે. આવી સ્વધર્મભાવના મને પ્રાપ્ત થઈ તે માટે હું ગુજરાતના સાહિત્યકારોનો વિશેષ ઋણી છું. મારા શૈશવકાળમાં ચિત્રક્ષેત્રે આદર્શ માનું એવી કોઈ વ્યક્તિ નહોતી. સર્વત્ર રાજા રવિવર્માનાં ચિત્રો જ જોવામાં આવતાં, પણ તેમના વ્યક્તિત્વનો પરિચય મેળવવાનો કોઈ માર્ગ નહોતો. ચિત્રકળાના બાહ્ય ધર્મો પ્રાપ્ત કરવાનો કર્મકાંડ માત્ર નકલો કરવામાં પૂરો થતો. ચિત્રોના ઉદ્‌ગમની પ્રક્રિયાનું માર્ગદર્શન ક્યાં યે નહોતું.

કલાકૃતિનો જન્મ ચિત્રકારના ઓરડામાં થતો નથી. તેને મળેલાં સંજોગો, શિક્ષણ, પ્રવાસો, ઘરના સંસ્કાર, ચિત્રસામગ્રી અને યંત્ર તથા વિજ્ઞાને કરી આપેલી શોધ અને સાધનો-એ બધાંની અસરો નીચે ચિત્રકાર ચિત્રો કરે છે. તે આસપાસના અને જનતાના સામાન્ય જીવનધોરણનું પ્રતિસ્વરૂપ બને છે. પ્રજાની નૈતિક ભાવનાઓ અને સંસ્કૃતિ પણ કળાની ઊર્મિઓ પર ઘણી છાયા પાડે છે. મારા પર અસર પાડવાનાં નિમિત્તોમાં માતાના સંસ્કારો, પિતાનું નિષ્ઠાપૂર્ણ જીવન, સત્પુરુષોનો સમાગમ અને છેવટે આ યુગના પુરોગામી સાહિત્યકારો ગોવર્ધનરામ, કલાપી અને પછી રણજિતરામની આપેલી ગુજરાતની અસ્મિતાની ભાવપૂજા, 'વીસમી સદી'ના સંપાદક **શ્રી** હાજીમહમ્મદનાં ઉત્તેજન અને **શ્રી** કનૈયાલાલ મુનશીનાં પાત્રાલેખને ઘણો ભાગ ભજવ્યો છે. તેમને લીધે ગુજરાતના સાહિત્યસર્જકોની ભાવસૃષ્ટિ મેં ચિત્રમાં પ્રકટાવવાના સંકલ્પો કર્યા હતા અને તેમાં મળેલી યત્કિંચિત સિદ્ધિથી સાહિત્યકારોની મીઠી હૂંફ મને મળ્યા જ કરી હતી. કવિ**શ્રી**

ન્હાનાલાલના સંપર્ક અને પ્રતિભાદર્શનનો લાભ મને મળ્યો છે. સ્વ. બલવંતરાય ઠાકોરે તો ગુજરાતમાં સાહિત્યની સમીપ આવતી કલા-દેવીને, 'ગજબ ભાખનારી ગિરા'ને, 'મા-જણી બ્હેનડી' કહીને એક સુંદર સૉનેટથી વધાવી છે. અન્ય કવિમિત્રોએ પણ પોતાનાં કાવ્યો કે સાહિત્યવાર્તામાં ગુજરાતની ઊગતી કલાને ક્વચિત્ બિરદાવી છે. કલાની પ્રતિષ્ઠા માટે સર્જેલા 'કુમાર'નું સંગોપન કરી આજ સુધી તેને જીવંત રાખનાર નિષ્ઠાપૂર્ણ સાથીઓ તથા મારી કલાસેવાની ભાવના મૂર્ત કરવા નિર્માએલા' કલારવિ ટ્રસ્ટ'ને તો કેમ ભૂલું? ગુજરાતનાં વૃત્તપત્રોએ પણ ગુજરાતના ગગનમાં ઊગતા આવતા કલાનાયકોને આવકાર્યા છે એ ગુજરાતની જ વિશિષ્ટતા છે; અન્ય પ્રાંતોમાં આ વિષયે ઉદાસીનતા જણાય છે. ગુજરાતની કલામાં ગુજરાતે પોતીકી સંસ્કૃતિનું દર્શન કર્યું છે. સૈકાઓથી સચવાતી લોકકલામાં નિગૂઢપણે જે શિષ્ટ તત્ત્વો પ્રવેશ પામ્યાં હતાં તેનો સાહિત્યકારોએ આદર કર્યો છે, તેવી જ રીતે કલામાં પણ તેનાં સ્વરૂપો જોવા મળે છે.

અઢારમા સૈકામાં યુરોપની કલામાં આવેલી નવી ક્રાન્તિમાંથી જે નવા સિદ્ધાન્તોનો આવિષ્કાર થયો તેમાંથી જાણવા મળે છે કે પ્રબળ કલ્પના અને નવીન સૃષ્ટિનાં સ્પષ્ટ દર્શન કરનારને બાહ્ય જગત-નાં અનુસર્જન કે દૃશ્યાકૃતિઓની અધીનતાની જરૂર નથી. તેઓ રેખા અને રંગની ધૂન જમાવીને છાપ પાડવા માગે છે. જંતરમંતર રચના જેવા તેમના રંગ અને રેખાનાં સાથિયા કે વર્તુલો એટલાં ગહન અને ફૂટ હોય છે કે તેમાંથી ધારેલો વિચાર, ભાવ કે ઊર્મિ ભાવકોથી ગ્રહણ કરી શકાતાં નથી, તો તેમનામાં સંક્રાન્ત થવાની તો વાત જ ક્યાં રહી? ચિત્રમાં આહ્વાન પામેલા ભાવ, ઊર્મિ કે રૂપ અથવા અગોચર મનોમંથનોને યોગ્ય લયબદ્ધ સ્વરૂપે પ્રકટ કરવામાં જ તેનાં સાધનો અને યોજનાઓની સફળતા ગણાવી જોઇએ.

સંગીત, નૃત્ય, નાટ્ય અને લોકકળાઓ પ્રજાનાં જીવનતત્ત્વોથી પોષાઈ છે. તેમાં જ પ્રજાનાં આનંદ અને અભિરુચિ અભિવ્યક્તિ પામ્યાં છે. ગીત, કાવ્ય, કથા, રાસ, સુશોભનો, ગૃહસાધનો, પોશાક-પરિધાન અને ચિત્રાંકનોએ પ્રજાને પારણામાંથી સંસ્કૃતિનાં અમૃત પાયાં છે, તેમની સૌંદર્ય અને પ્રેમની ભાવનાને આકારો આપ્યા છે. એ પરંપરાગત કલાસ્વરૂપોનો હું પૂર્ણ ભાવક છું અને તેમાંથી પ્રાપ્ત થતી કલાભાવનાનો સમાદર કરવા હમેશાં ઉત્સુક રહ્યો છું. છતાં હું તેમાં સમાધાન પામી શક્યો નથી. જ્યારે દૂર દેશોના વાયરાની ઝપટ-માં આ કલાસંસ્કૃતિનો વિનાશ કે વિલોપન થતાં જોઉં છું ત્યારે મારા હૃદયમાં સંતાપ જાગે છે. અરુચિકર વિરૂપ કલાપ્રણાલી આ દેશની પ્રજાના જીવનપ્રવાહમાં કે સંસ્કૃતિપ્રદેશમાં શિરજોરી કરતી આવે છે ત્યારે 'ખામોશ' કહીને પ્રજાને ખબરદાર બનવાનું સૂચન ધર્મ બને છે.

ઈ. ૧૯૩૬ના ઑક્ટોબરમાં અમદાવાદમાં મળેલી સાહિત્યપરિષદ વખતે એક ગુજરાત કલાપ્રદર્શન યોજવાનું મને સોંપાયું હતું. તેનું ઉદ્ઘાટન આચાર્યશ્રી આનંદશંકર ધ્રુવે કર્યું હતું. પછીથી પૂ. ગાંધીજીએ લગભગ પોણો કલાક મને સાથે રાખીને બહુ ધ્યાનથી તે પ્રદર્શન જોયા બાદ પરિષદસંમેલનમાં તેનો તેમણે ઉલ્લેખ કરેલો, તે ગુજરાત-ના કલાસાધકોને સાદર કરું છું.

"રવિશંકર રાવળ જેવા અમદાવાદમાં બેઠાબેઠા પીંછી માર્યા કરે છે, પણ ગામડામાં જઇને શું કરે? જો કે આજે તેનું પ્રદર્શન જોઇને મારી છાતી ઊછળી, કારણ કે પહેલાં અહીં આવાં ચિત્રો નહોતાં. દાક્તર હરિપ્રસાદ મને અગાઉ કંઇક જોવા લઈ ગએલા પણ તેના કરતાં ખૂબ પ્રગતિ થઈ છે. સાહિત્ય ચિત્રો વાટે પણ આપી શકાય, પણ એ ચિત્રો જુદાં. અહીં તો રવિશંકર રાવળ ચિત્રોમાં શબ્દોનું જ્ઞાન પૂરતા હતા. પણ સાચી કળા તો તેઓ મૂંગા રહે અને હું સમજી શકું એવી હોવી જોઇએ. હું સાક્ષર હોઉં, રસ્કિન મેં વાંચ્યો હોય ને પછી એમની કળા સમજી શકું, અથવા એ સમજાવે ત્યારે સમજી શકું, એ કળા નહિ. છતાં મારી છાતી એમનાં ચિત્રો જોઈ ઊછળી. પણ ફરી મને થયું કે ચિત્રો મારી સાથે બોલે, મારી આગળ નાચે, એવાં હોવાં જોઇએ. એવાં ચિત્રો જગતભરમાં બહુ ઓછાં છે... કળાને જિહ્વાની જરૂર નથી."

આ પરથી પૂ. ગાંધીજીએ ચિત્રો વિષે કરેલા વિચારો સમજાશે. એ વ્યાખ્યાનમાં એમણે આગળ કહ્યું હતું કે 'હિંદુસ્તાન અમદાવાદમાં નથી, સાત લાખ ગામડાંમાં છે. એને તમે શું આપશો?' એમનું આ આહ્વાન મને આજ સુધી ખટકતું રહ્યું છે. તેનો હું લેશ પણ જવાબ આપી શક્યો નથી. એટલે જ આ પ્રસંગે હું વિનંતી કરું છું કે જગત-માં કળાનો ધર્મ એક જ પ્રકારનો હોઈ શકે. તે એ કે લોકમાનસની વ્યાકુળતા હરી તેને સ્વસ્થતા ને આનંદનો અનુભવ કરાવવો; માનવીને સંસારથી થોડી વાર મુક્ત કરી ભાવસૃષ્ટિમાં ખેંચી જવો. જે કલાકૃતિ-ઓ આમ કરવા અસમર્થ હોય તેની યોગ્યતા માટે શંકા થાય છે.

મારી પોતાની વિનમ્ર કલાસાધનામાં હું આદર્શો સિદ્ધ કરી ચૂક્યો છું એવો દાવો મારાથી થઈ શકે તેમ નથી; છતાં નવી કળાના ઉપાસકો સાથે મારો મતભેદ હોઈ શકે. તેમાંના ઘણા પ્રમુખ કલાકારો મારા મિત્રો છે. તેમની સાધનાની પ્રામાણિકતા માટે મને શંકા નથી. પણ હું તો, સંત તુલસીદાસજીએ રામ અને કૃષ્ણનાં સ્વરૂપ વિષે કહ્યું હતું તેમ—'તુલસી મસ્તક તબ નમે, (જબ) ધનુષ્યબાણ ધરો હાથ' એમ— ભારતની સૈકાઓથી સિદ્ધ કલાસમૃદ્ધિની જેમ જ પ્રજાને તેમની કલાકૃતિઓમાં આત્મીયતા લાગે અને વ્યાપક બની તેને આહ્લાદ અને આનંદસમાધિ આપી શકે ત્યારે જ તેનો આદર કરી શકું. આપણું રાજ્ય, પ્રજા, શ્રીમંતો ને દેશસેવકો, ગાંધીજીનો આ અભિ-લાષ પૂર્ણ કરવા કલાકારોને પ્રવૃત્ત કરશે એવી નમ્ર વિનંતી કરું છું.

મારી પોતાની કલાસાધના માટે મેં વર્ષો પહેલાં સમાધાન મેળવી લીધું છે. ઈ. ૧૯૨૦માં ગુરુદેવ ટાગોર અમદાવાદમાં આવેલા ત્યારે તેમના અન્તેવાસી શ્રી ક્ષિતિમોહન સેને ગુરુદેવનું મૂળ બંગાળી કાવ્ય 'સોનાર તરી' (જેનું ગુજરાતી રૂપાંતર શ્રી મેઘાણીએ 'સોના-નાવડી' નામથી કર્યું છે) સંભળાવ્યું તેની ચોટ મારા મન પર લાગી હતી કે 'સંસારનો દેવતા મનુષ્યના વ્યક્તિત્વને સંઘરતો નથી; તેની સાધના વિશ્વના નિર્વાહમાં યોજી દે છે.' આ સનાતન સત્યનો પ્રકાશ મળતાં મેં કળાની સાધના માટે કોઈ બદલા કે પુરસ્કારની આશા કરી નહોતી. મારા સ્વભાવના ધર્મ રૂપે જ તે સ્ફુરાયમાન રહી છે. જન્મજાત સંસ્કારે બ્રાહ્મણ હોઈ આજીવિકા માટે મારા ઘરઆંગણે જે મળ્યું તે પર સંતોષ માની મેં યથાશક્તિમતિ કળાની પ્રતિષ્ઠા, પ્રકાશ, પ્રદાન તથા પ્રચાર ધર્મભાવનાથી આજ સુધી આચર્યાં છે. એ જ મારો આત્મસંતોષ છે. ગુજરાત મારી 'ગુણવંતી ગુજરાત' છે. ગુજરાતે મને કદી દૂભવ્યો નથી; મારી મર્યાદા પૂરતાં માનસમ્માન અને પ્રતિષ્ઠા તેણે હમેશાં મને આપ્યાં છે; મિત્રો, સમાજ, રાજ્ય, જ્ઞાતિજનો, સર્વ તરફથી મને મમતા અને આદર મળ્યા છે; યશ અને પ્રતિષ્ઠા વધારનારા શ્રેષ્ઠ કલાકાર-વિદ્યાર્થીઓ અને મારા પ્રયત્નોમાં નિષ્ઠાવાન સહાયક સાથી પણ મળ્યા છે; દેશના વિદ્વાનો, સાક્ષરો ને સંતજનોના સદ્ભાવ અને આશીર્વાદ હું પામ્યો છું; પુત્રપૌત્રાદિ પરિવારથી સંતુષ્ટ છું.

આજે ગરવી ગુજરાતે તેનું બિરુદ સાર્થક કરી બતાવ્યું છે. મારા હૃદયમાં મંત્ર રૂપે ગુજરાત જીવંત હતું, તે આજે સજીવ રૂપે પોતાના હૃદયમાં મને સમાવે છે એથી બીજી જીવનની સાર્થકતા હું કલ્પી શકતો નથી. આજે મારા જીવનનો મહાયોગ અનુભવું છું. (ર. મ. રા.)





દિવ્યકાંત આઝાની બે ચિત્રકૃતિઓ
(ઉપર તથા ડાબી બાજુ)



'કુમાર'ના એક ગ્રાહકની કૃતિ

વિવિધા



સ્કિઈંગ (ડાબી બાજુ)
જ્યોતિ ભટ્ટના
સ્વાનુભવની
એક નોંધ.

નીચે:
સ્ટીગલાર્ઈફ
લુવ્રમાં સંઘરાએલી
સીઝાંની એક
કલાકૃતિ.

જમણી બાજુ:
રીક્ષાવાળો
તુફાનીશા રફાઈની
એક કૃતિ.





સાહિત્યસંપર્ક

સ્વ. ટૉમસ સ્ટર્ન્સ ઇલિયટ

લેખક · નલિન રાવળ

It was you / Who, not speechless with shock but finding the right/Language for thirst and fear, did most to/Prevent a panic.

W. H. Auden

ઇલિયટની કવિતામાં મુદ્રિત થએલી યુગ-છવિનો પ્રથમ પરિચય પામનાર કવિ એઝરા પાઉણ્ડે ઇલિયટને 'વીસમી સદીના પ્રથમ અર્વાચીન કવિ' કહ્યા છે. એમની કવિતાના સંદર્ભમાં પાઉણ્ડે જણાવેલું કે બધી જ સાચ્ચી કલા એક યા અન્ય સ્વરૂપનું વાસ્તવદર્શન (કલાને અભિપ્રેત એવા વાસ્તવનું દર્શન) છે. પાઉણ્ડે એ પણ સ્પષ્ટ કર્યું છે કે ઇલિયટની કવિતામાં પ્રગટ થતા યુગ-વાસ્તવને એનો આગવો એવો યુગ-લય પણ સાંપડ્યો છે.

ઇલિયટની સામે યુદ્ધજન્ય વાસ્તવ હતું. એમની કવિતાનો એક ધ્વનિ એ છે કે વ્યક્તિ, કુટુમ્બ, સમાજ, નગર, રાષ્ટ્ર અને વિશ્વના આંતરતંત્રમાં વહેતા સંવાદનો લોપ કરી તેને સ્થાને નારકી ભૂતાવળને રોપતું યુદ્ધ આવતી પેઢીના રક્તમાં પણ એ ભૂતાવળના સાતત્યને ચાલુ રાખે છે.

એક વિશ્વયુદ્ધમાંથી પસાર થએલું યૂરોપ અને બીજા વિશ્વયુદ્ધમાંથી પસાર થતું યૂરોપ એમની કવિતામાં છવાએલું છે. પણ આ બંને યુદ્ધોની અસર ભિન્નભિન્ન છે. એક યુદ્ધમાંથી નીપજ્યું 'વેઇસ્ટ લૅન્ડ' કાવ્ય; બીજા યુદ્ધના આરંભે પ્રગટ્યું 'ફોર ક્વાર્ટેટ્સ'. એકનો લય વિષમ, અન્યનો પૂર્ણ સંવાદમય. વિવેચકોએ 'વેઇસ્ટ લૅન્ડ'ને આત્માનાં ખંડેરોનું કાવ્ય કહ્યું; 'ફોરક્વાર્ટેટ્સ'ને આત્માનાં ગોપુરમાંનું.



આ બે મુખ્ય રચનાઓમાં ધ્વનિત થતી ઇલિયટની આત્મ-ચેતના એમના સમગ્ર સર્જનમાં સૂક્ષ્મપણે વહેતી રહીછે. 'વેઇસ્ટલૅન્ડ'-માં એમની દૃષ્ટિએ બાહ્ય વિશ્વના વાસ્તવનો સાક્ષાત્કાર કર્યો છે. અલબત્ત, એમણે સર્જેલી સંજ્ઞા 'ઑબ્જેક્ટિવ કોરિલેટિવ' દ્વારા. 'ફોર ક્વાર્ટેટ્સ'માં શાશ્વત સાથે જેનો તાર મળેલો છે એવા આંતરવિશ્વના વાસ્તવનો સાક્ષાત્કાર કર્યો છે. 'ઈસ્ટ કૉકર'ની આરંભની પંક્તિ છે : 'In my end is my begining'; અંતની પંક્તિ છે : 'In my begining is my end'. એમની કાવ્યદૃષ્ટિ અને જીવનદૃષ્ટિનું આ ધ્રુવ પદ—મારા અંતમાં છે મારો પ્રારંભ, મારા પ્રારંભમાં છે મારો અંત—એમની પ્રથમ કૃતિ માટે જેટલું સાચું છે તેટલું જ એમની અંતિમ કૃતિમાટેપણસાચુંછે. આમ, એમનુંસર્જન એક અખંડ વહેતું કાવ્ય છે. એમની કાવ્યાનુભૂતિમાં સંકુલ એવા અનેક વિચારપ્રવાહો અવશ્ય છે, પણ જે એમણે જ્હૉન ડન વિષે કહેલું કે 'એને મન વિચાર પણ અનુભૂતિ છે' એ જ ઇલિયટ વિષે પણ કહી શકાય કે A thought to Eliot is an experience.

ઇલિયટ અર્જિત સંપ્રજ્ઞતાના કવિ છે. આ સંપ્રજ્ઞતાનો વ્યાપ પ્રાચીન, અર્વાચીન અને ભાવિ સંસ્કૃતિઓના સમાજમૂલક તેમજ ધર્મમૂલક પ્રશ્નોને સ્પર્શતો નિરપેક્ષ એવા એક ધ્વનિ-પરિમાણમાં પ્રસરે છે. Burnt Nortonની આરંભની – આ પંક્તિઓ – Time present and time past / Are both perhaps present in time future, / And time future contained in time past – કાલપરિમાણો વિષે ઇલિયટે કેળવેલી એક વિશિષ્ટ સમજની દ્યોતક છે. સાવધિ અને નિરવધિ સમયના કોઈ એક બિંદુએ છેદાતું સમયનું પરિમાણ કવિતામાં સિદ્ધ કરવું એ ઇલિયટની એક પ્રતિજ્ઞા છે. સમય અને અવકાશનાં બાહ્ય પરિમાણોને ઇલિયટ વ્યક્તિના આંતરમનમાં વિલસતા સમયઅનેઅવકાશના અતિ સંકુલ પરિમાણો સાથે સાંકળે છે. Burnt Nortonની આ બે પંક્તિઓ — I can only say, there we have been, but I cannot say where. And I can-not say, how long, for that is to place it in time — માં એક નિરપેક્ષ સ્વરૂપ સિદ્ધ કરવાની ઝંખના વરતાય છે, જે ઇલિયટની કવિતાનું એક લક્ષણ છે.

Four Quartets અધ્યાત્મદર્શનનું કાવ્ય

શબ્દકથા : 'એક નટ'

હમણાંહમણાં દેશી કે પરદેશી કલાકાર દ્વારા પ્રસ્તુત કરાતા એકપાત્રી પ્રયોગોથી આપણે પરિચિત થતા જઈએ છીએ. આવા પ્રયોગોમાં એક જ પાત્ર હોય છે, અને તે અભિનેય વસ્તુનાં અનેક પાત્રોનો પાઠ પોતાની અભિનયપટુતાથી ભજવી બતાવે છે. આમાં માત્ર ઉક્તિઓનો (એકોક્તિઓનો) કે ઉક્તિ ઉપરાંત ગીત સંગીત વગેરેનો આશ્રય લેવાય છે.

પ્રાચીન સંસ્કૃત-પ્રાકૃત રૂપકોમાં ભાણ અને વીથી જેવાં રૂપકો એકપાત્રી હતાં.

રૂપકોની જેમ કથાના અમુક પ્રકારમાં પણ અભિનયને અવકાશ હોય છે. શ્રાવ્ય કાવ્યના એક પ્રકાર 'આખ્યાન'નું લક્ષણ આપતાં હેમચંદ્ર કહે છે કે નળ, સાવિત્રી વગેરે જેવાં બોધાર્થ ઉપાખ્યાન જ્યારે કથાકાર વડે અભિનય, પાઠ અને ગાન દ્વારા પ્રસ્તુત કરાય ત્યારે તે 'આખ્યાન' કહેવાય છે. કથાકાર એક હોય, અને તેણે આખ્યાનગત વિવિધ પાત્રોની ઉક્તિઓ અભિનયાદિ વડે રજૂ કરવાની હોય, એટલે તેમાં પણ અમુક અંશે એકપાત્રી અભિનય આવી જાય : વેશભૂષા વગેરે આહાર્ય અભિનય નહિ, પણ વાચિક અને આંગિક (મુખભાવ, હસ્તચેષ્ટા વગેરે) અભિનય.

હેમચંદ્રે દેશી નામમાલા (૧,૧૪૫)માં 'એક્કનડ' શબ્દ 'કથક' એટલે કે 'કથાકાર'ના અર્થમાં નોંધ્યો છે. 'એક્કનડ'નું સંસ્કૃત રૂપ થાય 'એક-નટ'. આખ્યાનકારનાં હેમચંદ્રે આપેલાં લક્ષણ ધ્યાનમાં લેતાં તેને 'એક નટ' કેમ કહેતા તે સમજી શકાશે. એકલે હાથે તે આખ્યાનગત અનેક પાત્રોને પોતાની આખ્યાન-કલા વડે તાદૃશ કરી બતાવતો તેથી તેનું નામ 'એક નટ' પડ્યું હોવાનું સમજાય છે. હેમચંદ્ર પૂર્વપરંપરાને અનુસરીને એક રૂઢ દશ્ય શબ્દ તરીકે 'એક્કનડો' નોંધ્યો, તે ઉપરથી તેનો પ્રચાર અને તે દ્વારા આખ્યાન કરવાની સુસ્થાપિત પરંપરાની અટકળ થઈ શકે છે. વળી 'એક નટ' એવો સંસ્કૃત પ્રયોગ પાછળના કોશકારોએ 'સૂત્રધાર' અર્થમાં આપ્યો છે, જ્યારે 'કથાકાર'ના અર્થમાં માત્ર પ્રાકૃત રૂપ જ નોંધાયું છે, તે પ્રાકૃત આખ્યાનો અને તેમની લોકપ્રિયતા તરફ સંકેત કરે છે.

હરિવલ્લભ ભાયાણી

છે. ચાર કાવ્યો – Burnt Norton, East Coxer, The Dry Salvages અને Little Gidding—માં ચાર મુખ્ય તત્ત્વો વાયુ, પૃથ્વી, જલ અને અગ્નિ–ને નિરૂપ્યાં છે. આ અધ્યાત્મદર્શન ઇલિયટના ધર્માનુભવો, સ્વાનુભવો અને અભ્યાસ દ્વારા કેળવાએલી પ્રજ્ઞામાંથી પ્રગટ્યું છે.

ઇલિયટની આરંભની રચનાઓ તેમજ Waste Landની આબોહવા

O dark dark dark
They all go into the dark

જેવી પંક્તિઓથી શરૂ થતા શ્લોકમાં જણાયછે. છતાં Four Quartetsની ગતિ પરિવર્તનશીલ સંસારના સ્થિર બિંદુ પ્રતિની છે: At the still point of the turning world. આ ધ્રુવબિંદુની પ્રાપ્તિમાં જ આત્મપરિચય રહેલો છે એવી કવિને પ્રતીતિ છે. પ્રાજ્ઞ ઇલિયટની વાણી કાવ્યાન્તે લયમધુર દર્શનમાં પરિણમે છે: And the Fire and the Rose a e one.

'અભિન્ન છે વહ્નિ અને ગુલાબ.'

ઇલિયટના ચારિત્ર્યમાં રહેલી સુગ્રથિતતાને કારણે એમનું સમગ્ર સર્જન સુગ્રથિત સ્વરૂપનો અનુભવ કરાવે છે. એમનું આખું યે જીવન પરંપરા પ્રત્યેની એમની નિષ્ઠા ને પ્રયોગ પ્રત્યેની એમની અભિરુચિનું દ્યોતક છે. આનુવંશિક સંસ્કારો અને સ્વયં પ્રાપ્ત કરેલા વિપુલ જ્ઞાનરાશિનો સમન્વય એમના સર્જનમાં થયો છે.

એમનોજન્મઅમેરિકાના મિસૂરી રાજ્યના સેંટ લુઈ ગામમાં ૧૮૮૮ની ૨૬મી સપ્ટેમ્બરે, જેના એક પૂર્વજે વૉશિંગ્ટન યુનિવર્સિટીની સ્થાપના કરવામાં મોટો ફાળો આપેલો એવા સંપન્ન કુળમાં થએલો. પિતાને મોટો વ્યવસાય; માતા લેખિકા. માતાની Savonarolaનામની એક નાટ્યાત્મક કાવ્યકૃતિનું ઇલિયટે સંપાદન કરેલું. ઇંગ્લંડના સમરસેટ પરગણાના ઈસ્ટ કૉકર ગામમાંથી ૧૭મી સદીના પ્રારંભમાં ઇલિયટ-કુળના પૂર્વજો અમેરિકાના ન્યૂ ઇંગ્લંડ ખાતે ગએલા.

ઈ. ૧૯૦૬માં ઈલિયટ હાર્વર્ડ યુનિવર્સિટીમાં અભ્યાસ અર્થે જોડાયા. અભ્યાસનો વિષય: ફિલસૂફી. અહીં એમણે પૂર્વની ફિલસૂફીનો અભ્યાસ કર્યો; ફિલસૂફ એફ. એચ. બ્રૅડલીના સિદ્ધાંતોને મૂલવતો મહાનિબંધ લખ્યો; ઈ. ૧૯૧૦માં ફ્રાન્સના સૉર્બોનમાં સાહિત્ય અને ફિલસૂફીના અભ્યાસમાટેદાખલથયા. ૧૯૧૪માં જર્મનીમાં અનેઑક્સફર્ડની મર્ટન કૉલેજમાં પણ અધ્યયન કરેલું. આ જ અરસામાં ફ્રાન્સના સિમ્બૉલિસ્ટ કવિજનોનો અભ્યાસ કર્યો અને બૉદલેર, લા ફોર્જ અને કોર્બુએરની કાવ્યસૃષ્ટિનો વિશેષ પરિચય કેળવ્યો.

કવિતામાં નિજના અવાજનો વિનિયોગ કેમ કરવો તે અંગેનું શિક્ષણ, એમણે કહ્યુ છે તેમ, ફ્રેન્ચ કવિજનો પાસેથી મેળવ્યું. પ્રો. બ્રૅડલી, પ્રો. બૅબિટ, એઝરા પાઉણ્ડ અને બર્ટ્રાન્ડ રસેલના વિચારજગતના સંપર્કમાં એ પ્રત્યક્ષ રીતે મુકાયા, તો દાંતે અને મેટાફિઝિકલ પૉએટ્સના સંપર્કમાં પરોક્ષ રીતે મુકાયા. બ્રુનો, ફ્રેઝર, વેસ્ટન અને અન્ય વિચારકોની અસર એમણે સ્પષ્ટપણે કવિતામાં ઝીલી છે. ગ્રીક સાહિત્યની અસર એમનાં નાટકો પર વિશેષ છે. એસ્કિલસ અને સોફોક્લિસના કોરસનો ઉપયોગ અર્વાચીન સંદર્ભમાં એમણે પદ્યનાટકોમાં કર્યો. એમણે સાત નાટકો—Sweeney Agonistes (૧૯૨૭), The Rock (૧૯૩૪), Murder in the Cathedral (૧૯૩૫), The family Reunion (૧૯૩૯), The Cocktail Party (૧૯૪૯), The Confidential Clerk (૧૯૫૩), The Elder Statesman('૫૮) લખ્યાં છે. આ નાટકોમાં સ્થલ-કાલ, જન્મ-મૃત્યુ અને વ્યક્તિત્વનાં સર્વ બંધનો-લૌકિક ને પારલૌકિક—માંથી મુક્ત થવા મથતાં પાત્રો-

कालिदास के पक्षी

હિંદી સાહિત્યમાં ઈ. ૧૯૬૪માં પ્રકૃતિ-વિજ્ઞાન અંગે એક સુંદર અને અનેરું પુસ્તક બહાર પડ્યું છે: એનું નામ છે 'कालिदास के पक्षी'. ગુરુકુલ વિશ્વવિદ્યાલય કાંગડી(હરદ્વાર)ના વિદ્વાન પ્રાધ્યાયક **શ્રી** હરિદત્ત વેદાલંકાર (એમ. એ.) એના પ્રણેતા તથા પ્રકાશક છે.

સંસ્કૃત સાહિત્યના પ્રાચીન કવિઓ નિસર્ગ-સૌન્દર્યના માત્ર પ્રેમી અને આસ્વાદક જ નહિ અપિતુ તત્ત્વદર્શી પણ હતા. તેમને મન નિસર્ગશ્રી અને પ્રકૃતિલીલા એ ભગવાનની આનંદ-લીલા છે. ઉપનિષદના કવિઋષિઓ આ વાતને અનુભવીને સભાનરીતે ગાઈ ગયા છે કે आनन्द रूपं अमृतं यद् विभाति। (નિસર્ગમાં આ બધું જે કંઈ પ્રકાશમાન દેખાય છે તે ભગવાનનું અમૃતમય અને આનંદમયરૂપ છે.)

આપણા પ્રાચીન રાષ્ટ્રકવિ કાલિદાસ પ્રકૃતિના અપાર પ્રેમી તો હતા જ, સાથે તેઓ નિસર્ગનાં રહસ્યો અને તેની ગતિવિધિઓ પ્રત્યે ખૂબ સજગ અને સહાનુભૂતિશીલ પણ હતા. પોતાની સૂક્ષ્મ અવલોકન-પ્રતિભા વડે તેઓ તરુ-લતા-પલ્લવ-પ્રસૂનો અને પશુપંખીઓના લાક્ષણિક વૈશિષ્ટ્ય અને સ્વભાવને પણ સારી રીતે ઓળખતા હતા. પ્રકૃતિ પ્રત્યે આત્મીયભાવ હોવાને લીધે જ તેઓ પ્રકૃતિના મુગ્ધકારી વર્ણનો રજૂ કરી શક્યા છે.

પ્રસ્તુત પુસ્તકમાં કવિવર કાલિદાસની કૃતિઓમાં આવેલી પક્ષીસૃષ્ટિનું સૂક્ષ્મ અવલોકન અને શોધપૂર્ણ અધ્યયન રજૂ થયું છે. કવિશ્રીની રચનાઓમાં આવેલાં પંખીઓના સ્વભાવ અને કાર્યો વર્ણવતા શ્લોકોનાં અવતરણો આપીને તે તે વર્ણનો અને લક્ષણો સાથે વર્તમાન યુગના પક્ષીશાસ્ત્ર-વિશારદોએ આપેલાં તેમના વૈજ્ઞાનિક નિરૂપણની તુલના અને સમીક્ષા કરવામાં આવી છે; અને બતાવવામાં આવ્યું છે કે કાલિદાસનાં વર્ણનોમાં વૈજ્ઞાનિક દૃષ્ટિનો કેવો સુમેળ છે. પ્રસંગ પ્રમાણે અન્ય સંસ્કૃતિઓનાં અવતરણો અને આધુનિક પક્ષીશાસ્ત્રીઓનાં વિધાનોઆપીનેકાલિદાસની સ્થાપનાઓને પુષ્ટ કરવામાં આવી છે. આમ કાવ્યાનંદ અને પંખીસૃષ્ટિના વૈજ્ઞાનિક અવલોકનનો આનંદ એકીસાથે આપણે આ પુસ્તકમાં માણી શકીએ છીએ. પક્ષીઓની ઓળખ આપતાં આધુનિક યુગના દેશી-પરદેશી પક્ષીશાસ્ત્રીઓનાં અવલોકનોનો પણ આપણને સારો પરિચય મળે છે.

પુસ્તકમાં કાલિદાસવર્ણિત મોર, કોયલ, હંસ, ચાતક, ચક્રવાક, સારસ, ક્રૌંચ, સારિકા વગેરે વીસેક પંખીઓનાં ચિત્રો આપવા સાથે કાલિદાસે કયા પ્રસંગે કયા પંખીનો ઉલ્લેખ કર્યો છે તેના શ્લોકો ટાંકીને પંખીઓનાં રૂપ-રંગ, આકાર-પ્રકાર, સ્વભાવચિત્રણ અને જીવનપદ્ધતિનું વિશદ વર્ણન આપવામાં આવ્યું છે. આમ આ પુસ્તક હિંદી ભાષાના વૈજ્ઞાનિક સાહિત્યમાં સારો ઉમેરો કરે છે.

બાર બહુરંગી અને ૨૭ રેખાંકનો અપાયાં છે. રંગીન ચિત્રો કરતાં રેખાંકનો વધુ ઉઠાવદાર અને સૂચક બની શક્યાં છે. રંગીન ચિત્રોમાં અપાએલો મોર તો નિષ્પ્રાણ જેવો લાગે છે: મયૂરની ગૌરવ-ગરિમા નથીજણાતી. કોકિલના રંગીન ચિત્રમાં માદા કોકિલ નર-કોકિલ કરતાં મોટી અને તપખીરિયા રંગના પ્રભાવવાળી આલેખવામાં આવી છે તે વૈજ્ઞાનિક દૃષ્ટિએ બરોબર નથી.

પુસ્તકનું મુદ્રણ, રૂપાંકન અને રચના વિન્યાસ મનોરમ છે: કિંમત ૧૫ રૂપિયા કૈંક વધુ છે આવા શાસ્ત્રીય અને સુંદર શોધપૂર્ણ ગ્રંથના પ્રણેતા અને પ્રકાશકને અમે અભિનંદન આપીએ છીએ. –શંકરદેવ વિદ્યાલંકાર

ના આત્મસંઘર્ષો વણાયા છે. 'મર્ડર ઇન ધ કૅથેડ્રલ'નું પાત્ર આત્મસંઘર્ષની પરાકાષ્ઠાનું પ્રતીક છે. ટૉમસ જે ચાર પ્રલોભનોમાંથી પાર ઊતરે છે એમાંનું અંતિમ પ્રલોભન આધ્યાત્મિક છે. એમને પ્રિય એવી 'શ્રી વૉઇસિઝ'ની ભાવનાને આ કૃતિઓમાં પ્રયોજાએલી જોઈ શકાય છે.

'Egoist' પત્રના સહસંપાદનનું કાર્ય કર્યા પછી ૧૯૨૨માં એમણે The Criterian શરૂ કરેલું. ૧૯૩૯માં એ સામયિક બંધ થયું ત્યારે ઇલિયટ 'ફેબર ઍન્ડ ફેબર'ની પ્રકાશન-પેઢીના ડિરેક્ટરપદે પહોંચેલા. એમની વિવેચન-પ્રવૃત્તિનો એક સમૃદ્ધ કાલખંડ એ સામયિક સાથે જોડાએલો છે. અંગ્રેજી સાહિત્યની એમણે જે ભવ્ય મૂર્તિ કલ્પી હતી તેને એમણે વિવેચના દ્વારા આકારબદ્ધ કરી. પરંપરાના આ મહાન પુરસ્કર્તાએ પરંપરાના આદરમાં જ પ્રયોગનું એક મૂલ્ય જોયું. એમણે કહ્યું છે: 'પરંપરા વારસાગત રીતે પ્રાપ્ત થતી નથી. તમારે જો તે પ્રાપ્ત કરવી હોય તો તે અથાક પરિશ્રમને અંતે જ લભ્ય બને છે.'

એમની વિવેચનાનું હાર્દ પ્રગટ થાય છે એમની વિશ્લેષણાત્મક અને તુલનાત્મક દૃષ્ટિમાં. એમના વિવેચને એ શીખવ્યું કે વિવેચકે નિર્ણય આપવાના ન હોય, માત્ર સ્વરૂપ અને સ્વરૂપાંતર્ગત અર્થનું ઉદ્ઘાટન જ કરવાનું હોય. નિર્ણય તો વાચક સ્વયં તારવી લેશે. એમના પ્રથમ મહત્ત્વના વિવેચનલેખ Tradition and the Individual Talentમાં કાવ્ય-પ્રક્રિયાના સંદર્ભમાં વ્યક્તિત્વના સંપૂર્ણ લોપ ઉપર અને આત્મવિલોપન ઉપર વિશેષ ભાર મૂક્યો છે: 'A continual self-sacrifice, a continual extinction of personali y.' કાવ્ય એ ઊર્મિઓનો ઊભરો નથી, પણ ઊર્મિઓને એ અતિક્રમી જાય છે. વ્યક્તિત્વનું એમાં પ્રકટીકરણ નથી, પણ વ્યક્તિત્વનો એમાં લોપ થાય છે. Poetry is not a turning poose of emotion, but an escape from emotion; it is not the expression of a personality, but an escape of personality.'

એમનાં આરંભનાં વિવેચનો—The Perfect Critic, The Imperfect Critic અને The Function of Criticism—માં અભિનવ સૂઝની ઝાંખી થાય છે. The Sacred Woo l અને Selected Essays-ના પ્રકાશને અર્વાચીન વિવેચનાની એક નવી પરિપાટી તૈયાર કરી આપી. ઈ. ૧૯૫૬માં પ્રગટ થએલા The Frontiers of Criticism નામક વિવેચનગ્રંથમાં આ આત્મનિરીક્ષક વિવેચકે પોતાની વિવેચનામાં રહેલી સિદ્ધિઓ અને ક્ષતિઓનું વિશ્લેષણ કર્યું છે. દાંતે, મિલ્ટન, ઇલિઝાબેથન નાટ્યકારો, મેટાફિઝિકલ પોએટ્સ અને હૅમ્લેટ ઉપરના નિબંધોમાં તેમજ વિવિધ સંસ્થાઓના ઉપક્રમે આપેલાં વ્યાખ્યાનો Poetry and Drama, What is a Class'c? અને The Three Voices of Poetryમાં ઇલિયટની વિવેચનાનાં અનેક પાસાં પ્રગટ થાય છે.

ઈ. ૧૯૧૫માં ઇલિયટ એક કલાકારની પુત્રી વિવિયનને પરણેલા. ૧૯૪૭માં પ્રથમ પત્નીના મૃત્યુ બાદ ૧૯૫૭માં પોતાનાથી ચાળીસ વર્ષે નાનાં વાલેરી ફ્લેચર સાથે લગ્નગ્રંથિથી જોડાએલા. ૧૯૨૭માં બ્રિટિશ નાગરિકત્વ મેળવી પોતાને વિષે પેલી વિખ્યાત ઘોષણા કરેલી: 'A classicist in literature, a royalist in politics and an Anglo-Catholic in religion.'

પ્રથમ કાવ્ય The Love Song of J. Alfred Prufrock દ્વારા ઇલિયટે પ્રથમ 'અર્વાચીન' કાવ્ય સિદ્ધ કર્યું. અર્વાચીન એ અર્થમાં, કે એમણે વ્યક્તિની સાંપ્રત મનોવ્યથાનો જન્મ યુદ્ધના પડછાયાઓમાંથી થતો જોયો. શીર્ષકમાં જ વિડંબના છે. આરંભે મૂકેલા અવતરણમાં જ ઇપ્સિત અર્થનું સૂચન છે. ઉપાડના દસ શબ્દો પ્રણયગાન Love Songની આભોહવાના છે, પણ જ્યાં આ શબ્દો ક્રિયાપદ is સાથે જોડાય છે ત્યાં જ કાવ્ય દુઃસ્વપ્નની સૃષ્ટિમાં ગતિ કરે છે: Let us go then, you and I/When the evening is spread out against the sky/Like a patient etherised upon a table. સાર્વત્રિક નિશ્ચેતનાનું કેવું બિભીષણ ચિત્ર! પીળું ધુમ્મસ, પીળો ધુંવા, કંટાળાજનક દલીલની જેમ વહે જતી શેરીઓનો પ્રસ્તાર, સસ્તી ગંદી રેસ્ટોરાં, સ્ત્રીઓના પ્રલાપ: In the room/The women come and go/Talking of Michelangelo.

પાઈપોમાંથી ઊંચે ચડતા ધુમાડા, બારીઓમાં બળતા એકાકી મનુષ્યો (of lonely men in shirtsleeves, leaning out of windows!) અને આ બધામાં અજાણ્યા ભાવિમાં અનિશ્ચિત ગતિએ નિષ્કર્મનું જ આવર્તન કરતા પ્રુફ્રૉકના આત્મપ્રલાપો—'Do I dare?' And, 'Do I dare?'/I have measured out my life with coffee-spoons/I should have been a pair of ragged claws/sucutting across the floors of silent seas ના પડઘા... સામે ઊભેલી વૃદ્ધાવસ્થાની વાસ્તવિકતા...

I grow old...I grow old.../I shall wear the bottoms of my trousers rolled. સાગરકાંઠે પણ ક્યાં શાતા? તંદ્રામાં અનુભવેલી જલપરીઓના સામીપ્યનો જન-કોલાહલના સ્પર્શથી જ થતો લોપ...અને તણાવું...Till human Voices wake us, and we drown. પ્રુફ્રૉક એ અભિશપ્ત વ્યક્તિનું કાવ્ય છે. Prufrock and other observations (૧૯૧૭)નાં અન્ય કાવ્યો—Portrait of a Lady, Preludes, Rhapsody on a windy nightમાં વ્યક્તિત્વની છિન્નભિન્નતા નિરુપાએલી છે.

પણ નગરસંસ્કૃતિની નિઃસારતામાં શ્વસતા સમાજનાં નિર્વેદચિત્રો The Hollow Men અને Gerontionમાં વણાયા છે: આપણ સૌ ખોદા માનવી, આપણ સૌ ભૂંસું ભરેલા માનવી. We are the hollow men, We are the stuffed men. આ માનવીઓ આકારહીણ આકારોમાં, રંગહીણ છાયાઓમાં અને ચેતનહીન ગતિમાં ફરતા અંતે મૃત્યુમાં વ્યાપેલા સ્વપ્ન-સામ્રાજ્યમાં ઘૂમે છે. This is the way the world ends/Not with a bang but with a whimper. આ ઉદ્ગારમાં કાવ્ય વિરમે છે.

૧૯૨૨માં Waste Land પ્રગટ થયું. યુદ્ધોત્તર યૂરોપના અભિશપ્ત આત્માનું આ દીર્ઘ કાવ્ય ઇલિયટની સાંસ્કૃતિક ચેતના ને યુદ્ધજન્ય વ્યથાનું પ્રતીક છે. અનેક ઇતિહાસ-સંદર્ભો, શાસ્ત્રો અને કલાઓનો એક કાવ્યાત્મક વિનિયોગ અહીં થયો છે. ઇલિયટે આ કાવ્યના બે સંદર્ભગ્રંથો તરીકે જે પુસ્તકો—From Ritual to Romance, ને The Golden Boughનો ઉલ્લેખ કર્યો છે તે નૃવંશશાસ્ત્ર (anthropology)ને લગતા છે. કાવ્ય પાંચ વિભાગો—The Burial of the Dead, A Game of Chess, The Fire Sermon, Death by Water, What the Thunder said—માં વિભાજિત છે. ગ્રીક પુરાણ અને સાહિત્યના પ્રસિદ્ધ પાત્ર ટાઇરેસીઅસની ઉપસ્થિતિ કરુણતમ કટાક્ષની પરાકાષ્ઠા સૂચવે છે. એ ભવિષ્યવેત્તાના અંધ ચક્ષુએ નિહાળેલા સાંસ્કૃતિક વિનિપાતનું આ દર્શન છે. આધ્યાત્મિક અવપતનનાં પરિચિત પ્રતીક—અનાવૃષ્ટિ—નો ઉલ્લેખ અહીં સર્વત્ર છે: અશાંત ગિરિમાળાઓમાં ઠાલાં વાદળાં ગગડે છે; જળ પડતું નથી; અહીં મુડદાંઓ વવાય છે!

સ્ટેટસન!...
ગયા વર્ષે બાગમાં તેં તારા

પેલું મુડદું જે વાવ્યું હતું,
ઊગવા શું માંડયું એ કે?
એ આ વરસમાં ખીલશે કે?

—Stetson!... / That corpse you planted last year in your garden/ Has it begun to sprout?/Will it bloom this year? -
જેવી પંક્તિઓમાં યુદ્ધનાં સર્વનાશી પરિણામોને ઉવેખીને પણ યુદ્ધનું પુનરાવર્તન કરતી પ્રજાઓને તીવ્રતમ ઉપાલંભ દેવામાં આવ્યો છે. ખખડતાં અસ્થિઓ The rattle of the bonesની વચ્ચે યે કવિ સંયમ, સ્વસ્થતા, વીતરાગ ને સુગ્રથિતતા કેળવીને કહી શકે છે: Sweet Thames, run softly till I end my song,/Sweet Thames, run softly, for I speak not loud or long.

નારીત્વ ને માતૃત્વના લોપથી બીજો કયો મોટો માનવીય મૂલ્યોનો કરુણ હ્રાસ હોઈ શકે? A Game of Chess અને The Fire Sermonમાં આ જોવા મળે છે. કાલાં ગગડતાં વાદળો, વાયુના સુસવાટા, અશાંત પહાડોમાં ઊભાં છુવું, સૂનાં દેવળો, દેવળનાં હલતાં બારણાંનો કિચૂડાટ, સૂકાં હાડકાંઓના ઢગ...અને એબધાંની વચ્ચે કેવો અવાર!...

On'y a Cock stood on the rooftree/Co co rico, co co rico...અને ...London Bridge is falling down, falling down, falling down...કાવ્ય ભલે 'શાંતિઃ શાંતિઃ શાંતિઃ'માં પરિણમતું હોય, કાવ્યનો એકમાત્ર લય સંવાદનો નહિ પણ વિસંવાદનો છે.

ઇલિયટે કહ્યું છે કે કવિધર્મ તો સૌંદર્ય અને કુરૂપતાનાં પડો નીચે વહેતી ત્રસતતા, ભયાવહતા અને ગૌરવશાલીનતાને પામવાનો છે: 'The boredom, and the horror and the glory.' મનુષ્યની મહાનતા એ છે કે એ અવપતનના અંતિમ બિંદુએ જઈ પાછો વળી શકે છે...ઊર્ધ્વ પ્રતિ ગતિ કરી શકે છે. શ્રદ્ધા પ્રેમ અને વિનમ્રતામાં મનુષ્યના ઉત્કર્ષનું રહસ્ય રહેલું છે.એવો સૂર Ash Wednesday (૧૯૩૦)નાં છ કાવ્યોમાં પડઘાય છે. આ પ્રાર્થનાકાવ્ય – Ash Wednesday – Four Quartetsની નાંદી છે. અહીં કર્મ દ્વારા પ્રગટ થતો આનંદ વહે છે: Consequently I rejoice, having to construct something upon which to rejoice. અહીં શ્રદ્ધામાંથી પ્રગટતી પ્રાર્થનાનો સૂર રણકે છે: Suffer us not to mock ourselves with falsehood, / Teach us to care and not to care, / Teach us to sit still, / Even among these rocks, / Our peace in His will...અહીં કાવ્યાન્તે પ્રભુસ્પર્શને ઝંખતો આર્તનાદ છે: And ગુંજે let my crys come unto Thee.

પ્રેમ, શ્રદ્ધા, વિનમ્રતા અને પ્રાર્થના દ્વારા જ પ્રભુના અનુગ્રહને પ્રાપ્ત કરી Four Quartetsમાં કથેલી ધ્રુવસ્થિતિ Still point સિદ્ધ કરી શકાય. સનાતન સંગીતમાં ગતિ થતા નિરપેક્ષ સત્યનું જે પંક્તિ—

—'અભિન્ન છે વહ્નિ અને ગુલાબ'

The Fire and the rose are one—માં દર્શન થયું છે તે પામી શકાય.

ઑર્ડર ઑવ મેરિટ અને નોબેલ પ્રાઈઝ અર્પણ કરી જેમનું અભિવાદન કરવામાં આવેલું તેવા પ્રાજ્ઞ કવિ ઇલિયટ ચોથી જાન્યુઆરી, ૧૯૬૫ના દિનેચિરનિદ્રામાં પોઢી ગયા.એમની ભસ્મને એમના પૂર્વજોની ભૂમિ ઈસ્ટ કૉકરમાં પધરાવવામાં આવી.એમની લયપ્રદીપ્ત વાણી સર્વત્ર ગુંજી રહી છે: 'આરંભ અંતમાં મારો.' In my end is my beginning.

સાહિત્યકોષની યોજના

ગઈ ૩૦મી ઑગસ્ટે નર્મદ-સુવર્ણચન્દ્રક-સ્વીકારના પ્રસંગે **શ્રી** વિજયરાય વૈદ્યે જેનો અંગુલિનિર્દેશ કરેલો તે, ગુજરાતી સાહિત્યની મોટી ઊણપ લઘુ. મધ્ય તથા બૃહત્ સાહિત્યકોષની તૈયારી એમણે પોતાના સાહિત્ય કેન્દ્ર 'રોહિણી પ્રતિષ્ઠાન'(૧૫૮૨, કૃષ્ણનગર, ભાવનગર)થી કરવા માંડી છે. એ સંદર્ભગ્રંથમાં–

૧) શબ્દકોષની રીતે, એટલે કે અકારાદિક્રમે, સંશોધિત પ્રમાણભૂત માહિતી (મુખ્યત્વે સાહિત્યની, અને ગ્રન્થના ઉપાંગો તરીકે કલા, શિક્ષણ તથા પત્રકારત્વ — વર્તમાનપત્રો, સામયિકો — સંબંધી) અપાશે.

૨) એ કાર્ય કોષના ત્રણે ગ્રન્થમાં મળીને જેમ ગુજરાતનાં, જેમ અન્ય ભારત-પ્રદેશોનાં તેમ જગતના પાંચે ખંડોનાં ભાષા-સાહિત્યને આવરી લઈને કરવાનું છે.

૩) આ પ્રકારની સામગ્રી શક્ય તેટલી વધુમાં વધુ સમાવીને 'ગુજરાતી લઘુ સાહિત્યકોષ' ૧૯૬૫ના ઑગસ્ટમાં અને મધ્ય તથા બૃહત્ અનુક્રમે, ૧૯૬૬ની આખરે અને ૧૯૬૮ના પૂર્વાર્ધમાં, પ્રસિદ્ધ કરવાની ધારણા છે.

૪) લઘુ સાહિત્યકોષનાં અંગોપાંગ, ગુજરાત અને તેનાં ભાષા–સાહિત્ય–વિષયક, નીચે પ્રમાણે રહેશે:

૫) ગુજરાતી ભાષાસાહિત્યના આરંભથી ચાલુ સાલ ૧૯૬૫ના જૂન આખર સુધીના ભાષાકીય તેમ જ સાહિત્યના ઇતિહાસનું સવિસ્તર દિગ્દર્શન;

૬) ગુજરાતી સાહિત્યપ્રકારોની વિકાસરેખા.

૭) ગુજરાતીના આદિકાલથી હમણાં સુધીનાં અગત્યનાં કલાકારો કવિઓ ને ગદ્ય, લેખકોની સ-રસ, સવિસ્તર ચરિત્રરેખા: મુખ્ય કૃતિઓના પરિચય ને ટૂંકાં મૂલ્યાંકન.

૮) ગુજરાતી સાહિત્યની સૌથી મુખ્ય પ્રશિષ્ટ સર્જન-કૃતિઓનાં (કવિતા ને નાટક, નવલકથા ને નવલિકામાંનાં) સવિશેષ સ્મરણીય પાત્રોની રસાત્મક પિછાન.

૯) ગયાં ૧૨૫થી ૧૫૦ વર્ષ દરમ્યાન પ્રકાશિત(પણ ઉપલી કલમોમાં નહિ સમાવાએલું) જે શિષ્ટ વાચન, તેના ગ્રન્થોનો ટૂંકો સાર.

૧૦) ગુજરાતી વર્તમાનપત્રો અને સામયિકોની ઇતિહાસ-રેખા.

૧૧) અન્ય સાહિત્યોની ગુજરાતી ભાષા તથા સાહિત્ય પર અસર.

૧૨) સાહિત્ય અને વિવેચનના પરિભાષિક શબ્દો.

૧૩) વિદ્યાપીઠોમાં ગુજરાતીના ઉચ્ચ શિક્ષણની શરૂઆત અને પ્રગતિ વિષે લેખ.

૧૪) પુસ્તકાલયો, પ્રકાશકો તથા મુદ્રણાલયોની માહિતી.

ભારતની ભૂમિ અને પ્રજા

પુસ્તકોની નવી શ્રેણી

ભારતની ભૂમિ અને પ્રજા સંબંધી વિવિધ પાસાંની સારી એવી વાચનસામગ્રી સામાન્ય શિક્ષણ મેળવેલા નાગરિકોને પૂરી પાડવાના ઉદ્દેશથી પુસ્તકોની એક શ્રેણી 'નૅશનલ બુક ટ્રસ્ટ' તરફથી પ્રકટ થનાર છે, જેમાં ભૂગોળ, ભૂસ્તરવિદ્યા, વનસ્પતિ-વિજ્ઞાન, ખેતીવાડી, નૃવંશશાસ્ત્ર, ઇતિહાસ, સાહિત્ય, સંસ્કૃતિ, ભાષાઓ વગેરે સંબંધી અનેકવિધ વિષયોનો સમાવેશ કરાશે. વિવિધ વિષયોની નિષ્ણાત વ્યક્તિઓએ લખેલાં આ પુસ્તકો વાસ્તવિક અને વૈજ્ઞાનિક બની રહેશે. ટૂંકમાં કહીએ તો ભારત વિષેનાં એન્સાઇક્લોપીડિયા જેવાં પુસ્તકોનો એક ગુચ્છ તે બની રહેશે.

કસ્તૂરબા પુણ્યતિથિ નિમિત્તે બહેનો માટે સસ્તા સેટની યોજના

બહેનોમાંગાંધી-સાહિત્યનોઅભ્યાસથાય તે હેતુથી 'નવજીવન' તરફથી પ્રસિદ્ધ થએલાં બહેનો વિષેના ગાંધી-સાહિત્યનો એક નાનકડો સેટ સસ્તી કિંમતે આપવાની યોજના નવજીવન ટ્રસ્ટે જાહેર કરી છે. લાભ લેવા માગતી બહેનોને 'મૅનેજર, નવજીવન ટ્રસ્ટ, અમદાવાદ–૧૪'ને લખવાથી માહિતી મોકલાશે.

કંકાવટી

તમે દાંત, અમે જીભ

"અમારાં શરીર છે તે સંસારને ઉછેરવાનું સ્થાન છે. એ શરીરને પુરુષના સંસારને ધક્કેલે ચડાવવું તે જીભની પાસે દાંતનું કામ કરાવવાના પ્રયત્ન જેવું છે. તમે દાંત, અમે જીભ. તમે તમારુ કામ કરો, અમે અમારુ કરીશું. તમે કમાઓ, અમે ઘરસંસાર નિભાવશું. સ્ત્રી વિના તમારી કમાઇનો અર્થ કોણ સરાવશે? તમે પણ પેટની સેવા સારુ જીવશો અને અમે પણ તેમ કરીશું ત્યારે તમારી સતતિની, તમારા કુટુંબની, તમારા ઘરની, તમારા મનની, તમારા આનંદની, તમારા ધર્મની સંભાળ કોણ લેશે? અમને અમારુ કામ જે આવડુ મોટુ છે તે શીખવવામાં મદદ આપો. તમારી પાસે દ્રવ્ય વધે તો અમને અમારા કામમાં ઊંચી પદવી આપો. અમે અમારી બુદ્ધિ રસોઈમાં ચલાવીશું. તમારાં સાધન વધશે ને રસોઇયો રાખી આપશો તો તમારા ઘરને ઠેકાણે અમે મહેલ રચીશું. તમારા પુત્રને તમારા જેવા કરી આપીશું. તમને જે વિદ્યા સેવવા અવકાશ નહિ મળે તે અમે સેવીશું. તમારી રસ-વાસનાને, તમારા કવિત્વને, તમારા જ્ઞાનને, તમારા શૌર્યને, તમારી દેશભક્તિને ઋણાનુબંધ પ્રમાણે ઉછેરીશું ને વધારીશું. જીભ કોમળ કામ કરશે ને દાંત ચાવશે. અમે અમારુ કામ યોગ્ય રીતે કરીશું તો જ તમારો સંસાર આગળ ચાલશે. તમારો સંસાર આગળ ન ચાલે તો અમને પણ હાનિ જ છે."

(ગુણસુંદરીની ઉક્તિ) —ગોવર્ધનરામ ત્રિપાઠી

'જીવનસંભારણાં'

'શીરીન મડમ' પછી આશરે અરધી સદી બાદ લખાએલું ગુજરાતી સન્નારીનું બીજું આત્મવૃત્તાંત શ્રી શારદાબહેન સુમંત મહેતાનું 'જીવનસંભારણાં' (૧૯૩૮) એક જુદી તરી આવતી કૃતિ છે. ઈ. ૧૮૮૨થી ૧૯૦૧ સુધીના ગાળાના બાલ્યકાળનું અને વિદ્યાર્થિની-અવસ્થાનું, તેમજ ૧૯૦૨થી ૧૯૩૭ સુધીનાં પાંત્રીશ વર્ષના કૌટુંબિક જીવન વચ્ચે રહીને ડૉ. સુમંત મહેતા જેવા સ્નેહાળ અને સૌજન્યશીલ, ભાવનાશાળી પતિ પાસેથી પ્રેરણા અને પ્રોત્સાહન મેળવી અનેક વિટંબણાઓ વચ્ચે સંસ્કાર-જીવન ખીલવતાં, સ્વદેશીના રંગ પણ અનુભવતાં, તેમણે ગુજરાતી સ્ત્રીઓની કેળવણીને પોતાનું જીવનકાર્ય બનાવી એના ઉત્તેજન માટે કરેલા પ્રયાસોનું આ વૃત્તાંત છે. એમાં શારદાબહેનના આત્મવિકાસના આછા ઇતિહાસ સાથે ડૉ. સુમંતના આંતરજીવનનો પણ થોડો પરિચય થાય છે. એમાં તત્કાલીન સામાજિક, રાજકીય, ને સ્ત્રી–જાગૃતિવિષયક વાતાવરણનો વીગતવાર અહેવાલ આપવામાં આવ્યો છે તે એની મોટી વિશિષ્ટતા ગણાશે.

શારદાબહેનના ઘડતરમાં એમનાં માતપિતાએ બાલ્યકાળમાં ધાર્મિક સંસ્કારોનું સિંચન કર્યું. ગુરુ સમાન શ્રી રમણભાઈ નીલકંઠે એમના વિદ્યાભ્યાસને ઉત્તેજન આપ્યું. શ્રી કાશીરામ દવે અને આનંદશંકર ધ્રુવે કૉલેજજીવનમાં અભ્યાસ કરવાની પ્રેરણા આપી, એટલે વિદ્યાર્થીઓની કનડગત અને અપમાનો મક્કમતાથી વેઠી ગ્રૅજ્યુએટ થઈ શારદાબહેને તેમજ તેમનાં મોટાં બહેન વિદ્યાબહેને ગુજરાતમાં સ્ત્રીકેળવણીનાં દ્વાર ખુલ્લાં કર્યાં.

સને ૧૯૦૧માં શારદાબહેને ડૉ. સુમંત મહેતા સાથે લગ્ન-જીવન શરૂ કર્યું. સાંસારિક જીવન ખીલવવાના શોખને લીધે તેમણે વિશાળ વાચન કર્યું. તે ઉપરાંત રમેશચંદ્ર દત્ત, અબ્બાસ તૈયબજી, મ. ગાંધીજી અને ડૉ. સુમંત મહેતાના સંપર્કમાં આવ્યાં તેથી તેમજ પોતાનાં સંતાનોના સહવાસથી પણ શારદાબહેન જીવનવિકાસ સાધતાં ગયાં. કુટુંબના ભાવનામય વાતાવરણ અને બાળકોના કલ્લોલ વચ્ચે શ્રીમંત સમાજમાં રહીને તેમણે આનંદ ભોગવ્યો, જીવન જોયું, જાણ્યું અને માણ્યું. એકંદરે, ગુજરાતમાં નવયુગની બદલાતી જતી નારીશિક્ષણની લોકભાવના અને લોકવિચારના પરિવર્તનના પ્રમાણભૂત અહેવાલ તરીકે 'જીવનસંભારણાં' સૌને ઘણું ઉપયોગી પુસ્તક થઈ પડશે. **—ઉપેન્દ્ર ર. ભટ્ટ**



શારદાબહેન (ફોટો · સુમનભાઈ શેઠ)

ડોશીમાનું વૈદું

૧૯૪૩માં ગાંધીજી આગાખાન મહેલમાં ૨૧ દિવસના ઉપવાસ ઉપર હતા ત્યારે તેમને કાનમાં ફોલ્લી થએલી. એનાથી એમને બહુ કષ્ટ થતું અને નિરાંતે ઊંઘી શકાતું પણ નહિ.

સરકારે તેને માટે કાનના એક નિષ્ણાતને મોકલ્યા. તેણે બે દિવસ સુધી પોતાની દવા અજમાવી જોઈ, છતાં કશો ફેર ન પડ્યો, એટલે તે ય ચિંતામાં પડી ગયા. છેવટે ગાંધીજીએ પોતાની દવા અજમાવી જોવા રજા માગી, અને બે દિવસમાં તો તદ્દન સારું થઈ ગયું.

ડૉક્ટર ફરી ગાંધીજીને જોવા આવ્યા ત્યારે કાન તપાસવા લાગ્યા, પણ ફોલ્લી હોય તો જડે ને? આખરે, ગાંધીજીએ હસતાં હસતાં કહ્યુ: 'એ ફોલ્લી ને એની પીડા તો ગયાં.'

'એમ? આટલા ટૂંકા વખતમાં તમને સારા કરનાર એ અદ્ભુત દવા કઈ છે?'

ગાંધીજીએ રહસ્ય ખુલ્લું કરતાં કહ્યુ: 'તો લો સાંભળો. મેં તલના તેલમાં લસણ નખાવ્યું. પછી તે તેલ ઉકાળ્યું અને સહન કરી શકાય એટલું ગરમ થયું એટલે કાનમાં નાખ્યું. સાથેસાથે કાનની પાસે એક ગરમ કરેલી ઈંટ રાખી કે જેથી અંદર અને બહાર બંને બાજુથી શેક થાય. આ અમારું ડોશીમાનું વૈદું.'

કાન તપાસનાર ડૉક્ટરે કાન પકડ્યા: 'તમારી દવા તો સાચે જ ચમત્કારી છે!'

'તો તો તમારી ડિગ્રીઓ છોડી દો અને અમારા ડોશીમાના વૈદા તરફ વળો.' મહાત્માજીએ મમરો મૂક્યો, અને એ ઓરડામાં હાસ્યનું હળવું મોજું ફેલાઈ ગયું. (લોકજીવન)

ફરાળી ઢોકળાં

સામગ્રી: ૦ાા શેર શીંગોડાંનો લોટ, ૦ાા શેર સીંગદાણા, મીઠું, મરી, આદુ, મરચાં માપસર. ૦ાા શેર ખાટું દહીં.

રીત: સીંગદાણા રાત્રે પલાળી રાખી સવારે વાટી નાખવા. શીંગોડાંનો લોટ પણ બે કલાક દહીંમાં પલાળી રાખવો. પછી તેમાં વાટેલા સીંગદાણા, મીઠું, લીલાં મરચાં, આદુ લસોટીને નાખવાં, અને બધું હલાવીને એકરસ કરી તેમાંથી થાળીઓ તૈયાર કરવી. તૈયાર કરેલી થાળીમાં ઉપર મરીનો ભૂકો ભભરાવી એને વરાળથી બાફવાં. આ બાફેલાં ઢોકળાં ગરમગરમ જ ખાવાં. ઉપર જરીક તેલનો વઘાર સારો. —ઇન્દુબહેન કૉન્ટ્રાક્ટર

પીઠીનો મહિમા

લગ્ન સમયે (જૂના વખતમાં લગ્ન પહેલાં છ દિવસથી રોજ લાગટ) આખે શરીરે ઘસીને પીઠી ચોળી નાહવાનો રિવાજ છે. પીઠીમાં મોટા ભાગે પીસેલી હળદર હોય છે. આજે તો લગ્ન માટેના સ્નાન પહેલાં હાથ-પગ-મોં પર જરાજરા લગાડી દેવાય છે, ને કોઈકોઈ તો શરીરને માત્ર છ વાર અડાડી જ લે છે. વસ્તુતઃ આ પીઠી ચોળવા પાછળ આરોગ્ય-વિજ્ઞાન રહ્યું છે. હળદરમાં રક્તશુદ્ધિ ઉપરાંત શરીર પરની બારીક રૂંવાંટી દૂર કરવાનો ગુણ છે. લાગટ છ દિવસ સુધી બરોબર ઘસીને ચોળવામાં આવે તો રૂંવાંટી નીકળી જઈને શરીર નરવું અને તેજસ્વી બને છે.

શાકભાજીનુ સમયપત્રક

ફાગણમાસમાં (ઘર આંગણામાં કે પરસાળ-અગાસીમાં રાખેલાં ખોખાંમાં) વાવવાનાં શાકભાજી: દૂધી, ગુવાર, રીંગણ, પંડોળાં, ચોળી, તૂરિયાં, ભીંડા, કાકડી, કારેલાં.

ધબકાર

(પરમ્પરિત હરિગીત)

નીચો વળીને વીણતો,
હળવેક હાથે એકઠા કરતો,
અહો બહલાવીને શો મૂકતો એ ટોપલા માંહે
(ચમેલી–ફૂલ નાજુક ગોઠવે એ છાબમાં જાણે)
કુમાશે એટલી લે કોયલા એ કોલસાવાળો,
અને મમતાભર્યા એ સ્પર્શથી
સૌંદર્યનો ધબકાર શો
અપરૂપમાંથી જાગતો ! –ગીતા પરીખ

સોનાના ગીલેટવાળી ફ્રેમો કાંદાના પાણીથી ધોવાથી ચમકદાર થશે.

જામીને મેલા થએલા ફોટોગ્રાફ પર મેથીલેટેડ સ્પિરિટમાં આછું બોળેલું રૂનું પૂમડું કે મલમલનું કપડું હળવેથી ઘસવાથી સાફ થઈ જશે. રૂ કે કપડું સ્પિરિટથી તર ન રાખવું.

તમે એટલાં બધાં મીઠાં ન થશો કે જેથી દુનિયા તમને ચાવી જાય; તેમ જ એટલાં બધાં કડવાં પણ ના થશો કે જેથી દુનિયા તમને થૂકી નાખે.

૨૯ : આંબો

આ અતિપરિચિત વૃક્ષનાં વિવિધ અંગોનો પ્રાચીન કાળથી ઓષધીય ઉપયોગ થતો આવ્યો છે. આંબાનાં કૂણાં પાંદડાંને આચાર્ય ચરકે હૃદ્ય અને ઊલટીને મટાડનાર કહ્યાં છે. પાકી કેરી હૃદ્ય, શરીરના વર્ણને સુધારનાર, રુચિકારક, પુષ્ટિદાયક, ભારે, વાયુનાશક તથા લોહી, માંસ, બળ ને શુક્રની વૃદ્ધિ કરનાર છે. આંબાનાં મૂળ, છાલ ને કૂણાં પાન તૂરાં, ગ્રાહી, ને કફ તથા પિત્તને દૂર કરનાર છે. ફૂલ (મંજરી) રુચિકર તથા અગ્નિને પ્રદીપ્ત કરે છે.

પિત્તની ઊલટી

પિત્તની ખાટી ઊલટીઓ થતી હોય તો આંબા તથા જાંબુના ૧ તોલો પાન છૂંદી ૧૬ તોલા પાણીમાં નાખી, ઉકાળી, $\frac{1}{4}$ ક્વાથને ઠરી ગયા પછી ગાળી સાકર મેળવી પી જવો.

નસકોરી

આંબાની ગોટલીને પાણીમાં લસોટવી. એ પાણી ગાળી લઈ નાકમાં એનાં ટીપાં પાડવાં.

લોહીના ઝાડા

લોહીના ઝાડા થતા હોય તો આંબાની તથા સાદડ (અર્જુન)ની છાલ એક તોલો લઈ એને અધકચરી ખાંડી નાખી ૧૬ તોલા બકરી કે ગાયના દૂધમાં નાખવી. દૂધ જેટલું જ પાણી નાખવું. પછી ધીમે તાપે ઉકાળવું. પાણી બળી જાય એટલે ગાળીને શીતળ દૂધ સાકર મેળવીને પીવું. છાલ (સૂકી) ગાંધીની દુકાને મળી શકશે. પિત્તના તથા અન્ય ઝાડામાં પણ આ પ્રયોગ લાભદાયી છે.

બરોળવૃદ્ધિ

બરોળ વધી હોય અને એને કારણે પેટ વધતું હોય તેમાં પાકી કેરીના રસમાં મધ નાખી પીવાથી લાભ થવાનું વૃન્દ લખે છે.

માંસાહારના અજીર્ણનું મારણ

માછલી ખાવાથી અજીર્ણ (અપચો) થયું હોય તો કાચી કેરી ખાવી. માંસભોજનથી અજીર્ણ થયું હોય તો કેરીની ગોટલી ખાવી. આ બંને મારણો આચાર્ય ભાવમિશ્રે નોંધ્યાં છે.

લોહીવા અને શ્વેતપ્રદર

આંબાની ગોટલી નંગ ૧, કમળકાકડી (ગર્ભ) નંગ ૪, નાગકેસર વાલ ૧, ફુલાવેલી ફટકડી રતી ૬, ખાખરાનો ગુંદર રતી ૬.

ઉપરની બધી વસ્તુઓ બારીક લસોટવી. પછી દસ તોલા શીતળ જળમાં અર્ધો તોલો સાકર સાથે મિશ્રિત કરીને દિવસમાં ૩ વખત પીવું. થોડા દિવસ આ પ્રવાહી પીવાથી લોહીવા મટશે. લોહીના ઝાડામાં કે શરીરના કોઈ પણ ભાગમાંથી લોહી પડતું હોય એમાં પણ આ પ્રયોગ લાભદાયી છે. સ્ત્રીઓનું શરીર ધોવાતું હોય (શ્વેતપ્રદર: લ્યુકોરિયા) તો એમાં પણ આ પ્રયોગ લાભદાયી છે. શ્વેતપ્રદરમાં પેટ સાફ ન રહેતું હોય તો હરડે અથવા દીવેલ પણ મળશુદ્ધિ માટે લેવું.

મુખપાક

એક ગોટલીને લસોટી એક શેર પાણીમાં મિશ્રિત કરી, પાણી ગાળીલઈ, એનાથી કોગળા કરવાથી મોંનાં છાલાં, ચાંદી, ને આળાશમાં ઘણો લાભ થાય છે. દાંતમાંથી લોહી પડતું હોય એમાં પણ આ પ્રયોગ લાભદાયી છે.

યોનિપ્રદેશમાં આળાશ, ચાંદી, બળતરાની ફરિયાદ હોય એવી સ્ત્રીઓ આ પાણીની ઉત્તરબસ્તિ (ડુશ) લઈ શકે. ઘણો લાભ થશે. પાણીમાં એક વાલ ફૂલાવેલી ફટકડીનું ચૂર્ણ મેળવી ડુશ લેવાથી શ્વેતપ્રદરમાં લાભ થશે.

ખીલ, અળાઈ

ગોટલીને પાણી મૂકી ચંદનની જેમ બારીક લસોટીને ખીલ કે અળાઈ પર રોજ લેપ કરવો.

લાભશંકર ઠાકર

શતરંજના કોયડાનો ઉકેલ

1 K–B5!

આ સાવ નિર્દોષ દેખાતી રાજાની ચાલથી કાળાનો રાજા અને પ્યાદાંની ચાલ બંધ થઈ જાય છે. હવે ફક્ત વજીર જ ચાલી શકે તેમ છે. 1..., Q–B1; આ સિવાયની કોઈ પણ ચાલ સામે સફેદ તરત જ મહાત કરે છે તે જુઓ. 2N–N7 ch.

અહીં 2 N × Pch ન રમી શકાય, કારણ કે તો 2..., Q × Nch; 3K × Qથી Stalemate થાય છે. 2..., Q × N; 3 B–K8ch, Q–N3ch, 4 B × Qch P × Bch; 5 K × P, P–N4; 6 K–B5, P–NS; 7 P × P mate

મહાતની આ સુંદર પરિસ્થિતિ જોઇને ઑસ્ટ્રેલિયન માસિક Chess World ના જુલાઈ ૧૯૬૦ના અંકમાં જોએલ એક End game Studyનો કોયડો યાદ આવી જાય છે. વાચકોને તેનો ઉકેલ શોધવો મુશ્કેલ નહિ પડે એમ માની અહીં આપું છું: 16/p4p1p/5K1k/P6p/8/P8PP/8.

ભૂખ અને રુચિ

'આહાર અને આરોગ્ય'ની લેખમાળાનો ૬૧મો હપતો

શરીર અને મનના પ્રભાવની આ બે સ્થિતિઓમાં
ભૂખની સંવેદના જન્મજાત છે – રુચિની નહિ.
એક જરૂરિયાત છે, – બીજી શૉખ.

અને જાણો છો?

સુસ્તી, આળસ, કમજોરી, માથાનો દુખાવો વગેરે ઘણી વાર
ભૂખને કારણે થાય છે.
થાક અને તાવમાં ભૂખ શાથી મરી જાય છે?
બાળકો માટી અને ચાક ખાવા શા માટે પ્રેરાય છે?

લેખક. ડૉ. શિવપ્રસાદ ત્રિવેદી

આ તો સામાન્ય જ્ઞાનની વાત છે કે જિંદગી ટકાવવા અને આરોગ્ય માટે આપણે ખાઇએ છીએ. પણ ખાતી વખતે સ્વ રક્ષણનો ખયાલ ભુલાઈ જઈ માત્ર ભૂખ અને રુચિ આગળ પડતાં રહે છે! વળી ભૂખ ક્યારે પૂરી થઈ અને રુચિની શરૂઆત ક્યારે થઈ તે પણ કહેવું કઠણ છે. ભૂખ અને રુચિ સમાનાર્થ નથી.

બંને અલગ દેહધર્મીય આવિર્ભાવ છે. ભૂખ (હન્ગર) એ સહજ વૃત્તિ છે. જન્મથી જ તે દેહ સાથે જોડાએલી છે. તે શીખવી કે જાણવી પડતી નથી. લોહીમાં પોષણનાં દ્રવ્યો ખૂટવાથી ભૂખની સંવેદના પ્રસરે છે. ભૂખની ઇચ્છાથી હોજરીની માંસપેશીઓનું દુ:ખપ્રદ સંકોચન શરૂ થઈ સતત આંકડીમાં પરિણમે છે અને તે આંતરડાં સુધી વિસ્તરે છે. સાથમાં પિત્ત, અગ્ન્યાશય ને આંતરડાંનો સ્રાવ સ્રવે છે. સુસ્તી, આળસ, કમજોરી, માથાનો દુખાવો વગેરે થાય છે. મોટા ભાગે આ સમયે જઠરરસ નથી સ્રવતો. તાવ અને શરીરમાં વ્યાપેલા ચેપ વખતે આંત્રમાર્ગની ગતિ ઘટવાથી ભૂખ નથી લાગતી. થાકેલા કૂતરાઓની હોજરીનું તાલબદ્ધ સંકોચન નથી થતું એવું પ્રયોગો દ્વારા જાણવામાં આવ્યું છે. ઘણા થાકેલા માણસોની ભૂખ મરી જતી હોવાની બાબત આનાથી સ્પષ્ટ થશે.

રુચિ (એપિટાઈટ) એ મનોભાવ છે. કોઈ મિષ્ટ સ્વાદ, સોડમ કે ભૂતકાળમાં કરેલા રસાસ્વાદના પુનરાવર્તનની એ ઇચ્છા છે. ભૂખની સંવેદના સહિત આપણે જન્મીએ છીએ, રુચિની નહિ. રુચિ તો સમય વીતતાં આપણને પ્રાપ્ત થાય છે. મિષ્ટાન્ન, ફરસાણ, ચટણી અને અથાણાંની સોડમ આપણને વારંવાર ખાવા લલચાવે છે વળી, કદીક પેટ ભરીને ખાધાનો સંતોષ પણ ખાવાની વખળચા ઊભી કરે છે.

કકડીને ભૂખ લાગી હોય ત્યારે સ્વાદવિહીન કે ગળે ન ઊતરે એવું ખાણું મિષ્ટ લાગે છે, જ્યારે ભૂખ સંતોષાય એવું ખાધું હોવા છતાં યે માત્ર સ્વાદ કે ચટાકા ખાતર ભજિયાં, ફરસાણ કે મનપસંદ વાની ખાવાની ઇચ્છા રહ્યા કરે, એ રુચિ છે. આમ ભૂખ એ જરૂરિયાત છે, જ્યારે રુચિ એ શોખ છે.

રુચિ ત્રણ પ્રકારની છે. ખરી ભૂખ એ પહેલા પ્રકારની રુચિ છે. પેટ ભરાય એવા કોઈ પણ ખોરાકથી તે સંતોષાય છે. આ પ્રકારની ભૂખમાં વિવિધ સ્વાદનું મહત્ત્વ નથી.

ક્ષુદ્ર અભિરુચિવાળી બીજી રુચિ છે. આ સંબંધે બહુ જાણકારી મળી નથી. સારા પોષણ માટે તે બિનજરૂરી છે, પણ તે ન સંતોષવાથી કદીક પતિપત્ની વચ્ચે કલહનાં પગરણ મંડાય છે.

પોષણમાં અતિ મહત્ત્વની ત્રીજી સુ-જાણ રુચિ છે. આ રુચિ આશ્ચર્યજનક અને જવલ્લે જ સંપ્રજ્ઞાત હોય છે. કયો ખોરાક ગુણકારી હોવાનું જાણવું તો મુશ્કેલ છે છતાં ય અજાણપણે આપણે તે જાણીએ છીએ; જરૂરિયાતવાળા ખોરાક માટે આપણને રુચિ જાગે છે. સખત મજૂરી કરનારને રોટલો ને ગોળ કે ઘી ખાવાની રુચિ જાગે છે. ગોળ વિટામિન તથા ક્ષારયુક્ત અને ઘી વધારે કૅલરી આપતું હોવાની તેને જાણકારી તો નથી, પણ તે શક્તિદાતા ખોરાક હોવાનું જાણી એના માટે તેણે સુ-જાણ રુચિ કેળવેલી હોય છે. વળી સુ-જાણરુચિ વિકસવામાં સુખાકારીની લાગણી જોડાએલી હોવાનું પ્રયોગોથી સાબિત થએલું છે. દારૂ ને અફીણ-ગાંજાના વ્યસનીને વળગેલી આવી રુચિ જોખમકારક પણ હોઈ શકે છે.

ભૂખ દુ:ખદાતા છે તો રુચિ આનંદજનક છે. રુચિ અને ભૂખ ગાઢ સંકળાએલાં છે. ભૂખ સમેત કુદરતી જરૂરિયાતો સંતોષવાની ઇચ્છા એ રુચિ છે, જ્યારે ખોરાકની જરૂરતથી ભૂખની અપ્રિય સંવેદના ઊભી થાય છે. ખોરાકના સ્વાદ અને સોડમની મીઠી સ્મૃતિ સાથે સંકળાએલી રુચિ માનસિક છે. ખોરાકનું દૃશ્ય અને પંગતની રંગત જોઈ રુચિ પેદા થાય છે. મનગમતા ખોરાકનાં દૃશ્ય, સોડમ—અરે, વાતથી પણ મોંમાં પાણી આવે છે. ભૂખની સંવેદના ભરેલા કે ખાલી પેટથી થાય છે. નવજાત શિશુને ભૂખની સંવેદના હોય છે અને તે કારણે તે રડે છે; એને રુચિનું જ્ઞાન નથી હોતું.

રુચિ વગર ભૂખ અનુભવાય છે; ભૂખથી રુચિ ઉત્તેજાય છે. સૂકો રોટલો ને ખાટી છાશ રુચિકારક નથી; ઊલટાં ઊબકા ઉપજાવે. પણ કકડીને ભૂખ લાગી હોય ત્યારે તે મીઠાં લાગે છે. થોડી કે મોઘમ ભૂખ હોય ત્યારે રુચિનું પ્રાબલ્ય હોય છે, પણ ભૂખના જોર આગળ રુચિ દબાય છે. દુકાળના સમયમાં ભૂખથી પીડાતા એક ઋષિએ એઠું પણ ખાધાની ઉપનિષદોમાં એક વાર્તા છે.

રુચિમાં માનસિક કારણો છે. એનાથી જઠરરસ સ્રવે છે. રુચિસહ ખાધેલા ખોરાકથી જઠરરસ પુષ્કળ સ્રવે છે. ભોજન સમયના રમ્ય વાતાવરણથી રુચિમાં વધારો થાય છે. માંદાને ખોરાક આપતી વખતે આ ખાસ જાળવવાનું છે. રોગીનો ખોરાકનો ગમો-અણગમો ખાસ જાણી લઇને પીરસેલા ભોજનનું સુપાચન થાય છે.

ચાવીને ખાવાથી રુચિ સંતોષાય છે. ખૂબ ચાવવાથી લાળની ક્રિયાથી ખોરાકનો સ્ટાર્ચ માલ્ટોઝમાં રૂપાંતર પામી મીઠો લાગે છે. તેનું પાચન અને શોષણ સારું થાય છે. આમ વધારે ચાવવાથી પાચનતંત્રમાં વધારે ખોરાક નાખ્યા વગર રુચિ-ભૂખ સંતોષાય છે.

ખોરાકનાં કેટલાંક ખૂટતાં ઘટકો માટે રુચિ ઊપજે છે. વળી ખોરાકનું કોઈ ઘટક શરીર બગાડનારું હોય તો આવા ખોરાક માટે રુચિ ઊપજતી નથી. આમ ખોરાકની પસંદગીમાં રુચિ માર્ગદર્શક નીવડે છે. વળી શરીરની જરૂરિયાતો મુજબ સ્વાદનું જ્ઞાન પણ માર્ગદર્શક નીવડતું હોવાના અવલોકનમાં જણાયું છે કે બાળકો વજન વધે તેવા કે પાચનનો બગાડો, બંધકોષ ને ભૂખનાશ ન થાય એવા પ્રકારનો આહાર પસંદ કરતાં હોય છે.

ત્યારે બાળક માટી ખાય છે એનું શું? માટીના સારક ગુણના અનુભવે બાળકો માટી ખાતાં હોવાનું કૅલોગનું કહેવું છે; તો ખોરાક-

માં ન મળતા ક્ષારો મેળવવા પણ બાળકો માટી ને ચાક ખાતા હોવાનું અન્ય તજ્જ્ઞોનું કથન છે.

ખોરાકનાં કેટલાંક આવશ્યક ઘટકો સોડમવિહીન હોય છે. જો તેમની સાથે વિશિષ્ટ સોડમ ન હોય તો તેમની સુ-જાણ રુચિ ઉત્પન્ન થવી અશક્ય છે. સૂકધાન્યોમાં 'બી' વિટામિનો છે, પણ પૉલિશ કરવામાં તે નાશ પામે છે. આવાં ધાન ખાવામાં તેમના માટે સુ-જાણ રુચિ ઉત્પન્ન થતી નથી. પરિણામે, શરીરમાં 'બી' વિટામિનની ન્યૂનતા ઊભી થાય છે. આપણને કૈં વિ. 'સી'ની રુચિ પેદા થતી નથી, પણ ખાટાં ફળોની સોડમ ગમતી હોવાથી તે ખાવા લલચાઈએ છીએ અને સહસા વિ. 'સી' મળી રહે છે. આમ, ઘણા આવશ્યક ઘટકો વિશિષ્ટ સોડમયુક્ત છે. મીઠા જેવા થોડા ક્ષાર ઘટકોને વિશિષ્ટ સ્વાદ છે. આહારમાં મીઠાની ખોટ તરત સમજાય છે. ગાયને આહારમાં મીઠું ન મળવાથી છેવટે તે ઓખર કરવા તરફ વળે છે.

આમ, રુચિ આરોગ્યની રક્ષક છે. તે પ્રથમ કક્ષાની, મંદ અને સહ્ય ભૂખ હોઈ અનુકૂળ નીવડે છે. પણ તે ન સંતોષાતાં તેની વધેલી સ્થિતિરૂપ પ્રતિકૂળ—અરે દુઃખદાતા—ભૂખ પેદા થાય છે.

ખોરાકનાં સ્વાદ ને સોડમ સાથે રુચિ સંબંધિત છે. કેટલાક ખોરાકનાં પ્રિય અને અપ્રિય સ્વાદ ને સોડમ રુચિનું નિર્માણ કરે છે. સ્વાદિષ્ટ ખોરાકની ધારણા અને પ્રાપ્તિમાં આનંદ સમાએલો છે. રુચિમાં આવું માનસિક તત્ત્વ સમાએલું હોઈ તેની કોઇ વિકૃતિ ખરાબ અસરો ઉપજાવનાર પણ નીવડે છે.

ઘણા જાડા માણસો ખાય છે ઘણું, પણ કદી ભૂખથી ખાતા નથી હોતા. ભૂખ સાથે જોડાએલી સંવેદનાઓ તેમને સતાવતી નથી, પણ કોઈ તરંગીપણાને લીધે તેઓ વધારે પ્રમાણમાં ખાય છે. જાડા માણસોમાં હોજરીનું સંકોચન થાય છે તો ખરું; પણ પોતાને તેની જાણ થતી નથી એવું કહેનારા માનસિક વ્યાધિગ્રસ્ત (ન્યૂરૉટિક) હોઈ શકે. ભૂખની સંવેદના ધ્યાન બહાર લઈ જવામાં તેઓ ખાવાની બાબતમાં ઊભા થએલા વિરોધનું શમન શોધતા હોવાનું માનવામાં આવે છે.

ભૂખ ન હોવા છતાં ય ખવાય અને ભૂખ હોવા છતાંય રુચિ નથી થતી, એમ અનુભવવામાં ક્યાં નથી આવતું? રુચિનો સંબંધ સ્વાદ અને તેમાંથી મળતી પ્રસન્નતા સાથે છે, જ્યારે ભૂખનો સંબંધ ખોરાકની જરૂરિયાત સાથે છે. મન અને શરીરના પ્રભાવની આ સ્થિતિઓ છે. 'હમેશાં વધારે ભૂખ ભાગ્યશાળીને લાગે' એ જાણીતી કહેવતના 'ભાગ્યશાળી'ની વ્યાખ્યા કરતાં રવિશંકર મહારાજ કહે છે: 'એવો ભાગ્યશાળી તે કોણ? કે જે ખૂબ મહેનત કરતો હોય. ખેડૂત કોદાળી લઈ ખેડતો હોય તે ખરી મહેનત. બાકી, ફરવા ખાતર ત્રણ માઈલ ફરી આવે અને પછી બારણામાં ઊભો રહી પાણી માગે તે મહેનત કહેવાય નહિ. એટલે ઉત્પાદક શ્રમ કરનારો જ ખરો ભાગ્યશાળી છે અને તેને જ સાચી ભૂખ લાગે છે.'

ફોટોગ્રાફી-હરીફાઈ

આ વખતે હરીફાઈ માટે લાંબા સમયથી એકઠાં થતાં જતાં ફોટો-ચિત્રોની સંખ્યા મોટી થવા છતાં એમાં નબળાં ચિત્રો ઘણાં છે. આવું નબળું ધોરણ જોવા મળે છે એનું એક કારણ ધીરજ, ખંત તથા અભ્યાસી કલાદૃષ્ટિનો અભાવ છે. આ વખતનાં ઘણાં ચિત્રોમાં જણાય છે કે સરસ ચિત્રો ઉપજાવવા માટે સુંદર વાતાવરણ અને સ્થળ તથા યોગ્ય સાધન હોવા છતાં ઉતાવળ કે અણઆવડતને કારણે કેટલાકે ઉમદા તક ગુમાવી છે. રેલવે સ્ટેશનમાં ગાડીઓના ધુમાડાભર્યા વાતાવરણમાં સામા પ્રકાશે ચિત્ર લેવાની સરસ તકને ભાઈ હરીશ કાપડિયાએ નબળી ચિત્રસંયોજના વડે ખોઈ છે. દરિયાકિનારે અકારણ માનવપાત્રો ઉમેરીને અને જળાશયને કાંઠે તરતાં બતકોને તથા ચણ લેવા ઊતરેલાં કબૂતરોને ગીચ ટોળાં જેવાં ઝડપવાની ઉતાવળ કરીને ભાઈ સૂરસિંહ ચાડે સારી તકો જવા દીધી છે. ફોટોગ્રાફીમાં ચિત્રમય સુંદરતા પણ નીપજવી જોઇએ. એ સિવાય તો ફોટોગ્રાફી એ માત્ર એક દસ્તાવેજી નોંધ જેવી બની રહે. ભાઈ મૂલરાજ ટોપરાણીનું સોમનાથના મંદિરનું ચિત્ર, ભાઈ અમૃતલાલ દોશીનું કોણાર્કના રથચક્રનું ચિત્ર, ભાઈ અરુણ શેઠનાં દેલવાડાનાં શિલ્પનાં ચિત્રો વગેરે આ કક્ષામાં આવી જાય છે. કંઇકે નોંધપાત્ર ગણી શકાય એવાંમાંથી બે ચિત્રો અહીં આપ્યાં છે. એમાં નખી તળાવના ચિત્રમાં ભાઈ જિતેન્દ્ર વડોદરિયાની પ્રિન્ટ સારી છે, પણ ચિત્ર ઉપર-નીચે બે ભાગમાં વહેંચાઈ જઈ એને સામાન્ય બનાવી મૂકે છે. ભાઈ રોહિત સંઘાણીના ચિત્રમાં પણ છાયા-પ્રકાશની સ્પષ્ટ વહેંચણીને કારણે આવો જ દોષ જોવા મળે છે.

ફોટો-હરીફાઈ માટે મોકલાતાં ચિત્રો અંગે ફરીથી યાદ દેવી જરૂરી લાગે છે કે (૧) સંખ્યાબંધ ચિત્રોને બદલે ચૂંટેલાં સારાં ચિત્રો જ મોકલવાં ઇચ્છનીય છે; (૨) અતિશય નાનાં ચિત્રો (માત્ર કૉન્ટેક્ટ પ્રિન્ટ્સ) પણ કેટલાંક સારાં ચિત્રોની ખૂબીઓને દાબી દે છે. (૩) ચિત્રોની આસપાસ પૂંઠાના ટુકડા મૂકીને મોકલાવાય એ પણ જરૂરી છે. એ વિના:ટપાલમાં ચૂંથાઇને અને ક્યારેક ફાટીને પણ કેટલીક પ્રિન્ટ અહીં આવે છે ને એ રીતે ચિત્ર નકામાં બની રહે છે.







પચ્ચીસ વર્ષ પહેલાં

કુમાર માર્ચ ૧૯૪૦ અંક ૧૯૫

આજે ૫૦૦મા અંકનાં પગલાં વાગી રહ્યાં છે એ વખતે, આજથી પચ્ચીસ વર્ષ પહેલાંના અંકમાં ૨૦૦મા અંકના આગમનના ખબર આપતાં લખાએલા તંત્રીલેખમાં **શ્રી** રવિશંકર રાવળે ત્યારે કાઢેલા ઉદ્ગારો આજે પણ એટલા જ સાચા છે:

આજે સોળ વર્ષથી 'કુમાર'નો અશ્વ અનેક ખાડાટેકરા અને મુસીબતો વટાવતો જ્ઞાનનાં અનેક ક્ષેત્રોની સતત ખેડ કરી રહ્યો છે અને હવે ૨૦૦મા અંકના સીમાધ્વજ તરફ નજર માંડે છે. 'કુમાર'નો ૧૦૦મો અંક ગુજરાતમાં એક નવી સજધજ સાથે બહાર પડ્યો હતો, અને એની નવીનતાની કલગી ફરકી—ન ફરકી ત્યાં એ જ અંકને જાણે વિશિષ્ટતા મળવાની હોય તેમ અમદાવાદનાં પત્રોમાંથી પહેલો જ તે જપ્ત થયાનો ડંકો પડ્યો હતો. પહેલા શતકનું એ સીમાચિહ્ન એ રીતે ગુજરાતની સત્યાગ્રહ લડતના ઇતિહાસમાં છપાયું છે. હવે આવતું બીજા શતકનું સીમાચિહ્ન જગતના યુદ્ધના અને મોંઘવારીના સકંજા વચ્ચે પણ યથાશક્તિ યાદગાર બનાવવાનો અમે સંકલ્પ કરી રહ્યા છીએ.

આજે અનેક વાચકો એવા હશે કે જેમણે આ બધાં વર્ષો 'કુમાર'નો સાથ છોડ્યો નથી. એમાંથી કોઈકને જ રૂબરૂ મળવાના સંજોગો અમને મળ્યા છે. અનેક અજાણ્યા ખૂણાઓમાં 'કુમાર'ને જ એકમાત્ર પોતાનું પ્રિયજન માની આજસુધી અપનાવી રહેલા જે અસંખ્ય પ્રેમી ગ્રાહકોએ અમારી આત્મશ્રદ્ધાને અખંડ રાખવામાં અને અમને કાર્યતત્પર રાખવામાં આંદોલનો આપ્યાં છે તેમને જ 'કુમાર'નું અરધોઅરધ શ્રેય છે. 'કુમાર' માત્ર લવાજમો ભેગાં કરવા ખાતર કદી ચલાવ્યું નથી. કોઈ ને કોઈ આત્માના દીપકો સતેજ રાખવા, કોઈ ને કોઈ પ્રવાસીના સાથીદાર બનવા, કોઈ ને કોઈ હતાશને પ્રેરણા અને પ્રોત્સાહન આપવા, રાષ્ટ્રની પૂંજી સમા તરુણોને ભાવિના ભડવીરો બનાવવા 'કુમારે' અભિલાષા અને આકાંક્ષા સેવ્યા જ કર્યાં છે. તેના જીવતા પુરાવા અમને મળતા રહ્યા ન હોત તો આજે કલમ, કાગળ, પત્રો કે ચિત્રોનો સરંજામ ખરાબ કરવા કરતાં અમે તે સદંતર બંધ જ કર્યું હોત. પણ 'કુમાર'માં રજૂ થતી પ્રેરણા-સામગ્રીના ભોક્તાઓએ અમને અનેક વાર આત્મવિશ્વાસ પ્રેર્યો છે કે એમાંની કોઈ વસ્તુ વ્યર્થ ગઈ નથી. કંઈકનાં આત્મનિવેદનોએ અમને ખાતરી આપી છે કે 'કુમારે' આ યુગના ઘડતરમાં, તાલીમમાં અને સંસ્કારમાં ન વિસરાય એવો ફાળો આપ્યો છે.

પણ અમારી મોટી આકાંક્ષા તો 'કુમાર'ને કોઈ દિવસે રાષ્ટ્રીય સંસ્થા બની ગએલી જોવાની છે. આજના તેના નિયામક કે સંચાલક ન હોય તે દિવસે પણ 'કુમાર' પોતાની પ્રેરણાથી પુષ્ટ થએલા સમાજમાંથી જ તેના સંજીવકો અને સંવાહકો મેળવી શકે એવી કોઈ યોજનાની ઝંખના છે. એવી તંત્રયોજના કરવાની વ્યવહારકુશળતા અને સંસ્કારપરાયણતાવાળી કોઈ વ્યક્તિનો આજે તો અમને અભાવ લાગે છે. માત્ર ભાવના ઉપર માસિક, છાપખાનું કે ચિત્રશાળાની સંસ્થાઓ ઊભી કરનારને આજની દુનિયાનાં નાણાંપ્રકરણો, વેચાણપ્રકરણો અને વિશાળ વ્યવસ્થાના પ્રશ્નોનો સામનો કરવાનું મુશ્કેલ લાગ્યું છે એ કબૂલ કરવું જ જોઈએ. છતાં યે જે શ્રદ્ધાએ અજબ રીતે આજસુધી આ સાહસ નભી રહ્યું છે તે જ શ્રદ્ધા અમને એ મોરચા પર ટકી રહેવાનો આદેશ આપી રહી છે.'

'વનેચર'ની સહીથી લખાતી **શ્રી** હરિનારાયણ આચાર્યની જાણીતી લેખમાળા 'વનવગડાનાં વાસી'માં એ કાળે આલેખાતાં પંખી-પરિચયોનું માત્ર દસ્તાવેજી જ્ઞાનમૂલક મૂલ્ય જ ન હતું; એમાં ઉમદા સાહિત્યગુણ પણ ચમકતો. એનું એક દૃષ્ટાંત પચ્ચીસ વર્ષ પરના અંકમાંથી ટૂંકમાં આસ્વાદીએ:

'તમે પંખી અનેક જોયાં હશે. પણ અશેષ શરીર રક્તવર્ણે રંગાએલું હોય એવું એકેય પંખી નજરે ચડ્યું છે? જેના શરીરનો પ્રધાન વર્ણ કેવળ લાલ જ હોય, લાલ એટલે મજીઠ જેવો, અળતાની છાયાવાળો, હરિહતહરિણના માંસખંડ કે જાસૂદના રક્ત સ્તબકની ભભકભર્યો, ચળકતો ઘેરો નિતાન્ત રક્ત. એવું કોઈ તમને યાદ આવે છે? હું પણ આપણે ત્યાં આવાં બે જ ગણાવી શકું: એક સુરખ, બીજો બુલાલચશ્મ. એમાં યે બારે માસ જેની લાલી એવી ને એવી જ ઉજ્જ્વલ રહેતી હોય એવી કાયા તો એકલા બુલાલચશ્મની જ. બુલાલચશ્મ એટલે મિનિવેટ, લટોરાને મળતું અને એના ગોત્રમાં અન્ય પ્રવરનું પંખી.

ત્રણેક વર્ષની વાત છે. મોડાસાથી પાછા વળતાં વાત્રક કાંઠે હું વિસામો ખાવા બેઠો હતો ત્યાં પાસેની અમરાઈમાં કોલાહલ સંભળાયો. નજીક જઈ નજર કરું છું ત્યાં એની ગાઢ ઘટાના અંધકારને ઉજાળતાં, અદ્ભુત રાગરંજિત તનુવાળાં આઠદસ પંખી ફરતાં, ઊડતાં કલરવ કરી રહ્યાં હતાં. ભર ઉનાળાના દિવસો હતા. ચોપાસની જમીન સીમાન્ત લગી સળગી રહી હતી અને એમાંથી ઊઠતી જ્વાળાઓ આ વૃક્ષરાજિને ભેદવા, અંગારિકા સમા આ પંખીગણની સ્પર્ધા કરવા મથતી હતી. આવું મેં કદી જોયું ન હતું, એટલે જોતાંવેંત વિમર્શશૂન્ય દશામાં પોકારી ઊઠ્યો કે 'अये रक्ताशोकस्तबकसमरागो मणिरयं यमुद्धर्तुं पूषा यवसित इवालम्बितकरः।

પેલા ગાંડા પુરુરવાની આંખે ચડ્યો હતો પૃથ્વિતલને અજવાળતો સંગમનીય મણિ: અહીં મને લોભાવનાર નીકળ્યો પર્ણાભ્યન્તરે પ્રભાલેપી અનુપણ અગ્નિકણ સમો વિહગમણિ! એને સ્વપ્ન કહો કે મતિભ્રમ કહો: પણ એ ચિત્ર આજે પણ મારા અંતરમાં સજીવ છે.

આ સુહાગી પંખીની ત્રણ જાત આપણે ત્યાં છે. ત્રણે સ્થાયી નિવાસી. ત્રણે ઘટાની વસનારી. એમનો આહાર (જીવાત, એનાં ઈંડાં તથા ઇયળો) પણ પર્ણાન્તરે જ મેળવવાનો હોઈ એ જમીન ઉપર કદી ઊતરતાં નથી. એને લીધે જ એ જનસમૂહની નજરે અકસ્માત ચડતાં નથી. એક જાત ઈડરની ગાઢ વનસ્થલીઓમાં જોવા મળે. એનું નામ શૉર્ટ બિલ્ડ મિનિવેટ: અલ્પચંચુ બુલાલચશ્મ. બુલાલચશ્મ એ એનું ઉત્તર ભારતનું સામાન્ય અભિધાન. આપણે ત્યાં એનો વાચક કોઈ શબ્દ મારા સાંભળવામાં આવ્યો નથી. એને અંગારિકા કે અગ્નિરજ કહીએ!

અલ્પચંચુ બુલાલચશ્મ

આશરે સાતેક આંગળની, પણ કોમળ નાજુક કાયાવાળું આ પંખી. નરનો રંગ: માથું,



ગળું, ગરદન, બરડો, પાંખો અને પૂંછડી, વચલાં પીંછા ચકચકિત બ્લ્યૂ બ્લૅક રંગનાં. છાતી, પેટ, પેઢુ, પીઠનો હેઠલો ભાગ, પૂંછડી ઉપરનાં તથા હેઠળ બાજુનાં પીંછાં તથા પાંખો વચ્ચેનો ઊભો પટો ધીકતા અંગાર કે જવાલા જેવા સરસ લોહિત વર્ણના. માદાના માથા ને પીઠનો રંગ ભૂખરો કાળો. કપાળ પીળાશ પડતું. હેઠળનો ભાગ, પાંખમાંના ચાંદલા, કમ્મર ને પૂંછડી પર બંને બાજુનાં પીંછાં પીતવર્ણાં. પાંખો અને પૂંછડી મેલી બદામી. ચાંચ: કાળી. આંખો ઘેરી બદામી. પગ: ધુમાડા રંગે. વસંતથી ગ્રીષ્મના અંત સુધીનો ગાળો એના ગર્ભાધાનનો કાળ છે. કંઠરવ અત્યંત સુકોમળ, ઝીણી સિસોટી જેવો. એક ઝાડથી બીજે ઝાડે ઊડતાં કિલકિલાટ કરતાં અમરાઈઓ ગજાવી મૂકે છે.

અલ્પકાય બુલાલચશ્મ
(સ્મૉલ મિનિવેટ)

અમદાવાદની આસપાસ નજરે પડે. એની કાયા છ આંગળની. નરનો વાન: માથું, ગરદન અને બરડો રાખોડી જેવાં, આછાં કાળાં. દાઢી, ગળું, કાન કાળાશ પકડતા મેલા. પાંખો અને પૂંછડી ધુમાડા જેવાં, તેલિયાં કાળાં. છાતી, પેટ, પડખાં અને કેડ ઊગતી ઉષાના તેજ જેવાં શુદ્ધ ચકચકિત, અત્યંત લોહિત વર્ણાં. પાંખોમાં નારંગી રંગનો ઊભો પટ્ટો. પૂંછડીનાં બહારનાં પીંછાંના છેડા પણ નારંગી. પેઢુ અને પૂંછડી હેઠળનો ભાગ પીળાશપડતાં. માદાની ખાંખ પરનો પટ્ટો, લમણાં, દાઢી અને ગળું દૂધિયા, શ્વેત વર્ણવાળાં. છાતી, પેટ, પડખાં અને પૂંછડી હેઠળનાં પીંછા હળદરિયા રંગનાં. પાંખો અને પૂંછડી મેલા કાળા રંગે. પાંખ વચ્ચેનો પટ્ટો પીળો. પૂંછડીમાં થોડાં પીંછાં નારંગી રંગનાં. આંખો: બદામી. ચાંચ તથા પગ: કાળા. વસંત, ગ્રીષ્મ અને વર્ષા એની પ્રજોત્પત્તિને અનુકૂળ ઋતુઓ.

ધવલોદર બુલાલચશ્મ
(વ્હાઈટ બેલીડ મિનિવેટ)

અરધા ફૂટની કાયાવાળા આ બુલાલચશ્મ કહેવાય ગુજરાતી, છતાં ભાગ્યે જ નજરે ચડે. નરનો ઉપરનો વર્ણ ચળકતો બ્લ્યૂ બ્લૅક. નીચેનો ભાગ નારંગી કે આથમતા સૂરજનાં અજવાળાં જેવો પીતવર્ણો. કમ્મર પરનો ભાગ જ માત્ર ઘેરો લાલ. માદાનો કાળો રંગ આછો મેલો અને હેઠળનાં અંગ શ્વેતરંગી.'

લિપિકા શ્રી રવીન્દ્રનાથની જીવનખેડના પાછલા ભાગના પરિપાક રૂપ આ કથનિકાઓમાં સૌ કોઈને સ્પર્શે તેવો કવિતાનો રણકો છે. રૂ. ૨.

ટિકિટસંગ્રહ








'**ધી** આર્મી પોસ્ટલ સર્વિસ' એ દેશના ટપાલખાતાનો એક ખાસ વિભાગ છે અને દેશ તેમજ વિદેશમાં એ આપણા સૈન્ય સાથે રહી કામ કરે છે. 'બેઇઝ' અને 'ફીલ્ડ' એમ બે વિભાગોમાં એનાં દફતરો વહેંચાએલાં છે. દેશમાં તેમજ પરદેશમાં એ ભારતની જ ટપાલ ટિકિટો વાપરે છે, પણ જાહેર વ્યવહારની ટપાલટિકિટોથી જુદી પાડવા અને એના ઉપયોગ પર મર્યાદા મૂકવા તેના પર અમુક લખાણ 'ઑવર પ્રિન્ટ' કરવામાં આવે છે. આ વિભાગનો આરંભ છેક ૧૮૫૬માં દક્ષિણ પર્શિયામાં બુશાયર ખાતેથી થએલો. આ વર્ષે ૧૫ જાન્યુઆરીએ એમણે સ્વ. નેહરુની ૭૫મી જન્મજયંતીની ટિકિટો પર UNEF–'યુનાઇટેડ નેશન્સ ઇમરજન્સી ફોર્સ' તથા ICC–'ઇન્ટરનેશનલ સેન્ટ્રલ કમિશન'ના પ્રથમાક્ષરો છાપીને પોતાની ટિકિટો બનાવી છે. એ વખતે બહાર પડેલા ફર્સ્ટ ડે કવરની અને રદ્દીકરણની છાપ અહીં આપી છે. કવર ઉપર આપણાં સૈન્યે દેશ બહાર જ્યાંજ્યાં શાંતિની કામગીરી બજાવી છે એનો ઉલ્લેખ સ્વ. પંડિતજીની છબિ ફરતો સુંદર રીતે દર્શાવ્યો છે. (પ્રેષક: રજનીકાંત વોરા, અમદાવાદ), ઇન્ટરનેશનલ ટ્રેડ ફેર–૧૯૬૫' નિમિત્તે યુગાન્ડાએ બહાર પાડેલી ખાસ ટિકિટ ઉપર ડાબી બાજુ આપી છે. (પ્રેષક: માધવજી ડાહ્યા–ઇરિંગા અને એચ. ડી. શાહ, નાકુરુ).

શતરંજનો કોયડો

S. Gruber



White to play and win

સ્થિતિ: 4N2q/3B3p/5p1p/7k4K 2p/7P/16

કોયડો: સફેદે રમીને જીતવાનું.

આ કોયડામાં સફેદ પાસે કાળાના વજીર (અને ત્રણ પ્યાદાં)ના બદલામાં ફક્ત એક ઊંટ અને એક ઘોડો છે. તે બંને મહોરાંના બદલામાં વજીર મેળવે છે. પણ તો યે ત્રણ પ્યાદાં ઓછાં રહે છે. આમ છતાં પણ સફેદ આકર્ષક રીતે જીતે છે.

–સુરેશ મોદી

ઉકેલ માટે જુઓ અન્યત્ર

કલા-રવિ ટ્રસ્ટ

આર્ટ-ગૅલેરી, કલાકાર-અતિથિગૃહ, ઑડિટોરીઅમ, ગ્રંથાલય વગેરેના બાંધકામ માટે ગુજરાત સરકાર તરફથી

ભેટ મળેલી જમીન

કલા-ગુરુ શ્રી રવિશંકર રાવળના સપ્તતિપૂર્તિ પ્રસંગે ગુજરાતમાં કલાપ્રવૃત્તિ ચિરકાળ ચાલુ રહે તે હેતુથી યોજાએલા 'કલા-રવિ ટ્રસ્ટ'ને ગુજરાત રાજ્ય તરફથી એક મૂલ્યવાન દાન મળ્યું છે. ગુજરાત સરકારે પોતાના તા. ૨૮–૨–૧૯૬૫ના હુકમથી અમદાવાદમાં ખાનપુર વિસ્તારમાં શાહપુર વૉર્ડ સર્વે નં. ૩૬૨૨ ની ૭૫૫ ચો. વાર જમીન ઉપર્યુક્ત આર્ટગૅલેરી આદિના બાંધકામ માટે ભેટ આપી છે, એ સમાચારથી કલા-રવિ ટ્રસ્ટના સૌ દાતાઓ, પુરસ્કર્તાઓ, તેમજ ગુજરાત તથા ભારતભરના સૌ સંસ્કારપ્રેમી સજ્જનો, ને આનંદ થશે.

ભારત સરકાર તરફથી આ ગણરાજ્યદિને એમને અપાએલા 'પદ્મશ્રી'ના બિરુદ માટે અમદાવાદની પચ્ચીસ કલા-સાહિત્ય-સંસ્કાર-સંસ્થાઓ તરફથી યોજાએલા અભિનંદન-સમારંભ પ્રસંગે જ ઉચિતરીતે આ દેણગી જાહેર કરવામાં આવેલી. આ જમીન, અમદાવાદમાં નેહરુપૂલના શહેર તરફના છેડે જાહેર માર્ગ ઉપર શહેરવિસ્તાર અને શહેર બહારના એલિસબ્રિજ, નવરંગપુરા આદિ સમસ્ત આધુનિક વિસ્તારના સંગમસ્થાને આવેલી હોઈ ત્યાં થનારી કલાપ્રવૃત્તિઓનો લાભ સર્વ પ્રજાવર્ગને સરળતાથી મળશે. વળી, તે ઘર થાળની જમીન હોવાથી તેના ૭૫૫ વારના સંપૂર્ણ ક્ષેત્ર ઉપર બાંધકામ કરી શકાય તેવી છે, તેથી ત્યાં આર્ટ-ગૅલેરી, કલાકાર-અતિથિગૃહ, ઑડિટોરીઅમ, ગ્રંથાલય, મુદ્રણાલય આદિ સર્વવિધ કલા-પ્રવૃત્તિઓ ચલાવી શકાય તેવી અદ્યતન સોઇવાળું કલા-ભવન ખડું કરી શકાશે. આ માટે રૂપિયા ૫ થી ૬ લાખનો અંદાજ છે.

શ્રી રાવળના પ્રશંસકો, ચાહકો, શિષ્યો તથા કલાપ્રેમીઓ તરફથી આજ સુધીમાં અપાએલાં દાનથી ટ્રસ્ટના ભંડોળની જે ઘણી આશાજનક શરૂઆત થઈ છે તેમાં ગુજરાત તેમજ ભારતના સૌ સંસ્કારપ્રેમીઓ તથા શ્રેષ્ઠીઓ પોતાનો ફાળો ઉદારતાથી આપે એવી વિનંતી છે. જ્યાં જ્યાં ગુજરાતી અને કલાપ્રેમી વસે છે તે સર્વ સ્થળેથી તેઓ પોતે તથા પોતપોતાના મિત્રમંડળમાંથી દાન મેળવીને આ થેલી છલકાવી દેશે એવો અમને વિશ્વાસ છે.

આ ટ્રસ્ટ જાહેર ટ્રસ્ટના કાયદા હેઠળ રજિસ્ટર્ડ હોઈ તેને અપાતાં દાન ઇન્કમટૅક્સની કરમુક્તિ ધરાવે છે. મોકલવાનું સ્થળ : કલા-રવિ ટ્રસ્ટ, ઠે. કુમાર કાર્યાલય, લિ., રાયપુર, અમદાવાદ-૧

'કુમાર'ના આદ્ય સ્થાપક અને તંત્રીની અનન્ય કલાસેવાના કાયમી સ્મારક રૂપ આ ભવનના નિર્માણમાં, 'કુમાર'ના અસંખ્ય વાચકોમાંનો પ્રત્યેક પોતાની શક્ય તેટલી ભાવાંજલિ આપશે તો યે ઉપલી રકમનો સારો એવો ભાગ ઊભો થઈ જશે એવી અમને શ્રદ્ધા છે.

આધુનિક ગુનાશોધનમાં એક અગત્યનું સાધન 'પૉલીગ્રાફ'

લાઈ-ડિટેક્ટર

લેખક · પુષ્કરભાઈ ગોકાણી

સામો માણસ સાચું બોલે છે કે જૂઠું એ જાણવા માટે આજના વિજ્ઞાને પૉલીગ્રાફ (Polygraph) નામનું એક યંત્ર શોધ્યું છે, જેની મદદથી સત્ય શોધવું સરળ બને છે.

સત્યનો પ્રભાવ એટલો બધો છે કે તેના ઉપર આપણી તંદુરસ્તી તેમજ મનની સુખાકારી પણ અવલંબે છે. જૂઠું બોલવાથી આપણા લોહીનું દબાણ, શ્વાસોચ્છ્વાસ, ચામડીની ભીનાશ ને પ્રતીકારશક્તિમાં ઘણો ફરક પડે છે. જૂઠું બોલવામાં ખરેખર આપણું શરીર દુઃખ અનુભવે છે, આપણને ન જાણી શકાય તેવી તકલીફ પડે છે. સત્યના આદર્શની વાત જેને ગળે ન ઊતરતી હોય તેની સામે આ વૈજ્ઞાનિક દૃષ્ટાંત છે. આ સિદ્ધાંત ઉપર પૉલીગ્રાફની રચના કરવામાં આવી છે.

જે માણસનો 'યંત્ર ટેસ્ટ' લેવાનો હોય છે તેના બાવડા ને છાતી પર પૉલીગ્રાફ સાથે જોડાએલા પટા બાંધવામાં આવે છે, ને તેના દ્વારા યંત્રના દર્શકો બાજુમાં એક ભૂંગળા પર ચડાવેલા કાગળ ઉપર રેખા પાડતા હોય છે. તે રેખા એ માણસનું બ્લડપ્રેશર, શ્વાસોચ્છ્વાસ, નાડી, ચામડીની ભીનાશ અને પ્રતીકારશક્તિ નોંધે છે. આ યંત્ર દ્વારા કેવી રીતે જૂઠાણું શોધાય છે તે સમજવા માટે આપણે એક દૃષ્ટાંત લઈએ.

માની લો કે અમર દેસાઈ નામના માણસે પાંચમી તારીખે રાત્રે ત્રણ વાગ્યે રાત-દિવસ ખુલ્લા રહેતા એક દવાના સ્ટોરમાંની પોતાની ફરજમાંથી ગાપચી મારી અને એક સ્ત્રી તરુલતા શાહના કહેવાથી તેના પતિને મારી નાખ્યો. પોતાના બચાવમાં તે કહે છે કે આખી રાત દરમિયાન પોતે ફરજ પર જ હતો. દવાનો સ્ટોર રેઢો મૂકી શકાય નહિ.

હવે પૉલીગ્રાફ નિષ્ણાત ચંદ્રકાન્ત તેનો ટેસ્ટ લેવા રાત્રે દવાના સ્ટોર ઉપર આવે છે અને પોલીસની સમજાવટથી અમર દેસાઈ ટેસ્ટ લેવડાવવા તૈયાર થાય છે. નિષ્ણાત ચંદ્રકાન્ત સાથે સી. આઈ. ડી. ઇન્સ્પેક્ટર રાઠોડ પણ આવ્યા છે. તે શરૂઆત કરે છે:

'પાંચમી તારીખે રાત્રે તમે સ્ટોરમાં જ હતા?' 'હા.'

'એટલે કે તમે અગાઉ જણાવ્યું તેમ ક્યાંય બહાર ગયા નહોતા?'

'જી નહિ, ફરજ છોડીને બહાર ક્યાંય જઈ શકાય તેમ જ નહોતું.'

'ચાલો, ચંદ્રકાન્ત, હવે એમને ખુરશી પર બેસાડી ટેસ્ટ લઈ લો.'

ચંદ્રકાન્ત તેને બેસાડી પ્રથમ પૉલીગ્રાફની બધી કરામત સમજાવે છે અને પછી તેનાં બાવડાં ઉપર 'પ્રેશર કફ'(પટા) બાંધે છે. ત્યાર બાદ ખિસ્સામાંથી ગંજીપાનાં ચાર પાનાં કાઢી તે અમરને પૂછે છે: 'આ ચાર પત્તામાંથી કોઈ પણ એક ધારી લ્યો. તેને અડશો નહિ. તમારે હાલવાનું નથી. ફક્ત મનમાં એક પાનું ધારી લો. ધારી લીધું?' 'હા.'

'વારુ; હવે તમારે આ બાબત ખોટું બોલવાનું છે.' ચંદ્રકાન્તે કહ્યુ: 'મારે જાણવું છે કે તમે ખોટું બોલો તો ગ્રાફમાં શા ફેરફાર થાય છે.'

'એટલે?'

'હું તમને પૂછીશ કે તમે કાળીનો એક્કો ધાર્યો હતો? તમે તે ધાર્યો હોય તો પણ તમારે ના કહેવી, ને ન ધાર્યો હોય તો પણ ના કહેવી. તમારે ના સિવાય કાંઈ કહેવાનું જ નથી.' 'ભલે.'

'આમ બધાં પાનાં માટે જવાબ આપવાના છે. બોલો, તમે લાલનો એક્કો ધાર્યો હતો?' ચંદ્રકાન્તે પૂછ્યું. 'ના.' અમર બોલ્યો.

'ફુલીનો બાદશાહ?' 'ના.'

'કાળીનો એક્કો?' 'ના.'

'ફુલીનો નવ્વો?' 'ના'

'ઠીક,' ચંદ્રકાન્તે કહ્યુ: 'ફરી એક વાર મેં પૂછ્યું એમ પૂછીશ અને તમારે તે પ્રમાણે જ જવાબ આપવાના છે.' 'ભલે.'

'તમે લાલનો એક્કો ધાર્યો છે?'

'ના' અમરે કહ્યુ. ફરી નિષ્ણાતે એ જ ક્રમમાં બધા પ્રશ્નો પૂછ્યા. પછી મશીન ઉપરના ચાર્ટ ઉપર થએલાં રેખાંકન જોઈ અમરને કહ્યુ: 'મને લાગે છે, હું તમારા માનસિક પ્રત્યાઘાતો સમજી શક્યો છું.'

'કેવી રીતે?'

ચંદ્રકાન્તે કહ્યુ: 'તમે ફુલીનો બાદશાહ ધાર્યો હતો, બરોબર ને?'

અમરના આશ્ચર્યનો પાર ન રહ્યો. પણ સાથેસાથે તે હવે પછી આપવાના જવાબની ચિંતામાં પડી ગયો. રેખાંકનોના માર્ગમાં પડતા ખચકા પરથી ચંદ્રકાન્ત સહેલાઈથી જાણી શક્યો કે અમર ક્યારે ખોટું બોલ્યો; તે પરથી અમરે ધારેલું પાનું એણે જાણી લીધું. હવે ખરી તપાસ શરૂ થઈ: 'તમારું નામ?'

'અમર દેસાઈ.' બ્લડ પ્રેશરના લાઈન ઉપર-નીચે જવા માંડી.

'તમે રાત્રે જમ્યા હતા?'





લાઈ-ડિટેક્ટર (પૉલીગ્રાફ)નો ઉપયોગ થતો દર્શાવતાં બે ચિત્રો (ફોટો: શ્રી ગજ્જરના સૌજન્યથી)

ઝેર

'મેં સાંભળ્યું છે કે–' સૅંગસ્ટ્રોમે કહ્યું, 'તમે...તમારી પાસે...'

અને, ફાર્મસીમાં પોતે ને દવા વેચનાર કેમિસ્ટ બે જ જણ છે એની ખાતરી કરવા એણે ચારે બાજુ જોયું. કેમિસ્ટ ૫૦થી ૬૦ની વચ્ચેનો ઠીંગણો ને કઠોર માણસ લાગતો હતો. એ બે સિવાય ત્રીજું કોઈ ત્યાં ન હોવા છતાં સૅંગસ્ટ્રોમે અવાજ શકય એટલો ધીમો કર્યો: 'તમારી પાસે એવું ઝેર છે કે જે કોઈ પણ સંજોગોમાં પારખી ન શકાય?'

કેમિસ્ટે હકારમાં માથું હલાવ્યું. એ કાઉન્ટર પાછળથી બહાર આવ્યો. દુકાનનું મુખ્ય બારણું બંધ કરી કાઉન્ટર પાછળના રૂમના બારણા તરફ વળતાં એણે કહ્યું: 'હું કૉફી પીવા જતો હતો. વાંધો ન હોય તો ચાલો આપણે અંદર સાથે બેસીને કૉફી પીતાંપીતાં જ વાત કરીએ.'

સૅંગસ્ટ્રોમ એની પાછળ પાછળ અંદર ગયો. એ આખો ઓરડો તળિયાથી છત સુધી દવાની શીશીઓના ઘોડાઓથી ભરચક હતો.

કેમિસ્ટે ઇલેક્ટ્રિક સ્ટવ ચાલુ કરવા સ્વિચ દબાવી અને વચ્ચેના નાના ટેબલ પર બે કપ ગોઠવી દીધા. ટેબલની બંને બાજુ પડેલી બે ખુરશીઓમાંની એક પર સૅંગસ્ટ્રોમને બેસવાનો ઇશારો કરી બીજી પર પોતે બેઠો. 'હવે બોલો,' કેમિસ્ટે કહ્યું: 'તમે કોને અને શા માટે ઝેર આપવા માગો છો?'

'એ કહેવાની શી જરૂર છે?' સૅંગસ્ટ્રોમ બોલ્યો: 'હું ઝેરની યોગ્ય કિંમત આપું એ પૂરતું નથી?...'

હાથ ઊંચો કરી એને વચ્ચેથી જ અટકાવી કેમિસ્ટે કહ્યુ: 'હા, એ તો જરૂરી જ છે. મને પૂર્ણ સંતોષ થવો જોઇએ કે હું તમને જે આપું છું, એના માટે તમે પૂરતા લાયક છો કે નહિ... નહિ તો...'

'ભલે.' સૅંગસ્ટ્રોમે ઉતાવળ કરતાં કહ્યુ: 'કોને? તો જવાબ છે મારી પત્નીને; અને શા માટે...' એણે પોતાની લાંબી વાત શરૂ કરી. એ વાત પૂરી થતાં પહેલાં સ્ટવ ઉપર કૉફી તૈયાર થઈ ગઈ હતી અને કેમિસ્ટ બંનેના કપ તૈયાર કરવા માટે, ગળણી વગેરે લાવવા માટે એકાદ બે વાર ઊભો થયો હતો. કપ તૈયાર થતાં બંનેએ કૉફી પીવાનું શરૂ કર્યું અને પીતાં પીતાં જ સૅંગસ્ટ્રોમે પોતની વાત પૂરી કરી.

'હા, તમે માગો છો એવું ઝેર મારી પાસે છે.' કેમિસ્ટે વાત પૂરી સાંભળ્યા પછી કહ્યુ: 'અને યોગ્ય કેસમાં હું એ મફત પણ આપું છું. આ રીતે મેં ઘણા ખૂનીઓને મદદ કરી છે.'

'વાહ સરસ!' સૅંગસ્ટ્રોમ ખુશ થતો બોલ્યો: 'તો પછી કૃપા કરીને મને પણ એ ઝેર આપો ને!'

'મેં તમને આપ્યું જ છે.' કેમિસ્ટે બંધું હસતાં કહ્યુ: 'કોફી તૈયાર થતી હતી ત્યારે જ મેં વિચાર્યું હતું કે તમે એના માટે પૂરેપૂરા લાયક છો. મેં કહ્યુ એ મુજબ મેં તમને કોફીમાં મફત જ આપ્યું છે. હવે તમારે એનું મારણ જોઇતું હશે તો ફક્ત એની કિંમત ચૂકવવી પડશે.'

સૅંગસ્ટ્રોમનું મોઢું પડી ગયું. એણે આવું નહોતું ધાર્યું. એને એમ તો હતું કે કેમિસ્ટ આ વાત કોઈને કહી દેવાની ધમકી આપી પૈસા પડાવવાનો પ્રયત્ન કરશે. પણ વાત આટલી હદ સુધી પહોંચી જશે એવી તો એણે કલ્પના ય નહોતી કરી. એણે ખિસ્સામાંથી પિસ્તોલ કાઢી!

'તમે એ હિંમત નહિ કરી શકો.' કેમિસ્ટે બેપરવાઇથી કહ્યુ, અને દવાઓના ઘોડા તરફ હાથ લંબાવી બોલ્યો: 'આ હજારો બાટલીઓમાંથી ઝેરના મારણની દવા તમે કેવી રીતે શોધી શકવાના છો? કદાચ કોઈ વધુ તીવ્ર વિષની બાટલી જ તમારા હાથમાં આવી જશે તો? અને તમને જો એમ લાગતું હોય કે હું ખાલી દમ મારું છું, મેં તમને કૉફીમાં ઝેર આપ્યું જ નથી, તો ચલાવો પિસ્તોલ. તમને થોડા જ સમયમાં મારી વાતની ખાતરી થશે. ત્રણ કલાકમાં ઝેર પોતાનું કામ પૂરું કરશે.'

'ઝેરના મારણ માટે કેટલા આપવા પડશે?' સૅંગસ્ટ્રોમે પૂછ્યું.

'તદ્દન વાજબી ભાવ: એક હજાર ડૉલર. ગમે તેમ કરી માણસને જીવવું તો હોય છે જ. જો એણે ખૂન થતાં અટકાવવાનો શોખ કેળવ્યો હોય તો એમાંથી પૈસા પેદા કરવાનો માર્ગ પણ શોધવો જ પડે ને?'

સૅંગસ્ટ્રોમે પિસ્તોલ નીચે મૂકી ખિસ્સામાંથી પાકિટ કાઢ્યું. એણે વિચાર્યું હશે કે મારણ હાથમાં આવ્યા પછી પિસ્તાલનો ઉપયોગ ક્યાં નથી થઈ શકતો? એણે હજાર ડૉલરની નોટો ટેબલ પર મૂકી.

નોટો ઉપાડી લેવાની જરા પણ ઉતાવળ કર્યા સિવાય કેમિસ્ટે કહ્યુ: 'અને એક બીજી વાત. તમારે ખન કરવાના–તમારી પત્નીનું ખૂન કરવાના તમારા ઇરાદાની કબૂલાત લખી આપવી પડશે, જે તમારી પત્ની અને મારી સલામતી માટે આવશ્યક છે. તમારી કબૂલાતનો એ પત્ર હું મારા એક મિત્રને પોસ્ટ કરી આવીશ. માફ કરજો, પણ ત્યાં સુધી તમારે ઝેરના મારણની રાહ જોતા થોભવું પડશે. આ તો ફક્ત એટલા માટે જ છે કે પાછળથી તમને મારું કે તમારી પત્નીનું કાસળ કાઢવાની ઇચ્છા થાય તો આ કબૂલાત પુરાવા તરીકે રહી શકે. હું તમને પેન અને કાગળ લાવી આપું છું. અને હા, એક બીજી વાત એ કે આ વાત માટે હું તમારા પર ખાસ દબાણ કરતો નથી; પણ મારા આ જાણી ન શકાય એવા ઝેરની વાત તમે તમારા વર્તુલમાં પણ કહેજો...'

(ફ્રેડ્રિક બ્રાઉનનાં મૂળ અંગ્રેજી ઉપરથી અનુવાદ: બહાદુરશાહ પંડિત)

'હા.' રેખા હજુ નિયમ મુજબ જતી હતી.

'પાંચમી તારીખે રાત્રે લગભગ ત્રણેક વાગ્યે તમને કોઈ સ્ત્રી મળવા આવી હતી?' 'ના.'

'તમે સિગારેટ પીઓ છો?' 'હા.'

'તમે ને પેલી સ્ત્રી, તરુલતા, બંને સાથે બહાર ગયાં હતાં?' 'ના.'

'તમને સિનેમા જોવાનો શોખ છે?' 'હા.'

'તમે કોઈને છેતરો છો?' 'ના.'

'તમે પરણેલા છો?' 'ના.'

'તમે પૂનામાં રહો છો?' 'હા.'

'તમે તરુલતા સાથે પાંચમીએ રાત્રે બહાર ગયા હતા?' 'ના.'

'હવે ફરી એક વાર આ જ પ્રમાણે...' એમ કરી ચંદ્રકાન્તે ફરી બધા પ્રશ્નો ફરી પૂછી લીધા.

'તમે જૂઠું બોલો છો તેમ સાબિત થાય છે, મિ. દેસાઈ! આ પૉલીગ્રાફ મશીન સાફ સાબિત કરે છે. પત્તાના પ્રશ્નો વખતના ખચકા જુઓ અને આ ગ્રાફમાંના ખચકા જુઓ! આટલું કહી ચંદ્રકાન્તે તેના હાથ પરથી પ્રેશર-કફ કાઢી લીધા. 'જુઓ', ઇન્સ્પેક્ટરે આગળ ચલાવ્યું: 'સાબિત થાય છે કે તમે જૂઠું બોલો છો. ગુનો કબૂલ કરશો તો સમાજ ને ન્યાયને મદદ કરવા બદલ સરકાર હળવી સજા કરશે; પણ જૂઠું બોલશો તો ગળા ઉપર ફાંસીનું દોરડું પડશે; બોલો...'

અને પરિણામમાં અમર દેસાઈએ કબૂલાત લખી આપી.

આ છે લાઈ-ડિટેક્ટરની કામગીરી. કોઈ પણ માણસ તેનો ટેસ્ટ રાજીખુશીથી લેવડાવે નહિ તો પોલીસ આવો ટેસ્ટ લેવા દબાણ કરી શકતી નથી. પણ ટેસ્ટ માટે ના પાડવાથી સ્વાભાવિક એમ જ લાગે કે તેનું માનસ ગુનાવાળું છે. એટલે મોટે ભાગે કોઈ ના પાડતું જ નથી.

અનુસંધાન] ડૉ. આનંદીબાઈ જોશી [પૃ. ૮૫થી

આગબોટની મુસાફરીમાં કેટલીક મુશ્કેલીઓ વેઠવી પડી. શ્રીમતી જૉન્સન નામની અમેરિકા જનારી એક મિશનરી સ્ત્રીનો સંગાથ મળ્યો હતો. તેણે આનંદીબાઈને ખ્રિસ્તી થવાને ઘણાં પ્રલોભનો આપ્યાં, છતાં તે મક્કમ રહ્યાં એટલે આનંદીબાઈ પર ખોફ ઊતર્યો અને તેમને અનેક રીતે પજવવામાં આવ્યાં. આગબોટની મુસાફરીમાં તેમને ઊલટી અને ચક્કર આવવા લાગ્યાં. વધુમાં દાંતની અને ગળાની પીડા આવી પડી. ખોરાક બરાબર ચાવી શકાય નહિ, તેમ જ ગળા નીચે ઊતરે પણ નહિ. એથી કેટલાક દિવસ તો ભૂખ્યા રહેવું પડ્યું. પાછળથી માથાનો દુખાવો અને તાવ લાગુ પડ્યો. આથી ઊંઘ પણ બરાબર આવતી નહિ. પોતે શાકાહારી હોવાને લીધે પણ વધુ હેરાન થવું પડ્યું. શાકભાજી સડેલી અને વાસી મળતી. ભાતના ચોખા તો એવા જાડા અને કઠણ કે કેમે ય ખાઈ શકાય નહિ. સાથી મુસાફરો માંસાહારનો આગ્રહ કરે, પણ તેની તો તેમને ભારે સૂગ હતી. ખોરાકની મુશ્કેલીને કારણે તેમને માત્ર બટાટા ખાઇને રહેવું પડતું. આવી સ્થિતિ ત્રણેક અઠવાડિયાં સુધી ચાલુ રહી. છેવટે, કુલ ૫૯ દિવસનો પ્રવાસ કરીને રોશેલ પહોંચ્યાં. આનંદીબાઈએ શ્રીમતી કાર્પેન્ટરને પોતાના રોશેલ આવવાનો દિવસ અગાઉથી જણાવ્યો હોવાથી, તેઓ તેમને લેવાને સામાં આવ્યાં હતાં.

શ્રીમતી કાર્પેન્ટરને ત્યાં લગભગ ચાર માસ સુધી રહ્યાં ત્યાં સુધીમાં આનંદીબાઈ તેમના પરિવાર સાથે ભળી ગયાં. તેઓ માસી કહીને બોલાવતા. તેમના સૌજન્યશીલ, મળતાવડા અને મિતભાષી સ્વભાવની તેમજ બુદ્ધિમત્તા અને કાર્યશક્તિની ત્યાં એટલી સારી છાપ પડી હતી, શ્રીમાન અને શ્રીમતી કાર્પેન્ટરે તો એમનું નામ 'આનંદનો ઝરો' પાડયું હતું. સ્વભાવે શાંત અને અત્યંત સંવેદનશીલ આનંદીબાઈએ આ અજાણ્યા પ્રદેશમાં એકલાં વસવા છતાં ઉદાસીનતાની છાયા સરખી દેખાવા નહોતી દીધી કે અભ્યાસમાં પ્રમાદ સેવ્યો નહોતો. પતિ અનેક વાર સાંભરી આવવા છતાં એમણે કદી આંખના ખૂણા ભીના કર્યા નહોતા. પતિને વખતોવખત પત્ર લખતાં છતાં પોતાની અગવડોનો, પતિને રખેને દુઃખ થશે એ હેતુથી નિર્દેશ પણ કરતાં નહિ. વિદેશી વાતાવરણમાં રહેવા છતાં પોતાની સંસ્કારિતાને કદી ઝાંખપ આવવા દીધી નહોતી; એટલું જ નહિ પણ ભારતીય સંસ્કારોની અમેરિકન કુટુંબો પર ઊંડી છાપ પાડી હતી. ગુજરાતી સાડી (આનંદીબાઈ અમેરિકામાં ગુજરાતી ઢબની સાડી પહેરતાં), વેણી અને ચાંલ્લાનું તો અમેરિકન લલનાઓમાં આકર્ષણ ઊભું કર્યું હતું. રસોઈ જાતે જ બનાવી લેતાં. અમેરિકામાં રહ્યાં ત્યાં લગી એવી કરકસરથી રહ્યાં કે ત્યાંના ચાર વર્ષના વસવાટ દરમ્યાન માત્ર એક જ નાટક અને એક જ સરકસ તેમણે સખીઓના આગ્રહથી જોયાં હતાં.

ઈ.સ. ૧૮૮૩ના સપ્ટેમ્બરની ૨૭મી તારીખે આનંદીબાઈ ફિલાડેલ્ફિયાની 'વીમેન્સ મેડિકલ કૉલેજ'માં દાખલ થયાં.

કૉલેજની પાસે જ એક મકાન ભાડે રાખી તેમણે અભ્યાસમાં ચિત્ત પરોવ્યું. તેઓ પ્રિલિમિનરી પરીક્ષામાં પાસ થયાં અને કૉલેજમાં દાખલ થયાં. પણ વર્ષના અભ્યાસની ફી ૬૦૦ ડૉલરની હતી. ત્યાં ૨૦ થી ૩૦ વર્ષની ઉંમરની વિદ્યાર્થિનીઓને જ શિષ્યવૃત્તિ મળતી. આનંદીબાઈની ઉંમર એ વખતે ૧૮ વર્ષની હતી, છતાં કૉલેજનાં ડીન અને અધ્યાપિકા કુ. બૉડલેએ તેમને શિષ્યવૃતિ આપવાનું નક્કી કર્યું હતું. વળી, કલકત્તાના પોસ્ટમાસ્તર-જનરલ શ્રી જેમ્સે પણ ઉઘરાણું કરીને આનંદીબાઈને રૂ. ૧૪૦)મોકલી આપ્યા.

આનંદીબાઈ દરરોજ દસ-અગિયાર કલાક અભ્યાસ કરતાં, તેમ જ ઘરકામ પણ જાતે જ કરતાં. અભ્યાસમાંથી જે કાંઈ થોડો સમય મળતો તેમાં વનસ્પતિશાસ્ત્રનો અભ્યાસ કરતાં. જર્મન અને ફ્રેન્ચ ભાષા પણ શીખતાં, સભા-મેળાવડામાં પણ અવારનવાર જતાં અને પ્રવચન પણ કરતાં. ૧૮૮૪ના મે માસમાં બે હજાર મહિલાઓની સભામાં અસરકારક વક્તૃત્વથી તેમણે દસ ડૉલરનું ઇનામ મેળવેલું.

અતિશય શ્રમ અને સાત્ત્વિક ખોરાકના અભાવને લીધે તેમની તંદુરસ્તી નબળી પડી અને ૧૮૮૪ના ફેબ્રુઆરીના આરંભમાં તેમને ડિપ્થેરિયા (ઘટસર્પ) લાગુ પડયો. તાવ અને માથાનો દુખાવો પણ તેમાં ભળ્યો. ગળાના દુખાવાને લીધે ફક્ત દૂધ પર આઠ દિવસ કાઢ્યા. વેળાસરની માવજતને લીધે પંદરેક દિવસમાં તેઓ સાજાં થયાં, પણ નબળાઈ રહી ગઈ. જાતે રાંધવાનું અને અભ્યાસ કરવાનું એકીસાથે બની શકે તેમ નહોતું એટલે કૉલેજનાં અધ્યાપિકા અને ડીન કુ. રિશેલ બૉડલેના ભોજનાલયમાં જમવાનો પ્રબંધ કર્યો.

ગોપાળરાવના મનમાં જગતનો પ્રવાસ કરવાની ઝંખના હતી. આનંદીબાઈના વિરહની વ્યગ્રતા પણ તેમને સાલતી હતી; એટલે ઈ.સ. ૧૮૮૬માં તેઓ છ માસની રજા લઈને અમેરિકા જઈ પહોંચ્યા. ત્યાં આ દંપતીએ ચારેક માસ સહવાસમાં ગાળ્યા. રજાની મુદત પૂરી થતાં ગોપાળરાવે એકલા ભારત પાછા આવવાને બદલે આનંદીબાઈનો અભ્યાસ પૂરો થતાં સુધી અમેરિકામાં રહેવાનું નક્કી કર્યું. તેઓ એક સારા વક્તા હોઈ તેમણે સવેતન પ્રવચનનો વ્યવસાય અપનાવ્યો.

પરીક્ષાના દિવસો નજીક આવતા ગયા તેમતેમ આનંદીબાઈએ પરિશ્રમપૂર્વક અભ્યાસ કરવા માંડ્યો. એવામાં ઈ.સ. ૧૮૮૬ના ફેબ્રુઆરીમાં તેમને ફરીથી ડિપ્થેરિયાની માંદગી આવી. માંદગી પહેલાં તેમણે 'પ્રસૂતિવિદ્યા' વિષે એક મહાનિબંધ લખવો શરૂ કર્યો હતો. પણ માંદગીના કારણે તેમજ પછીની નબળાઈને લીધે એ પૂરો કરી શક્યાં નહિ. સાજાં થતાં જ તેમણે પોતાનો અભ્યાસ ઝડપથી આગળ વધાર્યો અને એમ. ડી. થયાં. અમેરિકાની સર્વશ્રેષ્ઠ તબીબી કૉલેજમાંથી ભારતીય મહિલાને સર્વોચ્ચ ઉપાધિ મળે તે પ્રસંગ ખરેખર ગૌરવપૂર્ણ હતો. આ અવસરે કૉલેજના સત્તાધીશોના આગ્રહથી ભારતીય વિદૂષી પંડિતા રમાબાઈ (જે દૂરના સંબંધથી આનંદીબાઈનાં ફોઈ થતાં હતાં)એ વેળા ઇંગ્લન્ડમાં હતાં ત્યાંથી ખાસ ફિલાડેલ્ફિયા આવ્યાં હતાં.

આનંદીબાઈની તબિયત હજી સંપૂર્ણ સારી નહોતી થઈ, ત્યાં તો પંડિતા રમાબાઈની પુત્રી મનોરમા માંદી પડી. તેની સેવાશુશ્રૂષામાં આનંદીબાઈએ ઘણો શ્રમ લીધો. પરિણામે તેમની પ્રકૃતિ બગડી આવી. આરામ લેવાને માટે તેઓ પતિની સાથે રોશેલમાં આવ્યાં. હજી પૂરતો આરામ ભોગવે તે પહેલાં તો તેમને ન્યૂ ઇંગ્લેન્ડની એક હૉસ્પિટલમાં તબીબી પ્રાયોગિક જ્ઞાન મેળવવાને જવું પડ્યું. ત્યાં રોગીઓની સારવારમાં દિન-રાત લાગી રહ્યાં. પરિણામે,માથાનો દુખાવો ઊપડી આવ્યો અને ખાંસીએ દેખાવ દીધો. આથી તેમણે હવાફેર કરવા માટે પ્રકૃતિનાં વિવિધ રમ્ય સ્થાનોની મુલાકાત લીધી. ૧૮૮૬ના ઑગસ્ટની ૯મી તારીખે આનંદીબાઈ, ગોપાળરાવ, રમાબાઈ, પ્રો. કુ. બૉડલે એ બધાંની મંડળી નાયગરાનો ધોધ જોવા ગઈ. ત્યાંથી પાછાં ફરતાં આનંદીબાઈ ફિલાડેલ્ફિયાની હૉસ્પિટલમાં ૩૧મી ઑગસ્ટથી ૯મી સપ્ટેમ્બર સુધી તબીબી સારવાર માટે રોકાયાં પરંતુ પૂરતો આરામ થયો નહિ. ત્યાંથી તેઓ રોશેલ પાછાં આવીને ચારેક મહિના ત્યાં રહ્યાં. મોટા ભાગનો સમય તેમણે પથારીમાં આરામ લીધો. ફેફસાંને હાનિ પહોંચી હતી. ડૉક્ટરોએ ક્ષયનું નિદાન કર્યું!

આ અરસામાં કોલ્હાપુરમાં સ્થપાએલી હૉસ્પિટલમાં ડૉક્ટર તરીકે જોડાવાને આનંદીબાઈને ભારતમાંથી નિમંત્રવામાં આવ્યાં.

ઘણા વખતના પરદેશના વસવાટથી તેમને સ્વદેશ જવાની લગની લાગી. ગોપાળરાવની ઇચ્છા તો, તબીબી જ્ઞાનની કદર થઈ શકે તેવા ઇંગ્લૅન્ડ કે રશિયા જેવા દેશોમાં આનંદીબાઈ રોકાય એવી હતી; પરંતુ આનંદીબાઈની નબળી તબિયતને કારણે એ આગ્રહ જતો કરવો પડ્યો.

અમેરિકા છોડી જતાં પહેલાં ડૉક્ટરોની સલાહ મુજબ આનંદીબાઈને થોડા દિવસ સુધી પહાડી પ્રદેશની સૂકી આબોહવામાં રાખવામાં આવ્યાં. છતાં તબિયતમાં નોંધપાત્ર સુધારો થયો નહિ. એવામાં એક સ્ત્રીને પ્રસૂતિ કરાવવાને માટે તેને ઘેર ગએલાં આનંદીબાઈ પાછાં ફરતાં વરસાદમાં ભીંજાઈ ગયાં. તે પછી તેમની તબિયત લથડી ગઈ.

કોલ્હાપુરના રાજા તરફથી આનંદીબાઈ અને ગોપાળરાવને અમેરિકાથી ભારતના પ્રથમ વર્ગના પ્રવાસખર્ચની વ્યવસ્થા થઈ ગઈ, એટલે ૧૮૮૬ની ૯મી ઑક્ટોબરે તેમણે અમેરિકા છોડયું અને લંડન આવ્યાં. લંડનથી તેમને બીજી આગબોટમાં બેસવાનું હતું. અહીં ગોરા-કાળાનો ભેદ શરૂ થયો. આગબોટના કૅપ્ટને તેમને બેસાડવાની ના પાડી અને ટિકિટનાં નાણાં પાછાં આપી દીધાં. મહામુશ્કેલીએ તે પછીની આગબોટમાં જગ્યા મેળવીને તા. ૧૬મી નવેમ્બર ૧૮૮૬ના રોજ તે મુંબાઈ ઊતર્યાં. તેમનું સ્વજનો તરફથી ભાવભીનું સ્વાગત થયું અને વર્તમાનપત્રોએ પ્રશંસાના ઉદ્‌ગાર કાઢયા. ઠેરઠેર તેમને માટે માનપત્રોના સમારંભો યોજાયા.

મુંબાઈના ડૉક્ટરોએ આનંદીબાઈની અસ્વસ્થ તબિયત અંગે ચાંપતા ઉપાયો લીધા અને હવાફેરની સૂચના કરી. ૧૮૮૭ના ડિસેમ્બરની ૯મી તારીખે આનંદીબાઈ પૂના ગયાં. ત્યાં શરૂઆતમાં તો તબિયતમાં સુધારો જણાયો, પરંતુ દિવસે દિવસે ક્ષીણ થવા લાગ્યાં. પાછળથી તેમની તબિયત છેક જ લથડી ગઈ અને પથારીવશ થઈ ગયાં. ડૉક્ટરોના હાથ પણ હવે હેઠા પડયા. ગોપાળરાવે જેટલા ઉપાયો હાથમાં હતા તે કર્યા, છતાં આનંદીબાઈ પથારીમાંથી બેઠાં થઈ શકયાં નહિ.

આનંદીબાઈની કાયાની સાથે સાથે ગોપાળરાવની આર્થિક સ્થિતિ પણ ઘસાતી જતી હતી. આ વેળા લોકમાન્ય ટિળકે મોટી નાણાકીય સહાય કરી. પણ સગાંસંબંધીઓ અને ડૉક્ટરોની જહેમત અને સેવા-સારવાર છતાં આનંદીબાઈ બચી શકયાં નહિ. ૧૮૮૭ની ૨૬મી ફેબ્રુઆરી ને શનિવારે રાતે માત્ર ૨૨ વર્ષની યુવાન વયે તેમનો દેહાંત થયો. ભારતની એક તેજસ્વી નારીજ્યોત મૃત્યુના ઝપાટે બુઝાઈ ગઈ.

જે ઉંમરે હિંદુ સ્ત્રીને ગૃહસંસારના રસોલ્લાસો માણવાના હોય તે વયે તો આનંદીબાઈએ જીવનલીલા સંકેલી લીધી. તેમનું જીવન વીજળીના ઝબકારા સમું ક્ષણિક છતાં રોમાંચક હતું. સ્ત્રીશિક્ષણ અને સ્ત્રીસ્વાતંત્ર્ય નહિવત્ હતું તે જમાનામાં ૧૭ વર્ષની વયે એક હિંદુ બ્રાહ્મણ સ્ત્રી એકલી પરદેશ જવાની હિંમત કરે, અજાણ્યા વાતાવરણમાં એકલી રહે અને ભારતીય સંસ્કારિતા સાંગોપાંગ જાળવીને ડૉક્ટર બનીને આવે એ ઓછા ગૌરવની વાત નથી. એનું જીવન ધર્મપરાયણ હતું. ભગવદ્‌ગીતા એમનું પ્રિય પુસ્તક હતું. સાહિત્યનો પણ શોખ હતો અને 'ધ્રુવાખ્યાન'નો એક પ્રવેશ પણ તેમણે લખ્યો હતો. પ્રેમ, ઉદારતા અને પરોપકારીપણું-એ ગુણોથી તેમનું જીવન ઉજ્જ્વળ બન્યું હતું. ટૂંકમાં, આનંદીબાઈનું જીવન એક તપસ્વિનીનું જીવન હતું. ❦

લઘુકથા

કન્યા

મોહનલાલ પટેલ

સુધીર આજે કન્યા જોવા ઊપડવાનો હતો. એ જ્યારે બહારગામ જવાનો હોય ત્યારે એના માટે સઘળી તૈયારીઓ સુહાસિની કરી રાખતી. ગાડીના સમયે એ ઘેર આવે અને બૅગ લઈને ચાલ્યો જાય. પોતે પસંદ કરેલાં કપડાં જ સુધીર લઈ જાય એવો એનો આગ્રહ રહેતો. અને સુધીર એને માન પણ આપતો. અગાઉ એ ચારેક વખત કન્યાઓ જોઈ આવ્યો હતો. એ દરેક વખતે સુહાસિનીએ આગ્રહપૂર્વક ખાસ કપડાં બૅગમાં મૂકયાં હતાં.

પણ આજે બૅગ તૈયાર કરવાનો એને ઉમળકો આવતો નહોતો. ગાડી ઊપડવાનો સમય થવા આવ્યો છતાં એ કશું તૈયાર કરી શકી નહોતી. એનું મન શિથિલ થઈ ગયું હતું અને વારંવાર એ તરંગે ચડી જતી હતી. ગયે મહિને ભરુચથી મધુકર એને જોવા આવ્યો હતો. પોતે યુવાન હતી, સુંદર હતી, ગ્રૅજ્યુએટ હતી, સારું ગાઈ શકતી હતી... ઘરમાં સૌ માનતાં હતાં કે મધુકર સુહાસિનીને જોવા આવે એ તો માત્ર એક ઔપચારિક વ્યવહાર હતો. બાકી, એને પસંદ કરવા બાબતમાં તો કોઈ પ્રશ્ન હોય જ નહિ.

મધુકર આવ્યો. એણે કેટલાક હસવા જેવા સવાલ પણ પૂછ્યા. સુહાસિનીને મધુકર બહુ પસંદ પડયો નહિ, છતાં એણે પોતાના મનથી માન્ય કરી લીધો. જ્યારે એ નીકળ્યો અને પિતાજીએ એનો નિર્ણય જાણવા ઇચ્છા દર્શાવી ત્યારે એણે જવાબ આપ્યો: 'હું ઘેર જઈને તરત લખી જણાવીશ.' એ વખતે પિતાજીનું મોં પડી ગયું. સુહાસિનીએ પોતાના પિતાનું મોં આવી રીતે પડી જતું કદી યે જોયું નહોતું. એ વખતે જ એ તો બોલવા ઇચ્છતી હતી: પિતાજી એમાં શું? એ ના કહેવડાવશે તો ય શું થઈ ગયું? એના કરતાં ય સારા છોકરાઓ દુનિયામાં પડયા છે. આમ તો, હું જ એને ક્યાં પસંદ કરું છું?

ત્રણેક દિવસ પછી મધુકરનો જવાબ આવ્યો હતો: સૌએ ધાર્યો હતો એવો જ! ત્યારે પોતે બહાર તો કશું જણાવા ન દીધું, પણ હૈયામાં જે ઘા થયો એ કારમો હતો. આજે તેત્રીસ દિવસ થયા પણ હજુ એ નીંગળતો જ રહ્યો હતો. એક બાલિશ સ્વભાવનો કદરૂપો છોકરો પોતાના અસ્તિત્વની હાંસી ઉડાવી ગયો એ અસહ્ય હતું!

કદાચ સુધીર આજે પાંચમી વાર કોઈ કન્યાના અસ્તિત્વની હાંસી ઉડાવવા જઈ રહ્યો હતો... ચાર કન્યાઓનાં હૈયાંમાં કારમો ઘા કરવામાં તો પોતે પણ ઊલટપૂર્વક ભાગ લીધો હતો ને! કદાચ આજે પાંચમી કન્યાના દિલભંજન માટે પોતે સજાવટ કરી રહી હતી!

ઉત્સાહથી તરવરતા સુધીરનો અવાજ બહારથી જ સંભળાયો: 'સુહાસ! બૅગ તૈયાર છે કે?' સુહાસિનીએ કંઈ જવાબ ન આપ્યો એટલે સુધીર અંદર દાખલ થયો અને બોલી ઊઠયો: 'અરે! ગાડીનો સમય થઈ ગયો અને હજી કંઈ તૈયાર નથી?'

અને પોતે ગુનેગાર હોય એમ સુહાસિની બૅગમાં ઝડપથી કપડાં મૂકવા લાગી... ❦

જર્મન પત્રમિત્રોના સંપર્ક માટે

જર્મનીના એક સામયિક 'બીકન'માં 'કુમાર'નો ઉલ્લેખ થયા પછી પત્રમૈત્રી ઇચ્છતાં જે અસંખ્ય જર્મન કુમાર-કુમારીઓના પત્રો મળ્યા છે એમનાં નામ-સરનામાં અમે આપતા આવીએ છીએ. એ પછી 'બીકન'નું સરનામું માગતા અનેક પત્રો પણ અમને મળતા રહ્યા છે. આ નીચે એ સરનામું આપવા સાથે જણાવીએ કે 'કુમાર'માં પ્રકટ થતાં નામ-સરનામાં સિવાયની અન્ય કોઈ યાદી અમારી પાસે રહેતી નથી. 'બીકન'નું સરનામું: Miss Dorothy Hilleyers, Beacon-Verlag, BAD DURKSEIM, Birkental Str. 135, West Germany.



માધુકરી

આંધી ચઢા ચહુ દિશે ચડતી અને એ
ગાંડો મહાબ્ધિ જવ તાંડવ રુદ્ર ખેલે,
મ્હાલે અનંત પ્રલયંકર ગીત ઘોરે,
ત્યારે યુવાન ઉર તારું ચહે વીરશ્રી—હ૦

પદ્મવિભૂષણ નવાબ મેહદી નવાઝ જંગ

અમીર કુટુંબમાં જન્મ્યાથી નહિ પણ જનસેવાવૃત્તિથી 'નવાબ'નો ઇલ્કાબ અને ગુજરાતના પ્રથમ રાજ્યપાલ થવાનું માન મેળવનાર, આડંબર ને ઠઠારાના વિરોધી શ્રી મેહદી નવાઝ જંગ અત્યંત નમ્ર, નિખાલસ અને સૌજન્યશીલ વ્યક્તિત્વવાળા કુશળ વહીવટકર્તા છે.

ત્રણ સો વર્ષ પૂર્વે તેમના એક વડવા ઇરાનથી દિલ્હી આવી વસેલા; અને બીજા, જે કર્ણાટકના સુલતાનના સલાહકાર તરીકે નિમાએલા એમને સુલતાનને થતો અન્યાયનો સામનો કરવા જતાં રેસિડેન્ટના ગુસ્સાનો ભોગ થઇને જાગીર ખાલસા થતાં હૈદરાબાદ જઈ વસવું પડેલું. આવા ખાનદાન ને ખમીરવંતા કુટુંબના એક ફરજંદ સૈયદ અબ્બાસ સાહેબને ત્યાં ઈ. ૧૮૯૪ના મેમાં ત્રીજા પુત્ર તરીકે તેઓનો જન્મ થએલો.


તરવું, કુસ્તીદાવ, લાઠીદાવ અને ઘોડેસવારી જેવી મર્દાનગીભરી રમતોના નાનપણથી જ શોખીન એવા શ્રી મેહદી નવાઝ જંગ પ્રાથમિક ને માધ્યમિક શિક્ષણ હૈદરાબાદમાં મેળવીને ઇ. ૧૯૧૧માં મુંબાઈ યુનિવર્સિટીની મૅટ્રિકની પરીક્ષા પાસ કરી ૧૯૧૨માં હૈદરાબાદની નિઝામ કૉલેજમાં દાખલ થયા; પણ છેલ્લા વર્ષમાં ટાઇફૉઇડની બીમારી આવતાં સ્નાતકની ઉપાધિ પ્રાપ્ત કરી શક્યા નહિ. ત્યાર બાદ કાયદાનો અભ્યાસ કરી વહીવટી તાલીમ લેવા બિલારી ગયા, જે દરમિયાન અડોરી રેલવે સ્ટેશને મહાત્મા ગાંધીજીનાં દર્શન થતાં એમના પ્રબળ પ્રશંસક બની એમના જીવનસંદેશને સ્વજીવનમાં ઉતારવા ઉત્સુક થયા. વહીવટી તાલીમ પૂરી થતાં તેઓ નિઝામ સરકારના અમલદાર તરીકે જોડાયા અને ટ્રેઝરી ઑફિસર, લોકલફંડ સૅક્રેટરી વગેરે હોદ્દે પ્રશંસનીય કામગીરી બજાવી મદદનીશ કલેક્ટરના હોદ્દા સુધી પહોંચ્યા.

ઈ. ૧૯૧૯–'૨૦ના દક્ષિણના કારમા દુષ્કાળ વખતે હૈદરાબાદ સરકાર તરફથી દુષ્કાળરાહત અધિકારી તરીકે તેમની નિમણૂક થતાં ફલ્ટન, ગુલબર્ગા, ગંગપુર, ઔરંગાબાદ, નાલગોંડા, તૈલંગણ વગેરે વિસ્તારોમાં એમણે એવી તો ખંતભરી અથાગ માનવસેવા કરી કે લોકો એમને 'મેહદી બાબા' તરીકે ઓળખવા લાગ્યા.




ઈ. ૧૯૨૧માં હૈદરાબાદ સરકારે એમને સહકારી ક્ષેત્રની કામગીરી સોંપી, જેની પ્રવૃત્તિઓનાં અભ્યાસ કરવા તેઓ વિદેશમાં બ્રિટન, આયર્લૅન્ડ, ફ્રાન્સ, જર્મની, ઇટલી, ડેન્માર્ક અને હિંદમાં યૂ.પી., બંગાળ, પંજાબ ને જમ્મુમાં ફરી આવ્યા. આ પ્રવાસ દરમિયાન તેઓને સહકારી ક્ષેત્રના આજીવન ને નિષ્ણાત સેવક શ્રી વૈકુંઠભાઈ મહેતાનો પરિચય થયો, જે અંતે જીવનભરની ગાઢ મૈત્રીમાં પરિણમ્યો. સહકારી ક્ષેત્રની એમની સેવાઓનાં પ્રતીક છે–'હૈદરાબાદ સેન્ટ્રલ કો. ઑ.

સંઘરેલાં અનાજની જીવાત



કઠોળના ભુંગા (પલ્સ બીટલ): પુખ્ત જીવાત તરત ઊડી શકે છે. ૫૦ ઇંચ લાંબી. રંગ કથ્થાઈ. ૧૦ કે તેથી વધુ દિવસ જીવે છે.

મગ, ચણા, તુવેર, વાલ, મસૂર, દાળ અને અડદના જ્યારે આખા દાણા હોય છે ત્યારે આ જીવાત લાગે છે. ચણાની દાળ સિવાય બીજી કઠોળ દાળને આ જીવાત લાગતી નથી. ઘણી વાર ખેતરમાં લીલી સીંગ ઉપર ઈંડાં મૂકે છે તેમાંથી સંઘરેલા કઠોળને પણ આ જીવાત લાગે છે. કોઠાળમાં દેખાતાં કાણાં એ પુખ્ત રૂપે બહાર નીકળેલાં કીટકે પાડેલાં હોય છે.



ફિગ મોથ ભૂખરા રંગનું કુદું છે. તેની પાંખો ઉપર આડા રૂંછડાં હોય છે. કુદું સાત થી આઠ દિવસ જીવે છે. તે દાણા ખાતું નથી પણ પુષ્કળ પ્રમાણમાં ઈંડાં મૂકે છે.

આ જીવાત ઘઉં, ચોખાનો લોટ, અને બીજાં ખડધાન્યોને લાગે છે. ઇયળ ફક્ત દાણાના અંકુર પર હુમલો કરે છે. ખાદ્ય પદાર્થમાંથી નળાકાર રેશમી ખોખું બનાવવાની એની ખાસિયત છે. જ્યારે ઉપદ્રવ વધી પડે છે. ત્યારે લોટની મિલનાં યંત્રો પણ ચોંટી જાય છે.

આપણે જોયાં તે જુદી જુદી જાતનાં કીટકોનો જીવનક્રમ તથા નુકસાન કરવાની રીતો લગભગ એક જ પ્રકારની હોવાને લીધે તેમને અંકુશમાં લેવાનાં પગલાં સરખાં જ છે:

(ક) લાંબા અને સલામતી ભર્યા સંઘરા માટે દાણા પૂરતા સૂકા હોવા જોઇએ. અનાજની જીવાત ૮ ટકાથી ઓછા ભેજ હોય ત્યાં ખૂબ પ્રમાણમાં વૃદ્ધિ પામતી નથી. સંઘરતા પહેલાં અનાજને તડકે રાખવાથી પાક સાથે આવતી ઘણી ખરી જીવાતોનો નાશ થવામાં મદદ થાય છે. (ખ) અનાજના કોઠાર, કોઠીઓ, કોથળાઓ વગેરે પણ બરાબર સાફ કરવા જેથી નવા અનાજને જીવાત ન લાગે.

યુનિયન', 'માટી રંગાટનું કાર્ય', 'ચરખા બનાવવાનું કારખાનું', 'કો-ઑપરેટિવ કમર્શિયલ કૉર્પોરેશન' અને ઍગ્રિકલ્ચરલ કો. ઑ. એસો.'

ઈ. ૧૯૨૬ થી '૩૭ સુધી તેઓ હૈદરાબાદ સરકારની કૅબિનેટના મંત્રી તરીકે ને પ્રધાનમંડળના પ્રમુખ મહારાજા શ્રી કૃષ્ણપ્રસાદના રહસ્ય મંત્રી તરીકે રહ્યા. એ દરમિયાન પણ ચાલુ રહેલી એમની સમાજસેવા ને સહકારી પ્રવૃત્તિઓ બદલ સરકારે એમને 'નવાબ'નો ખિતાબ આપ્યો.

ઈ. ૧૯૩૭માં આ જગ્યા સ્વેચ્છાએ છોડી તેઓ પરદેશ ગયા અને ત્યાંથી પાછા ફર્યા બાદ ઊંચા હોદ્દાનો પ્રસ્તાવ નકારીને હૈદરાબાદના મ્યુનિસિપલ કમિશનર બન્યા, જેની રૂએ એમણે શહેરમાં વીજળી, સિમેન્ટના રસ્તા, કર્મચારીઓ માટે સસ્તા ભાડાનાં મકાનો, બગીચા, રમતગમતનાં મેદાનો, દાક્તરી સારવાર, કૉમ્યુનિટી હૉલ, ધીરાણ મંડળી, કો. ઑપરેટિવ સ્ટોર, વીમાયોજના, ગરીબો માટેનાં ઘર વગેરેની વ્યવસ્થા કરાવી નગરને નમૂનેદાર બનાવ્યું.

ઈ. ૧૯૪૨ પછી એમને મ્યુનિસિપલ કોડ તૈયાર કરવા કોડિફિકેશન ઑફિસર તરીકે બનાવાયા, જે કામ પૂરું થતાં વ્યાપાર-ઉદ્યોગખાતાના મંત્રી નિમાયા. એ હોદ્દાની રૂએ એમણે રેયૉન સિલ્ક મિલ સ્થાપી, વિકાસનાં અનેક કાર્ય કર્યાં ને અનેક કંપનીઓના ડાયરેક્ટર બન્યા.

ઈ. ૧૯૪૮–'૪૯ દરમિયાન નિઝામ સરકારના એજન્ટ તરીકે તેઓ નાગપુર ખાતે બિહાર પરગણાની કામગીરી માટે ઊંચા હોદ્દા પર નિમાયા ને '૪૯માં નિવૃત્ત થયા. તે પછી આમંત્રણ મળતાં કૉંગ્રેસમાં જોડાઈ, ૧૯૫૨માં હૈદરાબાદ શહેરમાંથી ઊભા રહી ધારાસભ્ય તરીકે ભારે બહુમતીથી ચૂંટણી જીત્યા ને હૈદરાબાદ રાજ્ય તથા આંધ્ર પ્રદેશના પ્રધાનમંડળમાં જાહેર બાંધકામ, રસ્તા ને મકાનો, નહેર ને વીજળી વગેરે ખાતાંના પ્રધાન તરીકે ૧૯૬૦ સુધી યશસ્વી કામગીરી બજાવી.

તેઓને સ્કાઉટ પ્રવૃત્તિમાં ખૂબ રસ હોવાથી હૈદરાબાદમાં એ પ્રવૃત્તિના તેઓ પ્રણેતા થયા અને ત્યાંના તેમજ હૈદરાબાદ ભારત સાથે જોડાયું એ પછી આંધ્ર પ્રદેશના સ્કાઉટ મંડળના તેઓ પ્રમુખ થયા, જે પદ પાછળથી આંધ્રના ગવર્નરને સોંપી તેઓ ઉપપ્રમુખ બન્યા હતા.

રૂ. ૩૫ થી ૪૦ લાખનું ભંડોળ ઊભું કરી સ્થાપેલી હૈદરાબાદની નીલોફર ઑસ્પિટલ, ઇનામી યોજનાઓ દ્વારા એકઠા કરેલા ૨૦ થી ૨૨ લાખ રૂપિયાને ખર્ચે ઊભાં કરેલાં કૅન્સર અને રેડિયમ ઇન્સ્ટિટ્યૂટ, બાળકો ને સ્ત્રીઓ માટે સારવાર–સંસ્થાઓ, ગામડાંઓમાં સ્થાપેલાં હેલ્થ–સેન્ટર, તેમજ ઇન્ડિયન કૉન્ફરન્સ ફૉર સોશિયલ વર્ક જેવી અનેક સમાજકલ્યાણની સંસ્થાઓના પ્રણેતા તરીકે તેમની જનસેવા ઝળકી ઊઠી છે, તો હૈદરાબાદ આર્ટસ સોસાએટીના સ્થાપક અને વિશ્વખ્યાત સાલારજંગ મ્યુઝિયમના અધ્યક્ષ તરીકે તેઓનો કલા ને સાહિત્ય પ્રેમ પ્રશાન્ત ઓજસથી પ્રકાશે છે.


'ગુજરાતે રાષ્ટ્રની સ્વતંત્રતા મેળવવામાં સહુથી મોટો ફાળો આપ્યો છે, કેમ કે ગુજરાતના કોઈ નેતાએ કદી એકલા ગુજરાતના જ હિતનો વિચાર નથી કર્યો. ગુજરાતમાં નિષ્ઠા છે, ખૂબ ઊંડી સમજદારી છે અને તેથી ગુજરાત જરૂર આદર્શ રાજ્ય બની શકશે' આવી કદરદાનીની ભાવના ગુજરાત માટે ધરાવતા શ્રી મેહદી નવાઝ જંગે ગુજરાતનું રાજ્યપાલપદ સંભાળ્યું ત્યારથી આજ સુધીમાં તેમણે અત્યંત લોકપ્રિય ને કાબેલ રાજ્યપાલ તરીકે ખ્યાતિ પ્રાપ્ત કરી છે. એમની બહુવિધ સેવાઓની કદરમાં આ ગણરાજ્ય દિને એમને પદ્મવિભૂષણનું માનભર્યું બિરુદ અપાયું છે.

–બહાદુરશાહ પંડિત

સાદરા

અમદાવાદ જિલ્લાના દહેગામ તાલુકાનું સાદરા ગામ અંગ્રેજ અમલમાં એક વખત મહીકાંઠા એજન્સીનું મુખ્ય મથક હતું. ઈ. ૧૮૫૭માં ઉત્તર હિંદમાં બળવો ફાટી નીકળ્યો તેની અસર મુંબાઈ ઇલાકામાં અને ખાસ કરીને ગુજરાતમાં તરત જ થઈ હતી. ચરબીવાળી કારતૂસોની વાતો જોરશોરથી થવા લાગી અને તેની અસર ગામડે-ગામડે ફેલાવા લાગી. આ અરસામાં કચ્છના રણમાંથી રાજપૂતાના લઈ જવાતી મીઠાથી ગૂણોમાં લાલ રંગનું મીઠું છે એવી સાદરામાં ખબર પડી અને એ વાત અમદાવાદ આવી ગુજરાતમાં પ્રસરી, અને બ્રિટિશ સરકાર હિન્દુઓને વટલાવવા માંગે છે એવી હવા ફેલાઈ ગઈ. એમ ગુજરાતમાં ૧૮૫૭ના બળવાનો પ્રથમ તણખો ઝબૂક્યો કહી શકાય.

૧૮૮૭માં પ્રથમ પોલિટિકલ એજન્ટ કર્નલ બૅલેન્ટાઇને કિલ્લાની બાજુમાં નદીકિનારે સુંદર બંગલો બંધાવ્યો. ત્યાર બાદ સાદરામાં એજન્સીની કચેરીઓ, મકાનો વગેરે બંધાયાં. આ કિલ્લો મૂળ સુલતાન અહમદે બંધાવેલો ત્યારે અમદાવાદથી સાદરા સુધી રસ્તો હતો. વિશાળ બજારની બંને બાજુએ વૃક્ષોની હારમાળા તેમજ રાતે ઝગમગતા દીવાઓ સાદરાની રોનકમાં ઓર વધારો કરતા. બ્રિટિશ



અમલમાં પણ એક વખતે પ્રવૃત્તિથી ધમધમતું સાદરા, ત્યાં પોલિટિકલ એજન્ટની કચેરી બંધ થતાં સૂમસામ બની ગયું. ખાલી મકાનોમાં ધૂળ ચડતી ગઈ અને વખત જતાં તે જમીનદોસ્ત થતાં ગયાં.

કાળનું ચક્ર સતત ફરતું જ રહે છે. આજે હવે ધીમેધીમે સાદરામાં પ્રવૃત્તિ વધતી રહી છે. લોકફાળાથી ગામમાં હાઈસ્કૂલ શરૂ કરવામાં આવી, ત્યારબાદ ૧૯૬૦થી સરદાર વલ્લભભાઈ પટેલ ટ્રસ્ટ સંચાલિત 'સ્થાનિક સ્વરાજ્ય વિદ્યાલય', તલાટી – પંચાયતમંત્રીઓનું તાલીમકેન્દ્ર અહીં ચાલે છે. રજવાડાંઓના કુંવરોના અભ્યાસ માટે અહીં સ્થપાએલી એક વેળાની સ્કૉટ કૉલેજ (જેમાં કવિ નાનાલાલ અધ્યાપક હતા) ના સ્થળે આજે ટી. બી. એસોસિયેશનના ઉપક્રમે, ક્ષયની એક અદ્યતન ઇસ્પિતાલ, સેનેટોરિયમ, તેમજ નિવાસસ્થાનો તૈયાર થઈ રહ્યાં છે. હજી ય સાદરામાં નાના પાયા પરના ઉદ્યોગો તેમજ શૈક્ષણિક તથા કલ્યાણપ્રવૃત્તિઓ ચલાવી શકાય તેવું વાતાવરણ અને મોકળાશની અનુકૂળતાઓ છે. એક વાર મૃતઃપ્રાય બનેલું સાદરા ફરીથી તેની અસલ જાહોજલાલી અને સમૃદ્ધિની ટોચે પહોંચે એ માટે ગ્રામપંચાયત પ્રયત્નશીલ બની છે. ગામમાં વીજળી આવી ગઈ છે, વારિગૃહની તૈયારીઓ ચાલે છે, નાના ઉદ્યોગોને આકર્ષણ અને સગવડો આપવાની દિશામાં પ્રયત્નો થઈ રહ્યા છે.

(ગુજરાત)

એક રૂપિયાની નોટ

સમાજના અત્યંત ગરીબથી માંડી ભલા તવંગર સુધીના હાથમાંથી રોજ પસાર થતી આપણી એક રૂપિયાની નોટ આ દેશનું સૌથી વધુ જાણીતું, માનીતું અને સર્વથી વધુ ઝડપથી ફરતું ચલણ છે.

હવે તો બબ્બે વિશ્વયુદ્ધો જોઈ ચૂકેલી આ નોટની જે નવી શ્રેણી હમણાં બહાર પાડવામાં આવી છે તેના પર આપણા ફાઇનાન્સ સેક્રેટરી એસ. ભૂતલિંગમની સહી છે. સૌ પ્રથમ ૧૯૪૦માં ત્યારના 'કન્ટ્રોલર ઑવ કરન્સી' જે. ડબલ્યુ. કેલીની સહીથી બહાર પડેલી નોટ પછી છેલ્લાં પચ્ચીસ વર્ષમાં એવા આઠ સચિવોની તેના પર સહીઓ થઈ છે. દેશના ચલણમાં એકમાત્ર આ જ ચલણી નોટ છે કે જે રિઝર્વ બૅંક ઑવ ઇન્ડિયા દ્વારા નહિ પરંતુ ખુદ ભારતસરકાર દ્વારા બહાર પડે છે. દસ્તાવેજી કાગળો, ટપાલની ટિકિટો વગેરે છાપતા નાસિક ખાતેના 'ઇન્ડિયા સિક્યુરિટી પ્રેસ'ના સરકારી છાપખાનામાં દર વરસે તેની ૧૨૦ કરોડ નોટો છાપવામાં આવે છે પરંતુ તેની કુલ કિંમત તો હજી સુધી માત્ર રૂ. ૧૫૦ કરોડ જ થાય છે; કેમ કે દર વર્ષે તેનો મોટો ભાગ તો ચલણમાંથી પાછી ખેંચાએલી જૂની નોટોને બદલે જ બહાર પડતો હોય છે. બે રંગમાં છપાતી આ નોટની ભારતીય આવૃત્તિ જાંબુડિયા રંગની છે, તો ઇરાનના અખાતના વિસ્તાર માટે ઘેરા લાલ રંગની નોટ છાપવામાં આવે છે, જેનું ચલણ ભારતમાં કાયદેસર નથી. ભારતની નોટની પરદેશમાં થતી ગેરકાયદે નિકાસ અટકાવવા આમ કર્યું છે.

પહેલા વિશ્વયુદ્ધ દરમ્યાન ૧૯૪૭ના ડિસેમ્બરમાં સૌપ્રથમ નીકળેલી આ નોટ ૧૯૨૦માં બંધ પડેલી. તે પછી બીજા વિશ્વયુદ્ધ વખતે જરૂર ઊભી થતાં, ખાસ અણીના પ્રસંગે જ વાપરવા માટે જે જથ્થો ૧૯૩૫માં છાપવામાં આવ્યો હતો. તે ૧૯૪૦માં ચલણમાં મૂકવામાં આવ્યો. ત્યારથી સતત છેલ્લાં ૨૫ વર્ષથી તે ચલણમાં રહી છે.

પાઈનાક્લૉથ: અનનાસનું કાપડ

વિવિધ પ્રકારના કૃત્રિમ તંતુઓના વધતા જતા ઉત્પાદનના આ યુગમાં, સામાન્ય રીતે ઉપેક્ષિત ગણાતા પ્રાકૃતિક રેસાઓની આશાસ્પદ શોધ આશ્ચર્ય જગાડતી લાગશે. મૅંગલૉર પાસેના સંશોધનકેન્દ્રમાં થએલા પ્રયોગો પરથી પુરવાર થયું છે કે અનનાસનાં પાંદડાં અને થડના રેસાઓમાંથી સુંદર કાપડ તૈયાર થઈ શકે એમ છે. અખિલ ભારત હસ્ત-ઉદ્યોગ મંડળના એક મોવડી જણાવે છે કે આ રેસામાંથી રેશમ જેવું, ઊંચી જાતનું, મજબૂત પોતવાળું કાપડ જથાબંધ પ્રમાણમાં ઉત્પન્ન કરી શકાય એમ છે. ન્યૂ દિલ્હીનાં બજારમાં મુકાએલા આ કાપડના નમૂનાઓની સારી એવી માગ રહી હતી. આ નવા રેસાઓ, જાડું કાપડ બનાવવાના ઉપયોગમાં આવતા શણ, કંતાન, મનિલા વગેરે વનસ્પતિજન્ય રેસાઓના વર્ગમાં આવી શકે, પણ એ સૌની અપેક્ષાએ અનનાસના રેસાઓમાંથી વધારે બારીક કાપડ અને સરસ દોરા બનાવી શકાય છે. નારિયેળ, શેરડી ને કેળનાં થડ આદિના રેસાઓ અંગે પણ વધુ સંશોધન થવાની જરૂર છે; પણ જેના રેસાઓ નિરપવાદ રીતે અત્યંત સુંદર છે એવા અનનાસ સામે તો સૂતર પણ ટકી શકે એમ નથી. એના ઔદ્યોગિક ઉત્પાદનને અંતર્ગત કેટલાક પ્રશ્નો ઉકલી જાય તો અનનાસનું કાપડ રાષ્ટ્રની એક વિશિષ્ટ નિકાસ બની શકે તેમ છે.

દર્દીઓ માટે હવાની ગાદી

હોવરક્રાફ્ટ વાહનોમાં હવાની ગાદીના જે સિદ્ધાંતનો ઉપયોગ થઈ રહ્યો છે એ જ સિદ્ધાંતનો ઉપયોગ બીજા સ્વરૂપે દર્દીઓને રાહત આપવા થઈ શકે તેમ છે કે નહિ તેના પ્રયોગો હમણાં કરવામાં આવે છે. દર્દીઓ જે નક્કર સપાટી ઉપર સૂતા હોય તેની નીચે ચારે બાજુની કિનારેથી હવાનાં પડ ઊભાં કરવામાં આવે છે. ખાસ કરીને દાઝેલા દર્દીઓ માટે એ ખૂબ ઉપયોગી થઈ પડવાની ધારણા છે. જુદા જુદા કદનાં દર્દીઓ માટે ગાદીમાં કેટલી હવા અને તેનું કેટલું દબાણ હોવું જોઈએ તેની પણ ગણતરી કરવામાં આવે છે.

નવી શોધો

દિવસ દરમિયાનના અજવાળાને અનુરૂપ દીવાબત્તીનું અજવાળું આપમેળે રહી શકે તેવી સસ્તી સ્વયંસંચાલિત વ્યવસ્થા શોધાઈ છે.

ગ્રાહકને મનપસંદ રંગનાં પગરખાં એની માગ પ્રમાણે આપી શકાય એવી પદ્ધતિ ઇંગ્લૅંડની એક પેઢીએ શોધી છે. દુકાનમાં બધાં પગરખાં રંગ વિનાનાં જ રાખવામાં આવે છે; અને પેઢીએ પગરખાંને રંગ આપવાની અને જરૂરી ઓપ આપવાની જે પદ્ધતિ શોધી કાઢી છે તે વડે ગ્રાહક જણાવે તે પ્રમાણે તેને રંગ આપવામાં આવે છે.

ફળને સાફ કરી તેનો માવો અલગ કરવા માટેનું યંત્ર બ્રિટનના ખાદ્ય-ઉત્પાદન ઉદ્યોગના સંશોધન મંડળે બનાવ્યું છે, જેમાં કલાકમાં એકીસાથે ત્રણ ટન ફળ પકાવી, શુદ્ધ કરી તેનો માવો બનાવી શકાય. આ ઉપરાંત મુરબ્બો બનાવવાનું પણ યંત્ર ત્યાં બન્યું છે, જે સંપૂર્ણ રીતે સ્વયંસંચાલિત છે.

ઑટોપૅક નામની બીજી એક પેઢીએ પૅકિંગની બધી ક્રિયાઓ આપમેળે કરતું સ્વયંસંપૂર્ણ એકમ બનાવ્યું છે, જે ૧૦ થી ૨૦ મિલિગ્રામની કલાકે ૧૨,૫૦૦ શીશીઓ પૅક કરી શકે છે. શીશીની સફાઈ, જંતુમુક્ત કરવાની વિધિ અને દવા ભરીને શીશી બંધ કરવી વગેરે ક્રિયાથી માંડી તથા તેને લેબલ લગાડી પાર્સલ કરવા સુધીની ક્રિયા સ્વયંસંચાલિત પદ્ધતિથી તેમાં થાય છે.

OUR FRIENDS ABROAD

જગત્‌સંપર્ક સાધતો પત્રમિત્ર-વિભાગ

'કુમાર'માં પ્રકટ થતાં નામ-સરનામાં સિવાયની અન્ય કોઈ યાદી અમારી પાસે રહેતી નથી. તેમજ અન્ય કોઈ પણ પત્રમિત્ર સંસ્થા સાથે અમે સંપર્ક સાધી આપતા નથી. એટલે ઇચ્છુકોએ 'કુમાર'માંથી જ પોતાને ઉચિત નામ શોધી લેવાં. વળી પોતાનું નામ 'કુમાર'ના પત્રમિત્ર વિભાગમાં પ્રકટ કરાવવા ઇચ્છનારે પરદેશના મિત્રો સાથે પત્રવ્યવહાર કરી શકવા જેટલું અંગ્રેજી ભાષાનું જ્ઞાન ધરાવતા હોવું જ જોઈએ. (અમને મળતા સંખ્યાબંધ પત્રોમાં તો શુદ્ધ ગુજરાતી પણ લખેલું હોતું નથી એ શોચનીય છે.)

(1) Miss Janice Norman, 12A, Clyde Street, Oamaru, South Islannd, (Newzealand) – Hobbies: view-cards, gramophone records, reading, photography. (2) Mr. Brian Baker, 23, Dromorne Road, Remuera, Auckland, (New Zealand)-photography, coins, swords, nieves, spears, travelling. (3) Rosie Elliott, ward 6, Waikato Hospital, Hamilton, Norin Island, (New Zealand)–photography, dancing, pop music, sports. (ઉલ્લેખ: Jiten G. Pandya, Mehta Pole, Motu Maiden, Baroda–6 (India). (4) Razzak Billoo, 64 Trikamdas Bldg., Bombay Bazar, Karachi-2 (West Pakistan)–age 19 ys., stamps, photography, swimming, listening music. (5) Aziz Billoo, Kulsum mansio, top floor, Harris Road, Karachi-2 (West Pakistan)– 18ys., stamps, photography, teble-tenis, swimming. (6) Sharad R. Parekh, P. O. Box 100, Port Sudan, (Sudan)–18 ys., stamps, view-cards, records of interesting items, swimming, reading, dancing. (7) Dinker Chheda, 7/209–D, Vincent Road, Bombay–19 D D (India)-19 ys., cricket, dancing, swimming, films. (8) Piynsh Navinchandra Verma, C/o 'Kanjiveram', 1615, Khadia, Ahmedabad-1 (India)–14 ys., pen-pals, stamps, view-cards, coins. (9) Minoo B. Gandhi, B–76, B. J. Medical Col. Hostel, Asarva, Ahmedabad-16 (India) – 19 ys. stamps, view-cards, coins. (10) Bhasker P. Tanna (16 years) and Chaitanya P. Tanna (12 ys.), Mridu Mangal, 45/46 Digvijaya plot, Jamnagar (India); –stamps, view-cards, Coins, reading. (11) Soni Pravin Himatlal, Mandvi's Street, Kansara Pole, Ahmedabad-1 (India)–16 ys. view-cards, first-day covers. (12) Kantilal A. Patel, Lecturer in Economics, Patan Arts & Science College, Patan (N. Guj.-India)–interested in British penpals.

જર્મન પત્રમિત્રો

(1) Doris Dantscher, Munchen 8, Schneckenburger Str. 41 (16f) general interests. Germany (2) Gisela Sundt–Bauer, 85 Nurnberg, Neuweiher Str. 22 (16 f) stamps, postcards. Germany (3) Anne Maier, 846 Schwandorf, Kreuzberg allee 7 (16 f) reading, stamps, postcards. sports. Germany (4) Kathe Schmidt, 8482 Neusta t, Muhlbergweg 24 (16 f) dancing, music, photography, reading, cycling. Germany (5) Barbara Maier, 7967 Bad Waldsee, Haupt Str. 38 (16 f) sport, reading, animals. Germany (6) Annette von Lichtensterm, 8451 Wolfring, bei Amberg (16 f) music, archaeology. Germany (7) Marie–Douise Leretz, 7917 Vohringen, Kanal Str. 11 16 f) reoding, art, sport, dolls. Germany (8) Irene Kotz. 5524 Kyllburg, Am Bahnhot, Postfach 2 (17 f) general interests. Germany (9) Rita Germar, 4 Dusseldorf, Julidher Str. 37 (19 f) general interests Germany (10) Wera Nahrgan, 614 Bensheim. Seminar Str. 11 (16 f) stamps, languages, Music, sports, postcards. Germany (11) Hildegard Barnbacher, 7 Stuttgart, Bad Cannstatt, Prag Str. 154 (17 f) general interests. Germany (12) Gnn'her F. Schlecht, 785 Dorrach, Bruhl Str. 5 (17m) sports, languages, swimming. Germany (13) Bernhard Wegkamm, 76 Offenburg, Rittweg 22 (17 m) foreign contries, reading, sports, collecting butterflies. Germany (14) Rainer Althaus, 233 Eckernforde, Gustav Frenssen Str. 22 (16 m) stamps, music, drawing. Germany (15) Karlhein Schwengler, 455 Bramsche, G. Hauptmann str. 27 (17 m) photography, animals, reading. Germany (16) Gunther Jeworek, 69 Heidelberg, Hondschuheim, Dossenheimer Landstr. 13 (21 m) general interests. Germany (17) Rainer Paulussen, 401 Hilden, Hof Str. 77 (17 m) stamps, music, sports, literature. Germany (18) Elfriede Kloppel, 53 Bonn, Konigsberger Str. 14 (16 f) general interests. Germany (19) Notburga Schindlbeck, 8401 Aufhausen, Oberpfalz (16 f) stamps, reading, sports. Germany (20) Cornelia Schulze, 3151 Horst 31 bei Peine (17 f) literature, music, sports. Germany (21) Elke Klinzmann, 3091 Klein–Haulingen. Krs. Fallingbostel (18 f) classical, music, art, religion, literature. Germany (22) Mrs. Hilde Blaschke, Klagenfurt, Spitalberweg 35, Austria (56 f) reading, travel, music. Germany (23) Placidus M. Franz, Kolleg St. Benedikt, Salzburg, Austria (22 m) sport, stamps, languages, travel.

*ઉપરના દરેક સરનામાને છેડે Germany ઉમેરવું.

(ઉલ્લેખ: Girish Mody 1171, Dhana Sutha Pole, Ahmedabad-1)

ભારતમાં પત્રમૈત્રી ઇચ્છતા કેટલાંક વધુ નામ-સરનામાં નીચે આપ્યાં છે. ઉલ્લેખ: શશીકાન્ત શા. પટેલ, ૨, યમુનાકુંજ, વિદ્યાનગર

(18) Biodua Coker, 35A Nathar Street, Surulere, YABA (Nigeria); (F 16) netball. (19) Damien Okunyode, 3A Jose court, LAGOS (Nigeria); (M 18) mouth organ, radio listening, reading. (20) Sir Allan

Parker, C/o (Personael Branch) Ministry of Establishment, LAGOS (Nigeria); (M 17), football. (21) Mr. Innocent Eze, 5 O lotu str., ONDO (Nigeria); (M 17) general interest. (22) Mohamadu Mallam, C/o A. Hassam, P. O. Box 127, Nguru, (Nigeria); (M 16) photography, stamps, sports. (23) A. O. Davies, Box 2626, LAGOS, (Nigeria); (M 16) general interest. (24) Oluvemi Florence, C/o B. O. Ojunlye, Bewac Ltd., APAPA, LAGOS, (Nigeria); (F 16) music. (25) O. Ojunleye, Bewac Ltd. (Account Dept.) APAPA LAGOS; (M 16) football, sports. (26) P. Okembe, C/o Andrew Ilgonoh General Hospital, OKENE; (M 16) general interest. (27) Barnabas Ezurike, No 73 W. Head Avenue, S/G KANO; (M 19) Stamps, View-cards. (28) Felix Talabi, P.O. Box 119, MUSHIN-LAGOS (Nigerea); M-19 football, post cards, firstday covers. (29) Sammy Adefe, 50 Camp bell Str., LAGOS; (F-17) music. (30) Nuhu mohmed, 26, Hausa Quarter, East Circle Rd. BENIN CITY; (M-15) tennis, sports, travelling, gifts. (31) P.E.O. Osayancde, Govt. College, Benon City (Nigeria) (M-15) stamps. sports, football. (32) Raj R.E. Armel's Transport Ltd; Central Accn. Dep. Private Bag No. 1096, BENIN CITY (M-16) general interest.

(ચાલુ)

આ માસ (માર્ચે) ઇતિહાસમાં વ્યક્તિ-પ્રસંગ

વ્યક્તિવિશેષ :
માનશંકર પીતાંબર મહેતા

ઉપનિષદો અને દર્શનો, સ્મૃતિઓ અને પુરાણો, ઇતિહાસ અને પુરાતત્ત્વઆદિનાએક વિરલ એવા માર્મિક અભ્યાસી માનશંકર પીતાંબરદાસમહેતાનો જન્મ ઈ. ૧૮૬૩ ના માર્ચની ૨૧મીએ એ કાળના ભાવનગર રાજ્યના કુંડલા ગામમાંથએલો. કૌટુંબિક કારણોને લીધે પ્રિવિયસમાંથી જ કૉલેજનો અભ્યાસ છોડવો પડ્યો એ દરમિયાન એમણે વારંવાર ઇનામો મેળવેલાં. કવિ કાલિદાસ ઉપરના સંસ્કૃત નિબંધ માટે એમને 'ગૌરીશંકર પ્રાઈઝ' મળેલું. અભ્યાસ દરમિયાન 'ભાવનગરનીતિભાનૂદય' નામનું એક માસિક પણ એમણે ત્રણેક વર્ષ ચલાવેલું. એમાં એમનાં વિદ્યાવ્યાસંગ તથા સર્જક પ્રતિભાની પ્રતીતિ મળતી હતી.



કૉલેજ છોડી તેઓ ભાવનગર રાજ્યના વસૂલાત ખાતામાં જોડાયા ને ત્યાં પોતાની બાહોશીથીવહીવટદારનીપાયરીએપહોંચેલા. એ વ્યવસાયી દરજ્જે રહીને પણ એમણે પ્રાચીન ઇતિહાસ, સંસ્કૃતિ, સાહિત્ય ને સાહિત્ય વિષેનો અભ્યાસ પણ જારી જ રાખેલો.

પંચાવન વર્ષની વયે રાજ્યની નોકરીમાંથી નિવૃત્તિ લીધી એ દરમિયાન એમણે સાહિત્યને પુષ્કળ સેવા આપી અને એવી જ સેવા દસ વર્ષ સુધી 'નાગર ત્રૈમાસિક' ચલાવી, પોતાની જ્ઞાતિને આપી. ઉપરાંત, ભાવનગરની વિવિધ પ્રવૃત્તિઓમાં એમનો હમેશાંસાથ રહેતો. ત્યાંની એ કાળની સાહિત્યપ્રવૃત્તિના તો તેઓ પ્રાણ હતા.

મરણોત્તર સ્થિતિ, વેદાંત, ઉપનયન, અગ્નિસંસ્કાર આદિ વિષયોનાં વિવેચનો ને વિવરણોથી પોતાના ઊંડા અભ્યાસ માટે સંમાનનીય સ્થાન તો નિવૃત્ત થયા પહેલાં મેળવી લીધું હતું, પણ પછી તો એમણે આ પ્રત્યે સતત અને સંતત લક્ષ આપવા માંડેલું. ઇતિહાસ, સંશોધન, પુરાતત્ત્વ આદિની પોતાની અભિરૂચિને બહેલાવી તેમણે 'નાગરોત્પત્તિ', 'મેવાડના ગુહિલો', 'રાજા છબીલરામ બહાદુર' વગેરે ગ્રંથો લખ્યા. એ ઉપરાંત, સામયિકોમાં પણ અનેક લેખો લખેલા.

આમાં યે સંશોધનની દૃષ્ટિએ ઉત્કૃષ્ટ એવા 'અહુનવર નામનો સર્જનજૂનો મંત્ર'-એવિષેનું એમનું એક પુસ્તક એમની જ્ઞાનપર્યેષણાની ખરી પ્રતીતિરૂપ છે. પારસી ધર્મની સર્જન સંબંધેની અહુનવર ગાથા વિષે વૈદિક દૃષ્ટિએ ધાર્મિક અવલોકન અને વિવેચન કરતું એ એક અભ્યસનીય નાનકડું પુસ્તક છે.

આપણા ગાયત્રી મંત્રને ઘણે અંશે મળતા આવતા એ મંત્ર માટે અવસ્થાની ઝંદ ભાષાનો અભ્યાસએમણે પાંસઠ વર્ષની વયેઆરંભેલો. કૉલેજની ઉચ્ચ કેળવણીથી વંચિત છતાં એમણે લખેલું 'રાજા છબીલરામ બહાદુર'નું પુસ્તક મુંબાઈની વિદ્યાપીઠે એમ.એ.ના અભ્યાસ માટે નક્કી કરેલું. 'નાગરોત્પત્તિ' નિબંધ માટે તો દરેક નાગર એમનો ઋણી રહેશે. ભાવનગરની સનાતન હાઈસ્કૂલ સ્થાપવામાં પણ એમનો મુખ્ય ભાગ હતો. જ્ઞાતિ, કેળવણી, સમાજ અને ધર્મ પ્રત્યે એમને પુષ્કળ અનુરાગ હતો. સાતમી સાહિત્ય પરિષદ ભાવનગરમાં ભરાઈ અને યશસ્વી નીવડી એનું માન પણ એમની કાર્યક્ષમતાને જ જાય છે. એ ગુણે જ અગિયારમી સાહિત્ય પરિષદના ઉપપ્રમુખપદે એમની સુયોગ્ય વરણી થઈ હતી.

ઉત્તરાવસ્થામાં આંખે ઝાંખપ આવી ગયા છતાં તેઓ વેદ અને ગીતાનું અધ્યયન કરતા અને વેદમાંથી મળી આવતી ઐતિહાસિક હકીકતો સંઘર્યે જતા. તેના પરથી એમને એકાદ નિબંધ લખવાની ઇચ્છા હતી, પણ તે પૂરી થાય છે એ પહેલાં તે સત્યશોધક, ન્યાયબુદ્ધિ, નિરભિમાન અને નિખાલસતાભર્યા સાક્ષરનું ઈ. ૧૯૩૭ના ઑગસ્ટની ૧૯મી તારીખે વતન ભાવનગરમાં જ અવસાન થયું.

પ્રસંગવિશેષ : વરાળયંત્રથી ચાલતા જહાજ વડે પ્રથમ વાર આટલાંટિક પાર

વહાણ ચલાવવામાં વરાળયંત્રનો ઉપયોગ કરવાનો વિચાર આમ તો છેક ઈ. ૧૬૯૦માં ફ્રેંચ વિજ્ઞાની ડેનિસ પૅપિને રજૂ કર્યો હતો. ૧૭૩૬માં ગ્લાઉચેસ્ટર શાયર – ઇંગ્લંડના જૉનાથન હલ્સે વરાળયંત્રથી ચાલતી એક નાની હોડીનું પેટન્ટ લીધું; પણ પૂરતા આવકારને અભાવે એના સિદ્ધાંતનો ઉપયોગ જ ન થઈ શક્યો. ૧૭૭૫માં પારી(સ) નજીક સેન નદીમાં જે. સી. પેરીઅરે વરાળયંત્ર વડે ચાલતી એક હોડીનો પ્રયોગ કર્યો. હલેસાંને બદલે એમાં વરાળયંત્રથી ચાલતા એક ચક્ર-હલેસાંચક્રથી પાણી કપાતું. પણ આ દિશામાં ખરી સફળતા ૧૭૮૩માં મળી. 'પાયરોસ્કેફ' નામની ૧૪૮ ફૂટ લાંબી એ હોડીમાં વરાળયંત્રથી ચાલતાં ૧૩ ફૂટ મોટાં હલેસાંચક્રો હતાં. આમ, જુદા જુદા દેશોમાં આ દિશામાં ઘણા પ્રયત્નો થયા. પણ આ બધા પ્રયોગો તે તે દેશની નદીઓ કે વિશાળ સરોવરો પૂરતા મર્યાદિત હતા. વરાળયંત્રોથી ચાલતાં હલેસાંચક્રો વાળું, મહાસાગર પાર જનારું પ્રથમ જહાજ હતું 'સાવાનાહ'. લાકડાના બદનવાળું ૯૮ ફૂટ લાંબું એ જહાજ ઈ. ૧૮૧૮ની ૨૮મી માર્ચે ન્યૂ યૉર્કથી આટલાંટિક પાર કરી યૂરોપ આવવા નીકળ્યું. હલેસાંચક્રો ઉપરાંત એમાં ત્રણ કૂવાથંભો સાથે સઢની પણ હતા. મર્યાદિત જથ્થામાં બળતણ લઈ શકવાને કારણે ૨૮ દિવસની એની સફરમાં વરાળયંત્રનો લાભ તો માત્ર ૮૦ કલાક જ લઈ શકાયો હતો. પાણી કાપવા માટે હાથનાં હલેસાંનેસ્થાને યાંત્રિક હલેસાં વાપરવાનો ખ્યાલ જ આ બધી શોધો પાછળ હતો. હલેસાંને બદલે પંખા (પ્રોપેલર)નો ઉપયોગ તો છેક ૧૮૩૭માં શોધાયો. સાથોસાથ યોગ્ય લાકડાંની ખેંચને કારણે લોઢાનો ઉપયોગ પણ વિચારાવા લાગ્યો અને એ રીતે લોખંડી બદન તથા યાંત્રિક પંખા વડે ચાલતું પ્રથમ જહાજ 'ગ્રેટબ્રિટન' ઈ. ૧૮૪૩માં બ્રિસ્ટલમાં તૈયાર થયું હતું. નીચે આટલાંટિકની એ સફરમાં 'સાવાનાહ' દર્શાવ્યું છે.



જે તુજથી ના થઇ શકે, પ્રભુને એ જ ભળાવ,
પણિયારું નહિ પ્રભુ ભરે, ભરશી નદી તળાવ.

—દલપતરામ

પહેલા મહાયુદ્ધની સંધિ થઈ એ જ દિવસે (૧૯૧૮ના નવેમ્બરની ૧૧મીની બપોરે) કાળા સમુદ્રમાં બે જર્મન અને બ્રિટિશ સબમરીનો સામસામી આવી પડી. બંનેમાંથી એકેને તહનામાની ખબર ન હોઈ બંનેએ સામસામે ટૉર્પિડો ફેંકી, પણ બંને નિશાન ચૂકી ગઈ! સેબાસ્ટોપોલ પહોંચતાં બંને કપ્તાનોને સુલેહની ખબર પડી એટલે સામસામી સલામી આપી, એક બીજાની પત્નીને કાગળ લખ્યા હતા: 'બાનુ, મને બહુ આનંદ થાય છે આપના પતિનો પ્રાણ હું લઈ શક્યો નહિ!'

કહેવતોની કથા: 'જેવાં મિયાંનાં મરચાં, એવા બીબીનો વઘાર' – ગરીબ મિયાં સસ્તા ભાવે હલકાં મરચાં લાવી આપે પણ શાકનો સ્વાદ નવાબ જેવો માગે, તેને બીબી તરફથી ઉપલો ઉત્તર મળ્યો. એવા ટુચકા પર મંડાએલી આ કહેવતનો એક ભાવ અંગ્રેજીમાં જેને 'ટિટ ફૉર ટૅટ' કહે છે તેવો–'જેવા સાથે તેવા'નો છે. એને મળતી બીજી કહેવતો: 'મોં એવા તમાચા'; 'છાણના દેવને ખાસડાંની પૂજા'; 'મોં જોઈને ટીલું'; 'જેવા દેવ તેવા થાળ'; 'ઊંટના મોંને ઝાંખરાં'; 'ભૂંડા મોંને ભરડકું'; 'લાકડા પ્રમાણે છોડ'; 'વેવાઈ તેવો વિવાહ'; 'નકટીનો વર જોગી' વગેરે. બીજો ભાવ રોકાણના પ્રમાણમાં વળતર ઊતરે, એવા પ્રકારનો છે, જેને મળતી કહેવત 'ગોળ નાખો એટલું ગળ્યું થાય.'

અનેકાર્થી શબ્દ: કોર=કિનાર; કાંઠો; કળી; અણી; છાણાનો કટકો; શારડીના ચત્રમાં નીકળતો શિવલિંગ જેવો નક્કર ગાળ; પડખું (કોર વાળવી); (અંગ્રેજીમાં) સમૂહ, સૈનિકની ટુકડી; આમળ; બારીક સૂતરનું નવું દોરડું; અછૂતોમાં એક જાતિ; સ્ત્રીઓના નામમાં 'કુંવર'નો અપભ્રંશ (શિવકોર); ઢીંચણ, ખભા વગેરે અંગનો હાડકાંનો સાંધો (બૉલ ઍન્ડ સૉકેટ જૉઈન્ટ) જેમાં એક હાડકું ખાડાવાળું અને બીજું તેમાં બંધબેસતા દડા આકારના છેડાવાળું હોઈ છૂટથી ફરી શકે છે તે.

ગણિતગમ્મત: $૧૧^2 = ૧૨૧$

$૧૧૧^2 = ૧૨૩૨૧$

$૧૧૧૧^2 = ૧૨૩૪૩૨૧$


$૧૧૧૧૧^2 = ૧૨૩૪૫૪૩૨૧$

પેન્સિલનું ચિત્ર ચીતરીને તે પર દૂધ લગાડવાથી કાગળ ઉપર કાયમી બની જશે.



સળંગ એક જ રેખા વડે આલેખેલું ચિત્ર

નવા નુસખા



દોરાના ખાલી રીલમાંથી ઉપર બતાવ્યા મુજબનું સરસ રમકડું તમે થોડી જ મિનિટોમાં તૈયાર કરી શકો. રીલના બંને છેડાનાં કાણાં આગળ સાબુની બે પતરીઓ મૂકી, તેમાંથી કાણાં સોંસરી રબરની ચપટી દોરી પરોવીને તેને બેવડી કરો. પછી તેના એક છેડે આખી દીવાસળી તથા બીજે છેડે દીવાસળીનો એકાદ ટુકડો એ દોરીમાં પરોવી દો અને દોરી બરાબર ખેંચાઈ રહે એટલા વળ આપો. એટલે પત્યું. કોઈ પણ નાના સરખા ચઢાણ નજીક એને મૂકશો એટલે ટ્રૅક્ટરની પેઠે એ ચઢાણ તે ચઢી જશે. ચઢાણ વધારે સરળ બનાવવું હોય તો રીલની ધારોમાં થોડા આંકા પાડવા. ટ્રૅક્ટર વધુ ગતિમાન ન બની જાય તે માટે સાબૂના ટુકડા સાથે પરોવવા આવશ્યક છે.

મધમાખીને બે પેટ હોય છે અને કરચલાને બે નાક!



બેરિંગ સમુદ્રમાં પ્રિબિલૉફ ટાપુઓ પર દર વર્ષે પોતાના પ્રજજનકાળમાં લગભગ પંદર લાખ જેટલાં સીલ પ્રાણીઓ એકઠાં થાય છે.

હિંદની નદીઓ ને તેની લંબાઈ (માઈલમાં)

બ્રહ્મપુત્રા	૧,૬૯૦	સિંધુ	૧,૯૨૯
ગંગા	૧,૫૫૬	ગોદાવરી	૮૭૦
નર્મદા	૮૦૧	કૃષ્ણા	૬૮૦
જેલમ	૬૪૦	તાપી	૬૨૦


દુનિયામાં મોટામોટી રેલવે ટિકિટ કૅનેડિયન પૅસિફિક રેલવેએ મિસ એલિસ જૉન્સનના કૅનેડાના વ્યાખ્યાનપ્રવાસ પ્રસંગે તેને કાઢી આપેલી—૧૫ ફૂટ, ૧૧ ઇંચની!


ઈ. ૧૮૮૪માં સાઇકલનું, ૧૮૮૯માં પેટ્રોલથી ચાલતી મોટરનું, ૧૮૯૫માં રેડિયોનું અને ૧૯૦૩માં વિમાનનું પ્રથમ નિર્માણ થયું.

એક ચોરે એક માણસ સામે પિસ્તોલ ધરી ધમકી આપી: 'ખબરદાર, ખિસ્સામાં જે કંઈ હોય તે આપી દે. નહિતર...'

'નહિતર શું કરીશ?' પેલા માણસે પૂછ્યું.

'જો ભાઈ, આવો પ્રશ્ન કરી મને ગભરાવી ના માર. મારા ધંધાનો આ પહેલો દિવસ છે. માટે જલદી કર.'





કલાકણિકા: અગાઉ આપેલાં કલાત્મક કળકૂંચીના અનુસંધાનમાં ૧૭મી સદીની બે ચાવી

અમારાં અભિનવ પ્રકાશનો

નવલકથાઓ

શ્રી રમણલાલ વ. દેસાઈ

આંખ અને અંજન	૩-૫૦

*

શ્રી ઈશ્વર પેટલીકર

જય-પરાજય	૭-૫૦
ઋણાનુબંધ ભા. ૧-૨	૯-૦૦

*

શ્રી ગુણવંતરાય આચાર્ય

વાઘેલાયુગ ગ્રંથાવલિ પુસ્તક ૧ થી ૫	૨૫-૦૦
ગુજરાત ગ્રંથાવલિ પુસ્તક ૧ થી ૬	૩૦-૦૦
ભલે ઊગા ભાણ	૧૦-૦૦

*

શ્રી સારંગ બારોટ

સૂર્યમુખી	૧૦-૦૦
ચંદ્રગ્રહણ	૧૦-૫૦

*

શ્રી વિ. સ. ખાંડેકર

યયાતિ ભા. ૧-૨	૧૦-૦૦

*

શ્રી ગ. ત્ર્યં. માડખોલકર

સ્વપ્નાંતરિતા	૫-૫૦

*

શ્રી વૃંદાવનલાલ વર્મા

મૃગનયની ભા. ૧-૨	૯-૦૦

નવલિકાસંગ્રહો

શ્રી ઈશ્વર પેટલીકર

કઠપૂતળી	૪-૭૫

*

શ્રી સારંગ બારોટ

મેઘમલાર	૪-૭૫

*

વિ. સ. ખાંડેકર

પારિજાતક	૪-૭૫

*

પ્રા. અરવિંદ ગોખલે

નિષ્ઠા	૫-૭૫

*

શ્રી ઉપેન્દ્ર ત્રિવેદી

ઝેર તો પીધાં જાણી જાણી (નાટક)	૨-૦૦

*

શ્રી જીવરામ જોષી

આનંદ વાર્તાવલિ પુ-૮ (સાહસકથા)	૨૦-૦૦

*

શ્રી ગિરીશ ગણાત્રા

જ્ઞાન-વિજ્ઞાન ગ્રંથાવલિ પુસ્તક ૧ થી ૧૨ (વૈજ્ઞાનિક કથાઓ)	૭-૫૦

વિશિષ્ટ પ્રકાશનો

શ્રી રમણલાલ વ. દેસાઈ

ભારતીય સંસ્કૃતિ	૧૮-૦૦

શ્રી ઈશ્વર પેટલીકર

વિદ્યાનગરના વિશ્વકર્મા	૫-૦૦
પ્રસન્ન દામ્પત્ય	૭-૫૦

શ્રી સુંદરજી ગો. બેટાઈ

સુવર્ણમેઘ (વિવેચનો)	૬-૦૦

શ્રી સગુણાબેન મહેતા

અન્નપૂર્ણા (પાકશાસ્ત્ર)	૧૦-૦૦

શ્રી નીરાબેન દેસાઈ

ભારતીય સમાજમાં સ્ત્રીજીવન	૬-૫૦

સો રૂપિયાનાં પુસ્તકો લેનારને પચાસ રૂપિયાનાં પુસ્તકો ભેટ આપતી અમારી તદ્દન નવી જ અભૂતપૂર્વ યોજનાની વિગતવાર માહિતી માટે

—આજે જ સંપર્ક સાધો—

આર. આર. શેઠની કંપની
પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઈ-૨

આર. આર. શેઠની કંપની
ગાંધી રસ્તો, ફુવારા સામે, અમદાવાદ-૧

STATEMENT

of ownership and other particulars about the newspaper 'Kumar'

as required to be published under rule 8 of the Registration of Newspapers (Central) Rules 1956.

1. Place of Publication	Kumar Printery, 1454 Raipur, Ahmedabad-1
2. Periodicity of its Publication	Monthly
3. Printer's Name	Bachubhai P. Rawat (For Kumar Karyalaya Ltd.)
Nationality	Indian
Address	1454 Raipur, Ahmedabad-1
4. Publisher's Name	Bachubhai P. Rawat (For Kumar Karyalaya Ltd.)
Nationality	Indian
Address	1454 Raipur, Ahmedabad-1
5. Editor's Name	Bachubhai P. Rawat
Nationality	Indian
Address	1454 Raipur, Ahmedabad-1
6. Names and addresses of individuals who own the newspaper and partners or shareholders holding more than one percent of the total capital.	(1) Chinubhai C. Shah and Mangalagauri Chinubhai Shah, 22 B.N. Kapol Nivas, Vincent Road, Bombay-19 (2) Chhotalal Jivraj Sheth, 125 Medows Street, Bombay-1 (3) Chaitanyaprasad Motiilal Diwanji, 'Paradise', Shahibag, Ahmedabad-4 (4) Mahendrabh Shantilal Shah, Shahibag, Ahmedabad-4 (5) Champaklal Chunilal Banker, Kochrab, Opp. Kagdiwad, Ahmedabad-6 (6) Dhirendra Nanjibhai Mehta, Swastik Bhuvan, Uganda Road, Porbandar (7) Lady Tanumati Chinubhai, Shanti Kunj, Shahibag, Ahmedabad-4 (8) Parshuram Premshanker & Rameshchandra P. Raval, C/o Raval Bros., 185 Princess St., Bombay-2 (9) Isuf Abdu. Qaiyum Faizullabhai, Karim Bag, Athva Lines, Surat (10) Bhartiben Ramakant Mehta, Moti Mahal, Churchgate Reclamation, Bombay-1 (11) Rajratna Ramjibhai Hansraj Kamani, Parijatak Bungalow, New Colony, Jaipur (12) Bai Triveni, Widow of Pranjivan K. Desai, 47 C. P. Tank, Madhav Bag, Bombay-4 (13) Amritlal P. Trivedi, Mines Owner, Balaghat (M.P.) (14) Narendra Ravishanker Raval, Brahmin Mitra Mandal Society, Ahmedabad-6 (15) Gajendra Ravishanker Raval, Brahmin Mitra Mandal Society, Ahmedabad-6 (16) Kanak Ravishanker Raval, Brahmin Mitra Mandal Society, Ahmedabad-6 (17) Mrs. Rashmibala D. Trivedi & Miss Rajanibala K. Pandya, 587, 18th Road, Khar, Bombay-21 (18) Prabhudas Balubhai Patwari & Smt. Savita Prabhudas Patwari, 80 Parimal Society, Ahmedabad-6 (19) Girdharlal Damodardas, 'Prerana', Ambavadi, Ellis Bridge, Ahmedabad-6 (20) Janardan Pranshanker Raval, Mahashanker Bhuvan, Takhteshvar, Bhavnagar (21) Major Balvantrai J. Bhatt, Krishna Bag, Maninagar, Ahmedabad-8

I, Bachubhai P. Rawat, hereby declare that the particulars given above are true to the best of my knowledge and belief. Dated this 27th day of February 1965

Sd./ B. Rawat, Publisher



હંસને ચણ — કલાકાર: એસ. એન. ઘોષાલ

કલાકારો વાસ્તવદર્શનની પાર રહેલું જે સૌંદર્યતત્ત્વ જોતા હોય છે તેનું નિરૂપણ તે પોતપોતાની આગવી ને વિવિધ શૈલીએ કરે છે. તેમાં કોઈ ને કોઈ પ્રકારની રચનાબદ્ધતા ને લયાન્વિતતા તો હોય જ છે. એક કલાકારે લંડનના ઉદ્યાન (હાઇડ પાર્ક)માં હંસોને ચણ નાખતી નારી જોઈ, ને બીજાએ રંગમંચ પરની વિશાળ દૃશ્યરચનામાં વામણો લાગતો નટ જોયો, એ બંનેએ, પોતપોતાને લાધેલું સૌંદર્યસંવેદન પોતપોતાની રીતે જે અહીં રજૂ કર્યું છે તેમાં લયબદ્ધ ગૂંથણીનું પેલું મનોરમ તત્ત્વ વિલસી રહેલું જણાશે.



વામણો નટ — કલાકાર: હેમંત મિશ્ર

(નવી દિલ્હીની ફાઇન આર્ટ્સ ઍન્ડ ક્રાફ્ટ્સ સોસાએટીના સૌજન્યથી)